પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૦-૧૧-૨૦૨૪- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૯૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# મહારાષ્ટ્રમાં પ્રથમ ચાર કલાકમાં ૧૮.૧૪ ટકા મતદાન

## સવારે ૧૧ વાગ્ય સુધીમાં ગઢચિરોલીમાં સૌથી વધુ ૩૦ ટકા અને સૌથી ઓછું નાંદેડમાં ૧૩.૬૭ ટકા મતદાન

મુંબઈ,તા.૨૦

મુંબઈ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ૨૮૮ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. આ વિધાનસભા ચૂંટણીમાં ૬ મોટી પાર્ટીઓ બે ગઠબંધન સાથે ચૂંટણી લડી રહી છે, જ્યારે કુલ ૧૫૮ પાર્ટીઓ ચૂંટણી મેદાનમાં છે. મહારાષ્ટ્ર ચૂંટણી ૨૦૨૪માં સવારે ૧૧ વાગ્યા સુધી ૧૮.૧૪% મતદાન નોંધાયું હતું.

ગઢચિરોલીમાં સૌથી વધુ ૩૦.૦૦% અને સૌથી ઓછા નાંદેડમાં ૧૩.૬૭% મતદાન થયું હતું.

મહારાષ્ટ્રના સીએમ અને કોપરી-પચપાખાડી વિધાનસભા સીટ પરથી શિવસેનાના ઉમેદવાર એકનાથ શિંદેએ પોતાનો મત આપ્યો. મહારાષ્ટ્રના સીએમ અને કોપરી-પચપખાડી વિધાનસભા સીટ પરથી શિવસેનાના ઉમેદવાર એકનાથ શિંદેએ કહ્યું, "આજે લોકશાહીનો ઉત્સવ છે. દરેક વ્યક્તિએ મતદાન કરવું જોઈએ. તેનાથી દેશ મજબૂત બનશે... લોકોએ અઢી વર્ષનું અમારું કામ જોયું છે અને તેમનું પણ." અમે જોયું છે કે જે વિકાસ અટકી ગયો હતો, અમે તેને શરૂ કર્યો.ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ અક્ષય કુમાર રાજકુમાર રાવ, ફરહાન અખ્તર મતદાન કરવા આવ્યા હતા. સચિન તેંડુલકરે પણ પોતાના પરિવાર સાથે મુંબઈના મતદાન મથક પર પોતાનો મત આપ્યો હતો અને લોકોને ઘરની બહાર આવીને મતદાનની જવાબદારી નિભાવવાની અપીલ કરી હતી. દ્ગઝ્ર અજિત પવારના નેતા બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાને કહ્યું- પહેલીવાર હું એકલો વોટ આપવા આવ્યો છું, હું તેમની કબર પર ગયો હતો. પિતા મારી સાથે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત અગ્રણી નેતાઓના આક્રમક પ્રચાર પછી આજે મહારાષ્ટ્ર વિધાનસભાની તમામ ૨૮૮ બેઠકો તેમજ ઝારખંડની બીજા તબક્કાની ૩૮ બેઠકો માટે મતદાન શરૂ ગયું છે. ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સત્તા ટકાવી રાખવા તમામ પ્રયાસો કરી રહી છે ત્યારે કોંગ્રેસ, શિવસેના (ઉદ્ધવ) અને એનસીપી (શરદ પવાર)ની

અનુસંધાન પાના ૭ પર



## ઝારખંડમાં સવારે ૧૧ વાગ્યા સુધીમાં ૩૧.૩૭ ટકા મતદાન

### રાંચીની સિલ્લી બેઠક પર સૌથી વધુ ૩૭.૬૦ ટકા મતદાન નોંધાયું

નવી દિલ્હી,તા.૨૦

ઝારખંડમાં વિધાનસભા માટે બીજા અને છેલ્લા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. દિવસના ૧૧ વાગ્યા સુધી ૩૧.૩૭ ટકા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. સંથાલ પરગણાની મહેશપુર સીટ પર અત્યાર સુધીમાં સૌથી વધુ ૩૮.૩૫ ટકા મતદારોએ મતદાન કર્યું છે. સવારે ૧૧ વાગ્યા સુધી સૌથી વધુ મતદાન ધરાવતી બેઠકોમાં રાંચી જિલ્લામાં સિલ્લી (૩૭.૬૦), સરથ (૩૬.૮૬) અને દેવઘર જિલ્લામાં લિટ્ટીપારા (૩૪.૭૧)નો સમાવેશ થાય છે. સૌથી ઓછું મતદાન ધનબાદ શહેરી બેઠકમાં થયું હતું, જ્યાં સવારે ૧૧ વાગ્યા સુધી માત્ર ૨૧.૬૫ ટકા મતદારોએ જ મતદાન કર્યું હતું.દરમિયાન, દેવઘર જિલ્લાની માધુપુર વિધાનસભા સીટના બૂથ નંબર

અનુસંધાન પાના ૭ પર

## શરદ પવાર, મોહન ભાગવત , સચીન, અક્ષય કુમારે મતદાન કર્યું

### મતદાન ચાલુ દિવસે યોજાતા વહેલી સવારથી મતદાન કેન્દ્રોમાં લાઈનો લાગી

નવી દિલ્હી,તા.૨૦

દેશમાં રાજકીય રીતે અત્યંત પ્રતિષ્ઠાજનક મહારાષ્ટ્ર તથા ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીનું મતદાન શરૂ થયુ છે. મહારાષ્ટ્રની તમામ ૨૮૮ બેઠકો ઝારખંડમાં બીજા તબકકાની ૩૮ બેઠકો ઉપરાંત ચાર રાજયોની ૧૫ વિધાનસભા બેઠકોમાં પેટાચૂંટણી પણ યોજાઈ રહી છે. સજજડ સુરક્ષા વચ્ચે દિગ્ગજ નેતાઓએ વહેલી સવારમાં જ મતદાન કરી લીધુ હતુ.

બેઠકો માટે આજે એક જ તબકકામાં મતદાન યોજાઈ રહ્યું છે. ભાજપ, એકનાથ શિંદે તથા અજીત પવારવાળી મહાયુતિ સામે કોંગ્રેસ-શરદ પવાર અને ઉધ્ધવ ઠાકરેની મહાવિકાસ અઘાડીનો સીધો નિર્ણાયક જંગ રહ્યો છે.

આજે સવારથી મતદાન શરૂ થતાની સાથે જ મતદારો ઉત્સાહભેર ઉમટયા હતા અને ઠેકઠેકાણે લાઈનો જોવા મળી હતી, દિગ્ગજ નેતાઓ, ફિલ્મી સિતારા, ઉદ્યોગપતિઓ સહીતનાં સેલીબ્રીટીઓએ મતદાન કર્યુ હતુ.

સંઘવડા મોહન ભાગવત, શરદ પવાર, અજીત પવાર, સુપ્રિયા સુલે, સચીન તેંડુલકર, અક્ષયકુમાર, વગેરેએ મતદાન કર્યુ હતુ. રાજયની ૨૮૮ બેઠકો પર કુલ ૪૧૨૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે અને ૯.૭૦ કરોડ મતદારો આ ઉમેદવારોનું ભાવિ નકકી કરશે બસપા પણ ૨૩૭ બેઠકો પર ચૂંટણી લડી રહી છે.ઉપરાંત અન્ય નાના પક્ષો પણ મેદાનમાં છે.

વિધાનસભા ચૂંટણી મતદાન શાંતિપૂર્ણ રહે તે માટે રાજયભરમાં બે લાખ સુરક્ષા કર્મીઓનો જડબેસલાક બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. બીજી તરફ ઝારખંડમાં પણ બીજા તબકકાની બાકીની ૩૮ બેઠકો પર મતદાન યોજાય રહ્યું છે. રાજયમાં ભાજપ તથા સોરેનના જેએએમ વચ્ચે સીધો જંગ છે.રાજયમાં ચૂંટણી મતદાનનો પ્રથમ તબકકો ગત ૧૩મીના રોજ યોજાયો હતો.

આ સિવાય દેશનાં ચાર રાજયોમાં ૧૫ વિધાનસભા બેઠકો તથા એક લોકસભા બેઠક પર પણ પેટા ચૂંટણીનું મતદાન થઈ રહ્યું છે. ઉતરપ્રદેશમાં ૯ ઉપરાંત પંજાબમાં ચાર તથા ઉતરાખંડ-કેરળની ૧-૧ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી છે તેવી જ રીતે મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા બેઠક

અનુસંધાન પાના ૭ પર

## યુપીમાં પેટા ચૂંટણીના મતદાન વખતે મીરાપુરમાં પથ્થરમારો

### પંજાબમાં કોંગ્રેસ અને આપ સમર્થકો વચ્ચે મારામારી

નવી દિલ્હી,તા.૨૦

બુધવારે મહારાષ્ટ્ર અને ઝારખંડ અને નાંદેડ લોકસભા સીટ સાથે ૪ રાજ્યોની ૧૫ વિધાનસભા સીટ પર પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે.

પંજાબના ગુરદાસપુર જિલ્લાની ડેરા બાબા નાનક સીટ પર એક બૂથ પર મતદાન મામલે કોંગ્રેસ-આપ સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું છે. હાલ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. મામલો હવે શાંત છે

ઉત્તરપ્રદેશમાં, સપાએ આરોપ લગાવ્યો છે કે મૈનપુરી જિલ્લાની કરહલ વિધાનસભા સીટના એક બૂથ પરથી તેના એક સમર્થકને પોલીસ ઉઠાવી ગઈ છે. સપાના બૂથ એજન્ટોને ધમકાવવામાં આવી રહ્યા છે.મુઝફ્ફરપુર જિલ્લાના મીરાપુર કકરૌલીમાં મતદાન દરમિયાન ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. અહીં સપાએ પ્રશાસન પર ભાજપના ઉમેદવાર માટે કામ કરવાનો આરોપ લગાવ્યો છે.

કાનપુરની સિસામઉ સીટના ચમનગંજ વિસ્તારમાં પોલીસ અને RAFએ લોકોને દોડાવ્યા. સપા ધારાસભ્ય અમિતાભ વાજપેયીને કાનપુરમાં નજરકેદ કરવામાં આવ્યા છે. તેમના ઘરની બહાર પોલીસ

અનુસંધાન પાના ૭ પર

## જી-૨૦ શિખર પરિષદમાં જસ્ટીન ટુડો સામે મોદીએ જોયું પણ નહીં

### બાઈડન- મોદી હસતા હસતા વાત કરતા હતા ટુડો માત્ર જોતા રહ્યા

રીયો ડી જાનેરો,તા.૨૦

બ્રાઝીલના પાટનગર રીયો ડી જાનેરોમાં યોજાયેલી જી.૨૦ દેશોની શિખર પરિષદમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ જસ્ટીન ટુડો લગભગ સામસામા આવી ગયા હતા પણ મોદીએ ટુડોની સામે પણ જોયુ નહી અને આ રીતે ભારતની તીવ્ર નારાજગીનો પરિચય આપી દીધો હતો.

મોદી આ સંમેલનમાં હાજર દુનિયાભરના નેતાઓને મળ્યા પણ ટુડોની સાથે કોઈ મુલાકાત ગોઠવી ન હતી. શ્રી મોદીને મળવા વિશ્વ નેતાઓની કતાર લાગી હતી. નોર્વેના વડાપ્રધાન જોતાસ ગહર, કોરિયાના રાષ્ટ્રપતિ યુસુક યેઓલ, ઈટાલીના પીએમ જયોર્જીયા મેલોની પણ તેમાં સામેલ હતા પણ કેનેડાના વડાપ્રધાનને નજર અંદાજ કર્યા અને અધિકારી સ્તરે પણ કોઈ વાતચીત થઈ નહોતી.

જી.૨૦ની સાથે જોડાયેલો એક વિડીયો વાયરલ થઈ રહ્યું છે. જેમાં ફોટોસેશન સમયે અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન ખુબજ નજીક હતા. બાઈડને તો મોદીના ખભા પર હબ રાખીને વાતચીત કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

## તા. ૧ જાન્યુઆરીથી દરેક પ્રકારના સોનામાં હોલ માર્કીંગ ફરજીયાત

### સોનાના સંપૂર્ણ કારોબાર પર સરકાર વોચ રાખી રહેશે

નવી દિલ્હી,તા.૨૦

ગ્રાહકોને સોનું સંપૂર્ણ રીતે શુદ્ધ મળે તે માટે સરકાર દ્વારા તમામ પ્રકારના સોનામાં હોલમાર્ક નિયમ લાગુ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આયાત થતા સોના અથવા સોનાના વેપારી દ્વારા ખરીદાયેલ સોનામાં પણ હોલમાર્ક ફરજીયાત થશે.

કેન્દ્ર સરકારના સુત્રોએ જણાવ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૫ થી આ નવી વ્યવસ્થા લાગુ કરવાની તૈયારી છે. બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ દ્વારા સબંધિત પક્ષકારો સાથે બેઠક કરીને સર્વસંમતિ સાધી લેવામાં આવી છે. પ્રવર્તમાન નિયમો હેઠળ હાલ ગ્રાહકોને વેચાતા દાગીના સીકકા અને અન્ય કલાકૃતિઓ પર જ હોલમાક'ગ ફરજીયાત છે.

કેન્દ્ર સરકાર હવે સોનાના દરેકે દરેક વ્યવહાર-ખરીદ વેચાણમાં હોલમાક'ગ ફરજીયાત કરવા માંગે છે જેને કારણે નિયમોમાં મોટા ફેરફાર સંભવ છે. સુચિત બદલાવ અંતર્ગત આયાત થતા સોનાથી માંડીને જવેલર તથા સોનાના-હોલસેલ વેપારીઓ દ્વારા દેશમાંથી જ ખરીદાતા સોના પર પણ હોલમાર્ક અનિવાર્ય બનશે.દેશમાં ૧૪ કેરેટ, ૧૮ કેરેટ, ૨૨ કેરેટ ૨૩-૨૪ કેરેટથી બનેલા દાગીના તથા કલાકૃતિઓ પર હાલ હોલમાર્ક અનિવાર્ય છે. ૨૦૨૨ થી આ નિયમ અમલમાં છે. ગ્રાહકોને છેતરપીડીથી બચાવવા માટેનો સરકારનો ઉદેશ છે. હોલમાર્ક ધરાવતા દાગીનામાં વપરાયેલ સોનુ સંપૂર્ણ શુદ્ધ હોવાની ગેરંટી હોય છે.

અનુસંધાન પાના ૭ પર

## ફુકેતમાં ૧૦૦ ભારતીય યાત્રી ૮૦ કલાક ફસાયા

થાઈલેન્ડ,તા.૨૦

થાઈલેન્ડના ફુકેતમાં ૧૦૦થી વધુ ભારતીય યાત્રીઓ ૮૦ કલાક સુધી ફસાયેલાં રહ્યાં હતાં. આ મુસાફરો એર ઈન્ડિયાની ફ્લાઈટથી દિલ્હી પરત આવી રહ્યા હતા, પરંતુ ટેકનિકલ ખામીને લીધે વિમાન ઉડાણ ભરી શક્યું નહીં. છેલ્લાં અહેવાલ મુજબ ૩૦ મુસાફરો હજુ પણ ભારત પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. તેમને લેવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટની વ્યવસ્થા કરાઈ છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે દિલ્હી જઈ રહેલી ફ્લાઈટનું ત્રણ વાર ઉડ્ડયન ટળી ગયું હતું. એક વાર ઉડાણ ભર્યાના અઢી કલાકમાં જ વિમાન એરપોર્ટ પર પરત ફર્યું હતું.આ દરમિયાન, મુસાફરોએ સોશિયલ મીડિયા પર પોતાની

અનુસંધાન પાના ૭ પર

## વાહનોથી સર્જાતા પ્રદૂષણમાં સમગ્ર દેશમાં મુંબઈ ટોચ પર

### વિશ્વના ૧૦૦ સૌથી પ્રદુષિત શહેરોમાં ભારતના ૩૯નો સમાવેશ

નવી દિલ્હી,તા.૨૦

દેશનું પાટનગર પ્રદુષણની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે અને હવે સરકારી કચેરીઓમાં પણ અડધાથી વધુ સ્ટાફને વર્ક ફ્રોમ હોમની સૂચના આપવી પડી છે પણ ફકત દિલ્હી જ નહી. દેશના મોટાભાગના મહાનગરો, શહેરો પ્રદુષણથી ઘેરાઈ રહ્યું છે. હાલમાં જ વિશ્ર્વના ૧૦૦ સૌથી વધુ પ્રદુષીત શહેરોની જે યાદી જાહેર થઈ છે તેમાં કોઈ ભારતના હોવાનો વિસ્ફોટ થયો છે.

દિલ્હીમાં તો પ્રદુષણનો આંક ૫૦૦ને આંકને વળોટી ગયો છે જે અત્યાર સુધીનો એક મોટો રેકોર્ડ છે પણ સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સના ગ્લોબલ મોબીલીટી વેબ પ્રેઝન્ટેશનમાં ભારતના આ ૩૯ શહેરોની યાદી અપાઈ છે.

ભારત બાદ ચીનમાં સૌથી વધુ પ્રદુષણ છે અને ૩૯ શહેરો આ યાદીમાં છે. જયારે પાકિસ્તાન આ યાદીમાં ત્રીજા સ્થાને છે અને બાંગ્લાદેશ તથા નેપાળ પણ ટોપ પાંચમાં સામેલ છે. આમ વિશ્વના સૌથી પ્રદુષિત ૧૦૦ શહેરોમાં ૫૦%થી વધુ તો ભારતીય ઉપખંડમાં છે.

અનુસંધાન પાના ૭ પર

## નવા મંત્રીઓની પસંદગીના મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પની ટીમમાં ઘમાસાણ

### એલન મસ્ક ડીનર ટેબલ પર અન્ય નેતાઓ સાથે બાખડી પડયાં

નવી દિલ્હી,તા.૨૦

અમેરિકાના નવ નિયુકત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હજુ શપથ લીધા નથી પરંતુ તેમની ટીમમાં ઘમાસાણના સમાચાર સામે આવવા લાગ્યા છે. ટેક અબજપતિ અને સ્પેસએક્સના માલિક એલન મસ્ક અને ટ્રમ્પના જૂના સાથી અને સલાહકાર બોરિસ એપ્સટેન વચ્ચે વિવાદ ઊભો થઈ ગયો છે. આ વિવાદ મંત્રીઓની પસંદગીને લઈને થયો છે.બંને વચ્ચે તણાવ એ હદે વધી ગયો હતો કે ડિનર ટેબલ પર જ બંને ઝઘડી પડ્યા હતા.

રાષ્ટ્રપતિ ચૂંટણી બાદથી એલન મસ્ક ઘણો જ પાવરફુલ જોવા મળી રહ્યો છે. તે હવે મોટા ભાગે ડોનાલ્ડ ટ્રમ્પની સાથે જ જોવા મળે છે. જે વાત ટ્રમ્પના જૂના અને વિશ્વાસુ સાથીને પસંદ નથી પડી રહી. મસ્કના ઝડપથી વધતા કદમથી જૂના લોકો પરેશાન છે, જે પોતાને અલગ અનુભવી રહ્યાં છે. નવી સરકારમાં પણ એલન મસ્કને કોઈ નવી અને પ્રભાવશાળી ભૂમિકા મળશે તેવું લોકો માની રહ્યાં છે.

રિપોર્ટ મુજબ આ વિવાદ ગત સપ્તાહે માર-એ-લાગોની એક ક્લબમાં ડિનર દરમિયાન જોવા મળ્યો. ડિનર ટેબલ પર વિવાદ ત્યારે ઊભો થયો જ્યારે મસ્કે બોરિસ એમ્સટેનનો વિરોધ કર્યો. બોરિસ એપ્સટેને જ કથિત રીતે વિવાદાસ્પદ મેટ ગેટ્ઝને એટોર્ની જનરલના પદ પર નિયુક્ત કરવા માટે ટ્રમ્પને મનાવ્યા હતા.

રિપોર્ટમાં દાવો કરાયો કે, મસ્કે આ મુદ્દે સવાલ ઉઠાવ્યો હતો કે ટ્રમ્પ

અનુસંધાન પાના ૭ પર

## રૂ. ત્રણ લાખ સુધીની બેડ લોનના પ્રમાણમાં વધારો

### સ્મોલ તથા મોટી બેંકોમાં ઓછા રકમની લોનનું એનપીએ વધી ગયું

નવી દિલ્હી,તા.૨૦

દેશમાં સ્મોલ બેન્ક તથા ખાનગી બેન્કો દ્વારા ઉંચા વ્યાજદરથી તેને નફો કમાવવા જે રીતે માઈક્રોફાયનાન્સને વેગ આપવામાં આવ્યો હતો પણ હવે તેના નોન પર્ફોમીંગ એસેટસ (એનપીએ)માં પણ રહેલા વધારાએ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની ચિંતા વધારી દીધી છે.

માઈક્રોફાયનાન્સમાં બેડલોનનું પ્રમાણ ૧૮ માસના સૌથી ઉંચા ૧૧.૬% એ પહોંચ્યુ છે. સ્મોલ ફાયનાન્સ બેન્કોને તેનાથી સૌથી વધુ સહન કરવું પડશે તેવા સંકેત છે. દેશમાં નવી પ્રારંભ થયેલી આઈડીએફસી ફસ્ટ, બંધન બેન્ક, એયુ સ્મોલ ફાયનાન્સ, આરબીએલ ઉપરાંત ઈન્ડસીન્ડ બેન્કમાં આ એનપીએનું પ્રમાણ ઉંચુ જોવા મળ્યુ છે. જો કે હજું નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓના આંકડા આપવાના બાકી છે.

અનુસંધાન પાના ૭ પર

## તિરુપતિ બાલાજી મંદિર ટ્રસ્ટ બિન હિન્દુ કર્મચારીઓની છટણી કરશે

### બિન હિન્દુ કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિની ઓફર

નવી દિલ્હી,તા.૨૦

તિરુપતિ બાલાજી મંદિરના ટ્રસ્ટ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તિરુપતિ બાલાજી ટ્રસ્ટમાંથી હવે બિન-હિન્દુ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે.TTD એ બોર્ડમાં કામ કરતા બિન-હિન્દુઓને કાં તો સ્વૈચ્છિક નિવૃત્તિ (VRS) લેવા અથવા આંધ્ર પ્રદેશમાં અન્ય સરકારી વિભાગોમાં ટ્રાન્સફર કરવાનું પસંદ કરવા માટે એક ઠરાવ પસાર કર્યો છે.

બોર્ડના અધ્યક્ષ બીઆર નાયડુએ મંગળવારે જણાવ્યું હતું કે, તેઓએ TTDમાં બિન-હિન્દુ કર્મચારીઓની ઓળખ કરી છે અને તેઓને VRS લેવા અથવા અન્ય સરકારી વિભાગોમાં ટ્રાન્સફર કરવા વિનંતી કરશે.ટીટીડીના ચેરમેને કહ્યું કે, મેં સોમવારે બોર્ડમાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો. બોર્ડે સર્વાનુમતે સ્વીકાર્યું છે. ભાજપ સાંસદ અને આંધ્ર પ્રદેશના ભાજપ અધ્યક્ષ ડી પુરંદેશ્વરીએ મંદિરમાંથી બિન-હિન્દુ કર્મચારીઓને દૂર કરવાના TTD બોર્ડના પ્રસ્તાવને આવકારતા તેને ખૂબ જ સારો નિર્ણય ગણાવ્યો હતો.તેમણે કહ્યું હતું કે, હિંદુ ધર્મ પ્રત્યે આદરનો અભાવ ધરાવતા લોકો જો મંદિરોમાં ભૂમિકા મેળવે તો તેમની જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવી શકતા નથી. કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ ટીટીડીના નિર્ણયને આવકારતા કહ્યું કે, બિન-હિન્દુ કર્મચારીઓને આંધ્રપ્રદેશમાં અન્ય સ્થળોએ પોસ્ટ કરવા જોઈએ.

# સુરતની તમામ સરકારી કચેરીમાં વૉટર હાર્વેસ્ટિંગ યોજના અમલી



## સરકારી કચેરીઓમાં વૉટર હાર્વેસ્ટિંગ સીસ્ટમ પ્રસ્થાપિત કરવાના આયોજન માટે બેઠક

સુરત, તા.૨૦

સુરત શહેર-જિલ્લામાં આવેલી તમામ સરકારી કચેરીઓમાં ૧૦૦% વોટર હાર્વેસ્ટિંગ સુવિધા સ્થાપિત કરવા અંગે જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. કેન્દ્ર સરકારના જળશકિત મંત્રાલયના નિર્દેશ અનુસાર જિલ્લા કલેકટરશ્રીએ તા.૧૫થી તા.૩૧ ડિસેમ્બર દરમિયાન તમામ કચેરીઓમાં જળસંચયના ટ્રકચર્સ ઊભા કરવા અધિકારીઓને સુચના આપી હતી.

આગામી બે દિવસમાં સરકારી કચેરીઓની તમામ મિલકતોનું સર્વેક્ષણ કરીને જરૂરી માહિતી એકત્ર કરવા કરીને સરકારી મિલકતોમાં વોટર હાર્વેસ્ટિંગનો પ્રોજેક્ટ પુર્ણ કરી તા.૩૧ ડિસેમ્બર સુધી કામગીરીનો ડેટા ફોટો સાથે પોર્ટલ પર અપલોડ કરવાની હિમાયત કરી હતી.

વધુમાં તેમણે કહ્યું કે, જિલ્લામાં પ્રથમ તબક્કામાં સરકારી કચેરીઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયા બાદ, બીજા તબક્કામાં ઔધોગિક એકમો અને નોટીફાઈડ એરિયામાં પણ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રકચર્સ સ્થાપવા માટે આયોજન હાથ ધરાશે. નોંધનીય છે કે, આ વોટર હાવેસ્ટીંગનું સ્ટ્રકચર ડિઝાઈન મુજબ રૂ.૧૨થી ૧૫ હજારમાં થાય છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી સહિત પ્રાંત અધિકારીઓ અને અન્ય કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોટરસાયકલના પસંદગીના નંબરોની ઈ-હરાજી કરાશે

સુરત, તા.૨૦

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા M/cycleનાં GJ-05 TM સિરીઝના પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું ઓનલાઈન ઓક્શન શરૂ કરવામાં આવશે. આ માટે રજિસ્ટ્રેશન તા.૨૬ થી ૨૮ નવેમ્બર રોજ સુધી થશે. જ્યારે હરાજી તા.૨૮ થી ૩૦ નવેમ્બર દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી.અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં

અનુસંધાન પાના ૭ પર

# બ્રાઝિલમાં યુ-૨૦ રીયો મેયર સમિટમાં સુરતના મેયર દક્ષેશ માવાણીનું વકતવ્ય

સુરત, તા.૨૦

બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીઝ ધ્વારા તા.૧૪ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ દરમ્યાન બ્રાઝિલના રીઓ-ડી-જાનેરો ખાતે ૨૦૨૪ યુ-૨૦ રીયો મેયર્સ સમિટનું આયોજન કરવામાં આવેલ. જે સમિટમાં આમંત્રિત સુરત મહાનગપાલિકા તરફથી બ્રાઝિલ ખાતે સુરત શહેરના પ્રથમ નાગરિક માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી સહભાગી બન્યા હતા.

જે સમિટમાં માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ પોતાનું વકતવ્ય રજુ કરતા જણાવ્યું હતું કે ભારતનું આઠમું સૌથી મોટું શહેર



અને વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા શહેરી કેન્દ્રોમાંનું એક સુરતનું પ્રતિનિધિત્વ કરવું એ સન્માનની વાત છે. સુરત શહેરી ઈનોવેશન અને ટકાઉપણુંમાં મોખરે રહ્યું છે, જેના કારણે આ પ્રતિષ્ઠિત મેયર કોન્ફરન્સમાં આમંત્રિત કરાયેલું ભારતનું એકમાત્ર શહેર છે. સુરત તેના મજબૂત શહેરી આયોજન અને માળખાકીય વિકાસ માટે જાણીતું છે. શહેરે તેના તૃતીય ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ટકાઉ જળ વ્યવસ્થાપનની પહેલ કરી છે, જે ઔદ્યોગિક ઉપયોગ માટે ગંદા પાણીને રિસાયકલ કરે છે. આ પહેલ મારફત વાર્ષિક

અનુસંધાન પાના ૭ પર

## સુરત ગંદુપાણી ટ્રીટ કરી વર્ષે ૧૭ મિલિયન ડૉલરની આવક મેળવે છેઃ માવાણી

# લિંબાયત ઝોન દ્વારા તબેલા તથા ધાર્મિક દબાણ પણ નાબુદ કરાયું

સુરત, તા.૨૦

ગત તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી. સ્કીમ નં.૪૦(લિંબાયત-ડિંડોલી), ફા.પ્લોટ નં ૬૯ માં આવેલ શાંતિનગર-૨ ના સબ પ્લોટ નં.૦૧ પાસે આવેલ ખુલ્લી જગ્યામાં તથા લાગુ ફા.પ્લોટ નં.૫૯ માં આવેલ આસપાસ નગરની ખુલ્લી જગ્યામાં દબાણો કરી અનઅધિકૃત તથા ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલ તબેલાનો શેડ અંદાજીત ૬૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે અને તબેલાનું ન્યુસન્સ દુર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોનના ડે. કમિશનરશ્રીના સીધા માર્ગ દર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ શહેર વિકાસ વિભાગના સંલગ્ન સ્ટાફ, માર્કેટ ખાતાના સંલગ્ન સ્ટાફ તથા દબાણ વિભાગનો સ્ટાફ અને પોલીસ તથા સિક્યુરીટી સ્ટાફ સાથે મળી સંયુક્ત રીતે કરવામાં આવેલ છે.

આજ તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ સુરત મહાનગર પાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફાઈનલ ટી.પી સ્કીમ નંબર-૩૯ (ઉધના-લિંબાયત), લિંબાયત, મહાપ્રભુનગર સોસાયટી પાસે લોકલ કોમર્શિયલના હેતુ માટે ટી.પી. સ્કીમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાને વિકાસના કામો કરવા અર્થે ઉપ્લબ્ધ થયેલ અનામત અંતિમ ખંડ નં. ૧૧૫ માં અંદાજીત ૨૦ ચો.ફુટ વિસ્તારમાં હયાત ધાર્મિક દબાણનું બાંધકામ દુર કરવામાં આવેલ છે અને ફાઈનલ ટી.પી સ્કીમનું

અનુસંધાન પાના ૭ પર

## શાંતિનગર તથા મહાપ્રભુનગરમાં ઓપરેશન ડીમોલીશન

# સુરત શહેરમાં ફાયર સેફટી અંગે સંખ્યાબંધ હોટલો અને જીમ સીલ

## કોમર્શીયલ ઈમારતોમાં ફાયર સેફ્ટી અંગે ઝુંબેશ

સુરત, તા.૨૦

સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા સુરત મહાનગર પાલિકાના વિવિધ ઝોન વિસ્તારોમાં આવેલ ઈમારત જેવી કે હોસ્પિટલ, હોટલ, જીમ, કોમર્શિયલ ઈમારત વિગેરે માં અપૂરતી ફાયર સિસ્ટમ હોય, ફાયર સિસ્ટમ કાર્યરત ના હોય તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ રાત્રી દરમ્યાન જાહેર સલામતી ને ધ્યાને લેતા તાકીદ ની અસર થી સીલ કરવામાં આવેલ છે. જેમાં (૧) હેરિટેજ રૂમ્સ, ચોથો માળ, સફલ સ્કવેર વેસુ, સુરત માં ૦૮ રૂમ સીલ કરેલ. (૨) રાધે રાધે રૂમ, શોપ નં. એસ-૭, ચોથો માળ, સફલ સ્કવેર વેસુ, સુરત માં ૦૪ રૂમ સીલ કરેલ. (૩) ઓયો રૂમ્સ, શોપ નં. એસ-૯, ચોથો માળ, સફલ સ્કવેર વેસુ, સુરત માં ૦૮ રૂમ સીલ કરેલ. (૪) હોટલ હેપ્પી સ્ટે, બીજો માળ, સફલ સ્કવેર વેસુ, સુરત માં ૦૭ રૂમ સીલ કરેલ. (૫) સફળ રૂમ, એસ-૧ થી એસ-૯, ચોથો માળ, સફલ સ્કવેર વેસુ, સુરત માં ૦૮ રૂમ સીલ કરેલ. (૬) હેરિટેજ રૂમ્સ, શોપ નં.-૮, ચોથો માળ, સફલ સ્કવેર વેસુ, સુરત માં ૦૩ રૂમ સીલ કરેલ તથા ઉધના ઝોન એ

અનુસંધાન પાના ૭ પર



# વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે જિલ્લા વૉટર એન્ડ સેનિટેશન મિશનની બેઠક

## શૌચાલયોની ઉપયોગીતા માટે શ્રેષ્ઠ કામગીરી કરનારી પંચાયતોના સરપંચોનું સન્માન

સુરત, તા.૨૦

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લા વોટર એન્ડ સેનિટેશન મિશનની બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રીમતી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત કચેરીના સભાખંડમાં મળી હતી.

તા.૧૯મી નવેમ્બર વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે જિલ્લામાં વ્યકિતગત તથા સામુદાયિક શૌચાલયોની ઉપયોગીતા માટે શ્રેષ્ઠ કામગીરી કરનારી ગ્રામ પંચાયતોના સરપંચોને હજીરાના સરપંચ મધુબેન રાઠોડ, વાસવાના સરપંચ કૈલાસબેન રાઠોડ, બરબોધનના સરપંચશ્રી દિશાંત પટેલ તથા સેવણીના અશોકભાઈ રાઠોડનું જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન તથા વ્યકિતગત શૌચાલયના મજુરીપત્રો લાભાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા.

બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એમ. બી.પ્રજાપતિએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આપણુ શૌચાલય




આપણું સન્માનની થીમ પર આગામી તા.૧૯ નવેમ્બર થી તા.૧૦ ડિસેમ્બર દરમિયાન જે તે ગામોના બંધ હાલતમાં હોય તેવા વ્યકિતગત તથા સામુહિક શૌચાલયોની ઓળખ કરીને ફરી શરૂ થાય, કોઈ શૌચાલયોમાં પાણીની જરૂરીયાત હોય, વીજ કનેકશન, સફાઈ જેવી વ્યવસ્થાઓ કરી પુનઃકાર્યરત થાય તે માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલય નિર્માણ માટે બાકી રહેલા લાભાર્થીઓની ઓળખ કરીને શિબિરનું આયોજન હાથ ધરવામાં આવશે. બીજા તબક્કામાં તા.૨૦થી ૫મી ડિસેમ્બર દરમિયાન હયાત શૌચાલયોમાં આધુનિક બનાવવા, લિકેજને વ્યવસ્થિત કરવા, શૌચાલયોમાં રંગરોગાન, ઈકો-ફ્રેન્ડલી સફાઈ પધ્ધતિઓનો ઉપયોગ કરીને સી.એસ.સી. અને સંસ્થાકીય શૌચાલયો માટે સફાઈ ડ્રાઈવ સહિત શૌચાલયોને વધુ ઉપયોગી બનાવવા માટેની જાગૃતિલક્ષી

અનુસંધાન પાના ૭ પર

# સુરત આરટીઓમાં મોટર કાર માટે પસંદગીના નંબરો મળશે

## તા.૨૬થી ૨૮ નવેમ્બર સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત, તા.૨૦

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા દ્વારા ન્સ્ફ(મોટર કાર) સીરીઝનાં ગોલ્ડન અને સિલ્વર નંબરો સિરીઝ GJ05RN, GJ05RP, GJ05RQ, GJ05RS, GJ05RT, GJ05RU, GJ05RV, GJ05RW, GJ05RX, GJ05RY, GJ05RZનું રિ-ઓક્સન થશે. જે માટે રજિસ્ટ્રેશન તા.૨૬ થી ૨૮ નવેમ્બર સુધી અને હરાજી તા. ૨૮ થી ૩૦ નવેમ્બર દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/ parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી.અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે.

અનુસંધાન પાના ૭ પર



# સુરત જિલ્લા કલેક્ટર ડૉ.પારધી ઈસર ગ્રામ પંચાયતની મુલાકાતે

સુરત, તા.૨૦

સુરત જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધીએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઈસર ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગ્રામજનોએ વિવિધ પ્રશ્નોની રજુઆતો કરી હતી. જેમાં ડામરના રસ્તો, કોઝવે, ડેમ વિસ્તારના ખેડૂતોના પ્રશ્નો, સરકારી પડતર જમીન નીમ કરવા જેવા પ્રશ્નોની રજુઆતો કરી હતી.

અનુસંધાન પાના ૭ પર



# આસીસ્ટ ડ્રેસ મેકર્સની ૨૫ બહેનોએ મેળવેલી તાલીમ

સુરત, તા.૨૦

ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે જન શિક્ષણ સંસ્થાના સહયોગથી આસીસ્ટ ડ્રેસ મેકર્સ ની રોજગાર લક્ષી તાલીમનો કોર્સ ત્રણ મહિનાથી કાર્યરત હતો જેમાં ૨૫ જેટલી બહેનોએ ભારત સરકારના સ્કીલ ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત આસીસ્ટ ડ્રેસ મેકર્સની તાલીમ મેળવી હતી. આજરોજ સંસ્થાના કાર્યાલય ખાતે ઉત્થાન ટ્રસ્ટના પ્રમુખ શ્રી પરેશ મેવાડા ,જેએસએસ ના સુપરવાઈઝરશ્રીમતી ગીતા સોલંકી તેમજ નિરીક્ષક શ્રીમતી નીતા બારશાકવાલા તેમજ અમિતાબેન રાણા વગેરેની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક પરીક્ષા આપી તમામ બહેનોએ વિદાય લીધી હતી .સંસ્થાના પ્રમુખશ્રીએ તમામ તાલીમાર્થી બહેનોને શુભેચ્છા પાઠવી જીવનમાં આત્મનિર્ભર બનવા જણાવ્યું હતું

# રેશન કાર્ડના KYC માટે લાંબી લાંબી લાઇનો નિવારવા રજુઆત

સુરત, તા.૨૦

સુરત શહેરના પુણા સહિત વિવિધ વિસ્તારોમાં આવેલ પુરવઠા વિભાગની કચેરીઓમાં હાલમાં સવારથી લાઈનો લાગી રહી છે જેથી રાજય સરકાર દ્વારા નિયત કરેલ સમયમર્યાદામાં રાશન કાર્ડના KYCની કામગીરી કરી શકાય. જે બાબતે વિપક્ષ નેતા પાયલ સાકરીયા, પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરી, ઉપનેતા મહેશભાઈ અણઘણ, વિપક્ષ દંડક રચનાબેન હિરપરા અને કોર્પોરેટર શોભનાબેન કેવડિયા સહીત 'આપ' ના પદાધિકારીઓએ આજે સુરત જિલ્લા કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારીને રૂબરૂ મળી આવેદન આપતાં જણાવ્યું હતું કે, ૩ દાયકાથી વધુ સમયથી સત્તા ભોગવી રહેલ બિનસંવેદનશીલ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં મોટાભાગના શિક્ષિત યુવકો માટે વિવિધ પંચાયતો,પાલિકાઓ તથા રાજય સરકાર હસ્તકની કચેરીઓમાં ભરતીઓ બંધ કરવામાં આવેલ હોય મોટાભાગની કચેરીઓમાં સ્ટાફની

## સ્ટાફની અછતના કારણે આમ જનતાને ભારે હાલાકી

અછત વર્તાય છે તેમજ જે સ્ટાફ છે તે પણ સમયસર ઓફિસની કામગીરીમાં જોતરાતો ન હોય ટાઉટ પ્રથાને આધારે મોટાભાગની રાજય સરકારશ્રીની કચેરીઓ ચાલી રહેલ છે પરિણામે ટાઉટો/એજન્ટો/દલાલો વગર પ્રજાને કામ કરવામાં અત્યંત કપરી સહનશકિત અને સમયના વેડફાટ વાળી સંવેદનશીલ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તેમ છતાં વિવિધ જે તે વિસ્તારના ધારાસભ્યોના પેટનું પાણી નથી હલતું., પરિણામે પ્રજાએ સરકારશ્રી સમયાંતરે બહાર પાડવામાં આવતા વિવિધ કામોની સમયમર્યાદામાં કામો કરવા પોતાના કમાણીના પૈસાનો પ્રસાદ ટાઉટો મારફત સરકારશ્રીના અધિકારીઓ/કર્મચારીઓને ધરવો પડી રહેલ છે અને આમને આમ સરકારનો વિકાસ પ્રજાને માથે ચઢીને પ્રજાને ધકકા ખાવા અને લાઈનોમાં ઉભા રહેવાથી બચવા ટાઉટો મારફત કામો કરાવવા ફરજ પાડી રહેલ છે.

આજરોજ વિપક્ષ નેતા પાયલ સાકરીયા સહિત ઉપનેતા મહેશભાઈ અણઘણ તેમજ સ્થાનિક નગરસેવક શોભનાબેન કેવડીયા દ્વારા અંદાજે ૧૦ લાખની વસ્તી માટે ફાળવેલ પુણા પુરવઠા વિભાગની

અનુસંધાન પાના ૭ પર

# સરકારી કચેરીમાં ટાઉટો માટે પ્રવેશબંધી કરોઃ પાયલ સાકરીયા

પાયલ સાકરીયાએ કલેક્ટરને વધુમાં જણાવ્યું હતું કે, વિવિધ પુરવઠા કચેરીઓની સામે અરજીઓ પર કામગીરી કરતા ટાઉટોને જાહેર રોડ પરથી દુર કરવા અને તેમનો કચેરી પ્રવેશ બંધ કરવા જરૂરી આદેશ બહાર પાડવા તથા તેના ઉલ્લંઘન બદલ દાખલારૂપ કાર્યવાહી હાથ ધરી થઈ રહેલ વહીવટી અનિમિયતતાઓ પર અંકુશ મેળવવા વિનંતી કરી હતી. વધુમાં, વિવિધ પુરવઠા કચેરીઓમાં લોકોના રાશનકાર્ડમાં આધારકાર્ડમાં હયાત લીક થયેલ આધારકાર્ડ અન્ય લોકોના હોવાનું ધ્યાને આવેલ છે તેમજ ઘણાં આધારકાર્ડ નંબર ખોટા હોવા છતાં લીક થયેલ છે જે એક ગંભીર ક્ષતિ હોય

અનુસંધાન પાના ૭ પર

## ટાઉટો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ

# ફાર્મર રજીસ્ટ્રી થકી ખેડૂતોને આઈડીની યુનિક ઓળખ મળશે

## વિવિધ યોજનાઓમાં સરળતાથી ખેડૂતોના સત્યાપન થકી લાભ મળી શકશે

ભરૂચ, તા.૨૦

ભારત અને ગુજરાત સરકારશ્રીના સંયુકત પ્રયાસ થકી રાજ્યમાં ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ પહેલ તરીકે ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. આ સિસ્ટમ હેઠળ દરેક ખેડૂત માટે અગિયાર અંકોની એક યુનિક ફાર્મર આઈડી (ફાર્મર આઈડી) બનાવવામાં આવશે. આ નોંધણી વન ઈન લાઈફ ટાઈમ (જીવન પર્યંત એક જ વાર) કરાવવાની રહે છે.


ફાર્મર રજીસ્ટ્રી (ખેડૂત નોંધણી)ના ફાયદાઓઃ ફાર્મર રજીસ્ટ્રી થકી ખેડૂતોને આધાર નંબરની જેમ પોતાની ખેડૂત આઈડી થકી યુનિક ઓળખાણ મળશે. આ ખેડૂત નોંધણીથી ભવિષ્યમાં કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓમાં સરળતાથી ખેડૂતોના સત્યાપન થકી લાભ મળી શકશે. આ આઈડી થકી ખેતીવાડી અને ધિરાણ સબંધી લાભો સરળ રીતે મળી શકશે. આગામી સમયમાં કેન્દ્ર સરકારશ્રીની ખેડૂતલક્ષી તમામ યોજનાઓ જેમ કે (૧) પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના (૨) લઘુત્તમ ટેકાના ભાવની યોજના (૩) કિસાન ક્રેડીટ કાર્ડની

અનુસંધાન પાના ૭ પર

# કામલ નર્સિંગ કોલેજ બોગસ હોવાનો ચૈતર વસાવાનો આરોપ

રાજપીપળા, તા.૨૦

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા અમે ગુજરાત સરકારને અને રાજપીપળા વહીવટી તંત્રને માં કામલ ફાઉન્ડેશનની જે બોગસ નર્સિંગ કોલેજ ચાલી રહી છે તે બાબતે રજૂઆત કરી હતી. ત્યારબાદ GMERSના તબીબી અધિક્ષકે એ નર્સિંગ કોલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી. એમની આ રૂબરૂ મુલાકાતમાં ગંભીર બેદરકારીઓ સામે આવી હતી. તેમણે લેખિત જવાબમાં જણાવ્યું છે કે આ સંસ્થા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને ગુજરાત સરકાર અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદના નીતિ નિયમો અનુસાર માન્યતા



## કેટલાંક નેતાઓ આ બોગસ કોલેજને બચાવવા માટે ષડયંત્ર રચી રહ્યાં છેઃ ચૈતર વસાવા

પ્રાપ્ત નથી. જેથી આ સંસ્થા સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી સ્ટાફ નર્સની ભરતી માટે અમાન્ય છે. તેમજ અહીંના વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પણ પાત્રતા ધરાવતા નથી. તથા આ વિદ્યાર્થીઓ ખાનગી સંસ્થામાં સ્ટાફ નર્સ તરીકે પણ ફરજ બજાવવા માટે યોગ્યતા ધરાવતા નથી.

તમે જોઈ શકો છો કે કોઈપણ પ્રકારની સરકારની પરવાનગી લીધા વગર છેલ્લા ૨૦ વર્ષથી આ સંસ્થા ચાલી રહી છે અને અમારો સવાલ છે કે કોની રહેમ નજર હેઠળ આ બોગસ કોલેજ ચાલી રહી છે? આજે અમારી પાસે ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓ આવ્યા છે જેઓના ઓરીજનલ ડોક્યુમેન્ટ આ કોલેજમાં જમા છે. આ વિદ્યાર્થીઓની ૨,૯૭,૦૦૦ જેટલી ફી પણ કોલેજમાં જમા છે. તેમ છતાં પણ કોઈપણ યુનિવર્સિટી કે કોલેજમાં આ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે બેસવા દેવામાં આવતા નથી. હવે પરિસ્થિતિ એવી છે કે આ વિદ્યાર્થીઓના ત્રણ વર્ષ બગડી ગયા, આ સિવાય તેઓને સ્કોલરશીપ પણ નહીં મળે અને સૌથી ગંભીર બાબત એ છે કે આ વિદ્યાર્થીઓને સરકારી ભરતીઓમાં પણ લાભ નહી મળે.

અનુસંધાન પાના ૭ પર

# પીજીઆઈએમ ઈન્ડિયા દ્વારા હેલ્થકેર ફંડ લોન્ચ કરાયું

મુંબઈ, તા.૨૦

પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે આજે PGIM ઈન્ડિયા હેલ્થકેર ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. આ એક ઓપન એન્ડેડ સ્કીમ છે જે હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓની ઈક્વિટી તથા ઈક્વિટી સંબંધિત સિક્યોરિટીઝમાં રોકાણ કરે છે. આ ફંડ BSC હેલ્થકેર TRI સામે બેન્ચમાર્ક થયેલું છે.

ન્યૂ ફંડ ઓફર (NFO) સબ્સ્ક્રીપ્શન માટે ૧૯ નવેમ્બર, ૨૦૨૪થી ખૂલ્યો છે અને ૦૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થાય છે. આ સ્કીમ ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વેચાણ અને પુનઃ ખરીદી માટે ફરીથી ખૂલશે. PGIM ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટના સીઈઓ અજિત મેનને જણાવ્યું હતું કે "પીજીઆઈએમ ઈન્ડિયા હેલ્થકેર ફંડ રોકાણકારોને ભારતના ઊભરતા હેલ્થકેર સેક્ટરનો લાભ લેવાની અનોખી તક પૂરી પાડે છે. આ સેક્ટર ઓછો ખર્ચ, ઈનોવેશન, હેલ્થકેર ઈન્શ્યોરન્સ અંગે વધતી જાગૃતતા, વધતો એફડીએ પ્રવાહ અને વધતા મેડિકલ ટુરિઝમ જેવા પરિબળોનો લાભ મેળવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિ તેનું સૌથી શ્રેષ્ઠ રોકાણ તેના પોતાના આરોગ્યમાં કરી શકે છે. બીજું શ્રેષ્ઠ રોકાણ છે પોતાની તથા પોતાના પરિવારની હેલ્થ કે લાઈફ ઈન્શ્યોરન્સ સાથે સુરક્ષા અને સેગમેન્ટ તરીકે હેલ્થકેરમાં રોકાણ કરવું જે એક સ્ટ્રક્ચરલ થીમ છે."



# આપવા જેવી ગિફ્ટ: ટાઈમ એન્ડ સ્પેસ

હૉલીવૂડની ફિલ્મોની સુપ્રસિદ્ધ અભિનેત્રી એન્જેલિના જોલી (જન્મ-૧૯૭૫) પોતાના ત્રીજા પતિ અભિનેતા બ્રાડ પિટ સાથે ડિવોર્સ બાદ હવે એકલી રહે છે. ફોર્બ્સ મેગેઝિન પ્રમાણે સને ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૩માં હૉલીવૂડની ફિલ્મો માટે સૌથી વધુ મહેનતાણું લેનારી અભિનેત્રી એન્જેલિના જોલીએ ડઝનબંધ બાળકો દુનિયાના જુદા જુદા ભાગમાંથી દત્તક લીધેલાં છે. આ બાળકો માટે પણ તે પૂરતો સમય આપે છે.

તેનું કહેવું છે કે "આપણી પાસે સમય નથી એવી ખોટી ફરિયાદ કરીને આપણી જાતને જ ઘણી વાર છેતરતા હોઈએ છીએ. સામી વ્યક્તિ અથવા સાંભળનારી વ્યક્તિ સાચું માની લેશે, પરંતુ આપણા અંતરાત્માને ખબર હોય છે કે આપણી પાસે ખરેખર સમય છે જ. કારણ કે આપણી પ્રાયોરિટી માટે આપણી પાસે સમય હોય જ છે.

સાચી વાત છે. આપણી પ્રાયોરિટી માટે આપણી પાસે સમય રહેતો હોય છે. જ્યારે આપણે કોઈને સમય આપી શકતા નથી, ત્યારે એનો અર્થ એટલો જ થયો કે આપણે તેને પ્રાયોરિટી આપી રહ્યા નથી. પ્રાયોરિટી એટલે શું? ગમતું કામ અને ગમતી વ્યક્તિ એટલે આપણી પ્રાયોરિટી. જ્યારે આપણી પાસે કોઈ માટે થોડો પણ સમય નથી હોતો, તેનો અર્થ એટલો જ કે આપણે તેને સમય પણ નથી આપી રહ્યા એટલે કે તેને મહત્ત્વ પણ આપી રહ્યા નથી. આમ આપણે તેને નજરઅંદાજ કરી રહ્યા છીએ, તેના અસ્તિત્વનો, તેની સાથેના સંબંધનો પણ ઈનકાર કરી રહ્યા છીએ.

આજના સમયમાં જો કોઈ પ્રિયજનને, ગમતી વ્યક્તિને આપવા જેવી પ્રાઈસલેસ ગિફ્ટ હોય તો એ બે બાબત છે (૧) ટાઈમ અને (૨) સ્પેસ. જે રીતે આપણા સ્વજનને આપણે પૂરતો સમય આપવો જ જોઈએ. પછી એ સ્વજન માત્ર પ્રિયજન કે જીવનસાથી યા મિત્ર જ નહીં, સંતાન, સંબંધી અને મા-બાપ કે ભાઈ-બહેન પણ હોઈ શકે.

એવી જ બીજી પ્રાઈસલેસ ગિફ્ટ એટલે સ્પેસ આપવી. વ્યક્તિને સાવ અંગત પ્રાઈવસી પણ પૂરી પાડવી જોઈએ. પ્રેમ, સ્નેહ અથવા લાગણી છે એવું દર્શાવવાના બહાને નજીકની વ્યક્તિની જાસૂસી કરવાનું છોડી દેવું જોઈએ. જેમ કે (૧) ક્યાં છો? (૨) શું કરો છો? (૩) મોબાઈલ કેમ એન્ગેજ આવતો હતો? (૪) મોબાઈલ બંધ કેમ હતો? (૫) કેટલા વાગે ઑફિસથી નીકળશો? (૬) ઑફિસથી કેમ નીકળ્યા નથી? (૭) હજુ કેમ પહોંચ્યા નથી, કેમ વાર લાગી? (૮) ક્યાં જઈ રહ્યા છો? (૯) મીટિંગ છે તો કોની સાથે છે, કેટલા કલાક મીટિંગ ચાલશે? (૧૦) આજે રજા છે તો ઑફિસ કેમ જવાનું થયું? પહેલી નજરમાં તો આવા સવાલો સાવ સ્વાભાવિક લાગે અને કોઈ આપણી ચિંતા કરી રહ્યું હોય એવું જ લાગે.

આપણે યા તો ગમતી અને નજીકની વ્યક્તિને સમય નથી આપતા અથવા સ્પેસ પણ નથી આપતા. અથવા કોઈને નજરઅંદાજ કરવાની હદ સુધી સ્પેસ આપીને તેને એકલા પણ પાડી દઈએ છીએ. મુખ્ય મુદ્દો હૂંફ અને લાગણીનો છે અને વાત રિલેશનશિપમાં બેલેન્સ જાળવવાની છે.

પ્રાથમિક શાળાની શિક્ષિકાએ કહેલો એક હૃદયસ્પર્શી પ્રસંગ છે. શાળામાં વિદ્યાર્થીઓને આપેલું ગૃહકાર્ય તપાસવા માટે શિક્ષિકા ગૃહકાર્યની નોટ્સ ઘરે લાવ્યાં હતાં. રાબેતા મુજબ તપાસીને ગુણ આપી રહ્યાં હતાં. એવામાં એક નોટ્સ પાસે તેમની નજર અટકી ગઈ. બધું વાંચીને આંખો ભીની થવા માંડી.

રાતનો સમય હતો. તેમના પતિ આરામ કરવાની સાથે મોબાઈલમાં કશુંક વાંચી રહ્યા હતા. તેમની નજર પડી કે પત્નીની આંખમાં આંસુ છે, તેમણે પત્નીને રડવાનું કારણ પૂછ્યું.

શિક્ષિકા પત્નીએ જવાબમાં કહ્યું કે "એક દિવસ પહેલા મેં વર્ગના વિદ્યાર્થીઓને ગૃહકાર્ય તરીકે મારી સૌથી મોટી ઈચ્છા' વિષય ઉપર નિબંધ લખવા આપ્યો હતો. એક વિદ્યાર્થીએ ભગવાનને સંબોધીને લખ્યું છે કે હે ભગવાન, મારી ઈચ્છા છે કે તમે મને મોબાઈલ બનાવી દો... આ સાંભળીને તેમના પતિ હસી પડ્યા. આથી શિક્ષિકા પત્નીએ કહ્યું કે "આગળ સાંભળો તો ખરા. આમાં હસવા જેવું કશું નથી. વિદ્યાર્થીએ લખ્યું છે કે જો હું મોબાઈલ બની જાઉં તો ઘરમાં મારું એક ખાસ સ્થાન ઊભું થશે અને આખો પરિવાર મારી આજુબાજુ જ રહેશે. મને એક ઘડી પણ પોતાનાથી દૂર નહીં કરે. અરે, સૂતી વખતે પણ મને છાતી ઉપર રાખીને સૂઈ જશે. જ્યારે હું બોલીશ ત્યારે બધા જ મને ધ્યાનથી સાંભળશે. મને કોઈ રોક-ટોક નહીં કરે. મને કોઈ સામો સવાલ પણ નહીં કરે. હું મોબાઈલ બનીશ તો પપ્પા મને ઑફિસ તો સાથે લઈ જ જશે અને સાંજે ઑફિસથી ઘરે થાકીને આવ્યા હોય તો પણ મારી સાથે બેસીને રમ્યા કરશે. મમ્મી જ્યારે પણ ટેન્શનમાં હોય તેમ છતા મને વઢશે નહીં અને વળી મમ્મીનો મૂડ નહીં હોય તો પણ તે મારી સાથે જ રહેવાનું અને મારી સાથે રમવાનું જ પસંદ કરશે. મારાથી મોટા ભાઈ અને બહેન પણ મને પોતાની પાસે રાખવા માટે અંદરોઅંદર મીઠો ઝઘડો કર્યા કરશે. એટલે સુધી કે મોબાઈલ બંધ થઈ ગયો હશે તો પણ તેની એટલી જ સારસંભાળ રાખવામાં આવશે. મોબાઈલ બનીને હું આખરે તો પરિવારના સૌ લોકોને ખુશી અને આનંદ આપી શકીશ, એ જ મારા માટે સંતોષની વાત રહેશે. (પતિને ઉદ્દેશીને) બોલો, હવે આમાં તમને હસવા જેવું શું લાગ્યું? આ સાંભળીને પતિ ભીના અવાજમાં એટલું જ બોલી શક્યા કે "હે, ભગવાન... બિચારો બાળક... આજકાલના મા-બાપ ભલે આધુનિક બન્યાં પરંતુ પોતાનાં સંતાન તરફ ધ્યાન આપવાનો જરા પણ સમય હોતો નથી. બહુ જ દુ:ખની વાત કહેવાય.શિક્ષિકા પત્નીએ આંખોમાં આંસુ સાથે પોતાના પતિને કહ્યું કે "તમે જાણો છો કે આ બાળક કોણ છે?

**શિક્ષિકા પત્નીએ જવાબમાં કહ્યું કે "એક દિવસ પહેલા મેં વર્ગના વિદ્યાર્થીઓને ગૃહકાર્ય તરીકે મારી સૌથી મોટી ઈચ્છાધ્ વિષય ઉપર નિબંધ લખવા આપ્યો હતો. એક વિદ્યાર્થીએ ભગવાનને સંબોધીને લખ્યું છે કે હે ભગવાન, મારી ઈચ્છા છે કે તમે મને મોબાઈલ બનાવી દો...**

# રોડ રેજ- સડક પર વાહનચાલકોમાં આક્રમકતા કેમ વધી રહી છે?

થોડા દિવસો પહેલાં, અમદાવાદના બોપલ વિસ્તારમાં ૨૩ વર્ષના એક બાઈકસવાર યુવાનની એટલા માટે હત્યા થઈ ગઈ, કારણ કે એણે બાજુમાંથી પૂરઝડપે પસાર થઈ રહેલા એક કારચાલકને સ્પીડ બાબતે ટોક્યો હતો. કારચાલકે ગુસ્સામાં આવીને કાર ઊભી રાખીને બાઈકસવાર સાથે ઝઘડો કર્યો હતો અને એમાં વાત વધી જતાં એણે પેલા છોકરાને છરી હુલાવી દીધી.

આ ઘટનાને અલગ-અલગ રીતે જોઈ શકાય, જેમ કે કારચાલકનો પૈસાનો નશો અથવા સત્તાનું ગુમાન અથવા નશામાં ડ્રાઈવિંગ કે પછી વિવેકનો અભાવ અથવા ટ્રાફિક સેન્સની ઐસીતૈસીપ મૂળભૂત રીતે તેને 'રોડ રેજ' કહેવાય છે એટલે કે સડક પર ગુસ્સો કરવો તે. ક્યારેક આ ગુસ્સો વ્યક્તિઓ પર એટલો હાવી થઈ જાય કે તેમાં ઘણીવાર હત્યા પણ થાય છે.

બે વર્ષ પહેલાં, દિલ્હી પાસે નોઈડામાં બે જણની કાર એકબીજાને 'ટચ' કરી ગઈ, તેમાંથી થયેલા ઝઘડામાં એક વાહનચાલકે ઉશ્કેરાઈને બીજા કારચાલક પર કાર ચડાવી દીધી હતી, જેમાં એનું મોત થયું હતું. આ વર્ષે, ૩૧મી ઓક્ટોબરે મુંબઈમાં સ્કોર્પિયો ચલાવતા એક વેપારીની કેટલાક લોકો સાથે દલીલબાજી થઈ હતી. તે પછી, ઉશ્કેરાયેલા વેપારીએ ચાર લોકોને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. પીડિતોને નાની-મોટી ઈજાઓ થઈ હતી પછી મિત્રોએ સાથે મળીને વેપારીને માર માર્યો હતો.

સડક પર વાહન માલિકો વચ્ચે અથડામણ થવાની ઘટનાઓ ઉત્તરોત્તર દુનિયાભરમાં વધી રહી છે. તેનો સીધો સંબંધ સડકો પર વાહનોની સંખ્યામાં થઈ રહેલા વધારા સાથે છે. ભારતનાં શહેરોમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૬૦ ટકાથી વધુ વાહનચાલકોએ સડક પર ગુસ્સો કર્યો હોવાની કબૂલાત કરી હતી, જેમાં લગભગ ૩૦ ટકા લોકોએ આક્રમક પ્રતિક્રિયા આપી હતી. 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો'નો અહેવાલ છે કે રોડ રેજ અને આક્રમક ડ્રાઈવિંગ સંબંધિત ઘટનાઓમાં દર વર્ષે ૭ ટકાનો વધારો જોવા મળ્યો છે, જે આ બાબત કેટલી ગંભીર છે તે બતાવે છે.

કેંદ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ માર્ચ ૨૦૨૨માં સંસદ સમક્ષ ડેટા રજૂ કર્યો હતો. એમના જણાવ્યા અનુસાર, ૨૦૧૯માં દેશમાં રોડ રેજ અને અવિચારી ડ્રાઈવિંગના ૧.૫ લાખથી વધુ કેસ નોંધાયા હતા. ૨૦૨૦માં તેની સંખ્યા વધીને એક લાખ ૮૩ હજાર થઈ ગઈ. ૨૦૨૧માં આવા કેસોની સંખ્યા વધુ વધીને બે લાખ ૧૫ હજાર થઈ ગઈપ

ઘણી વાર, ટ્રાફિક પોલીસકર્મીઓ ખુદ રોડ રેજનો ભોગ બને છે. ગયા વર્ષે, મુંબઈમાં એક ડ્રાઈવરે લાલ બત્તી હોવા છતાં વાહન ના રોક્યું ત્યારે એક ટ્રાફિક કૉન્સ્ટેબલે એને રોકવાનો સંકેત આપ્યો છતાં ડ્રાઈવરે કારની ઝડપ વધારી હતી એમાં કારની સામે ઊભેલો કૉન્સ્ટેબલ બોનેટ પર પડી ગયો. તેમ છતાં, ડ્રાઈવરે ૨૦ કિલોમીટર સુધી વાહન દોડાવે રાખ્યું હતું. આ દરમિયાન કૉન્સ્ટેબલે કારની વિન્ડશીલ્ડને ચુસ્તપણે પકડીને પોતાનો જીવ બચાવ્યો હતો.

આવું દુનિયાભરમાં પણ બને છે. અમેરિકામાં આ વર્ષે એક સર્વેક્ષણ અનુસાર ૯૬ ટકા લોકો રોડ રેજના સાક્ષી બન્યા હતા. છેલ્લા સાત વર્ષના આંકડા અનુસાર, અમેરિકામાં રેડ રેજની મારામારીને કારણે કુલ ૧૨,૬૧૦ લોકોને ઈજા થઇ હતી અને ૨૧૮ લોકોનો જીવ ગયો હતો. ૨૦૨૨માં, રોડ રેજમાં દર ૧૬ કલાકે એક માણસની ગોળી મારીને હત્યા થઈ હતી. (અમેરિકામાં નાગરિકો ખાનગી હથિયાર રાખી શકે છે). અમેરિકામાં, છેલ્લાં ૧૦ વર્ષમાં રેડ રેજની ઘટનાઓમાં ૫૦૦ ટકાનો વધારો થયો છેપ!

રોડ રેજની ઘટનામાં મુખ્યત્વે, ખરાબ નિર્ણયશક્તિ, માનસિક અસ્વસ્થતા, નશો કે કશે પહોંચવાની ઉતાવળ જેવાં કારણ જવાબદાર મનાય છે. આવાં કારણોથી કોઈ પોતાને કે બીજાને જોખમમાં ના મૂકે, તેમ છતાં રોડ રેજ એટલું સામાન્ય થઈ ગયું છે કે તેની પાછળ બીજાં મનોવૈજ્ઞાનિક કારણોની પણ ભૂમિકા છે. માણસોને ક્યાંક જવામાં મોડું તો આજથી ૧૦૦ વર્ષ પહેલાં પણ થતું, પણ એવું તે શું થયું છે કે વર્તમાન સમયમાં જ લોકો એટલા બધા ઉશ્કેરાઈને પિત્તો ગુમાવે કે ખૂન પણ કરી નાખે?રોડ રેજ બે પ્રકારના હોય છે. એકમાં, ડ્રાઈવર કાયમ આક્રમક રીતે વાહન ચલાવે છે અને આ વર્તન એની આદત બની ગયું છે (આધુનિક હોર્સ પાવરવાળાં વાહનોની 'ખૂબી' એ છે કે તે તમને જોશમાં આવીને ડ્રાઈવ કરવા લલચાવે છે).બીજાને સિચ્યુએશનલ રોડ રેજ કહેવામાં આવે છે -તેમાં ડ્રાઈવર ઘર કે ઑફિસના ટેન્શનથી ગુસ્સામાં વાહન ચલાવી રહ્યો છે. સડકો પર ગુસ્સો અનુભવતા લોકોની એક સમસ્યા એ છે કે એ બીજા ડ્રાઈવરને એક માણસ તરીકે જોતા નથી. એને માત્ર એક વસ્તુ તરીકે જુએ છે. રોડ રેજનો ભોગ બનેલાને એવું દેખાતું નથી કે સામે જે માણસ છે એનો પણ એક પરિવાર છે, એની નોકરી જતી રહી છે અથવા હૉસ્પિટલમાં કોઈ બીમાર છે.

એમ તો મોલ્સમાં ખરીદી કરી રહેલા લોકો પણ ટેન્શનમાં હોય છે, પણ એ લોકો એકબીજા સાથે મારામારી નથી કરતા. તેનું કારણ એ છે કે મોલ્સમાં લોકો એકબીજાને માણસ તરીકે જુવે છે. કોઈની સાથે બાળક છે, કોઈ પતિ-પત્ની છે, કોઈ વૃદ્ધ મહિલા કે પુરુષ છે એટલે ત્યાં કોઈ એક બીજાને 'ટચ' કરે તો 'સોરી' કહીને આગળ નીકળી જાય છે.સડક પર વાહન સાથેનો માણસ 'માણસ' મટીને 'વસ્તુ' બની જાય છે એટલે રોડ રેજનો ભોગ બનેલો માણસ ગુસ્સામાં એને સડક પરના એક ઉંદર કે પથ્થરથી વિશેષ નથી ગણતો. એ સિવાય, એવું કેવી રીતે શક્ય છે કે તે કારમાંથી ઊતરીને બીજાને છરી મારી દે અથવા એના પર કાર ચઢાવી દે!રોડ રેજની મોટા ભાગની લોહિયાળ ઘટનાઓ કારચાલકો સાથે જ બનતી હોય છે. તેનું કારણ પણ એ છે કે લોખંડી કાર પોતે જે એક કિલ્લા જેવો અહેસાસ ઊભો કરે છે. સ્કૂટર પર જતા એક ચાલકની તુલનામાં કારચાલક પોતાને બહુ સુરક્ષિત (અને શક્તિશાળી) મહેસૂસ કરતો હોય છે, પરિણામે એ સામેના માણસને એક તુચ્છ આડખીલી સમજતો હોય છે.






# શું કરવું, અગર જીવનસાથીની કારકિર્દીમાં બધું ઠીકઠાક ન હોય?

કોઈની પણ કારકિર્દીમાં ઉતારચઢાવ આવતો રહેતો હોય છે. બની શકે કે તમારા કે તમારા જીવનસાથીનો કારકિર્દીની દૃષ્ટિએ સારો સમય ન ચાલી રહ્યો હોય. આવા સમયે પાર્ટનર તો ટેન્શનમાં હોય જ છે પણ તેની અસર તમારા પર પણ પડતી હોય છે. મામલો ત્યારે વધુ બીચકે છે જ્યારે કોઇની નોકરી છૂટી જવાની નોબત આવે છે. આજકાલ હાલત એવી છે કે નોકરીઓ જલદી મળતી નથી. લાંબો સમય બેરોજગાર રહેવાથી નિરાશા અને હતાશા વધે છે, પછી એવો પણ સમય આવે કે બેઉ લોકો એકબીજા પર આક્ષેપબાજી કરતા જાય છે. જો તમારા સંબંધોમાં આવું કંઇ ન થાય એવું ઇચ્છતા હો તો નીચે દર્શાવેલી બાબતો પર જરૂરથી ધ્યાન આપશો.

મગજ ઠંડું રાખો

બેશક, જીવનસાથીની કારકિર્દીમાં ઊથલપાથલ થાય એ તમને પણ પ્રભાવિત કરશે જ. તમારા ઘરનું બજેટ પણ ડામાડોળ થઇ શકે એમ છે. એમાંય જો ઘરનો વધુ પડતો ખર્ચ પાર્ટનર ચલાવી રહ્યો હોય તો વધુ પરેશાની ભોગવવી પડે છે. આવામાં તમારે સઘળી નકારાત્મક ભાવનાઓ પર કાબૂ રાખવો જ રહ્યો. એ સમયે ખોટી ચર્ચા કે આરોપ-પ્રત્યારોપથી બચવામાં જ ભલાઇ છે. તેની વાતોને ધીરજથી સાંભળો. કેટલીક વાર સામેવાળાની વાત શાંતિથી સાંભળવાથી જ તેને સારું લાગવા લાગે છે. તમારે બન્નેએ સ્થિતિને વધુ ખરાબ કરવા કરતાં ઠીક કરવા માટે જ વાતચીત કરવી જોઇએ.

નોકરી શોધવામાં મદદ કરો

પાર્ટનરને એવી અનુભૂતિ કરાવો કે નોકરી શોધવાની બાબતે એ એકલો કે એકલી નથી તમે પણ તેની સાથે છો. તમારે જેટલો શક્ય હોય તેટલો તેના ક્વોલિફિકેશન અને ક્ષેત્રને અનુરૂપ નોકરી શોધવામાં મદદ કરવાનો પ્રયાસ કરવો જોઇએ. જો એ થોડો સમય પોતાનું કૌશલ્ય વધારવા માટે કોઇ કોર્સ કરવા માગે તો તેમાં પણ પૂરતો સહકાર આપવો જોઇએ.

રૂપિયા-પૈસાનો હિસાબકિતાબ કરી લો

જ્યારે તમારી આવક જ અડધી થઇ ગઇ હોય તો એ જરૂરી છે કે સાથે બેસીને હિસાબ લગાવી લો કે તમારી પાસે કેટલા પૈસા બચ્યા છે. આ પૈસાથી ખર્ચા નીકળશે કે નહીં તેનો અંદાજ લગાવી લો. સંકટના આ સમયમાં એટલા ખર્ચા ઉડાવી દો જે તમને લક્ઝુરિયસ અર્થાત્ વૈભવી લાગતા હોય. સારો સમય આવ્યા બાદ એ ખર્ચાઓ માટે પૈસા મળી રહેશે. ત્યાં સુધી ફક્ત મૂળભૂત જરૂરિયાતો પૂરતો જ ખર્ચો કરો. આમ કરવાથી તમે થોડા તો નિશ્ર્ચિત બનશો જ.

કોરોનાકાળમાં પડતાં પર પાટુ એવા સંજોગો ઊભા થવાના જ. આ સંજોગોમાં ચિત્તને શાંત રાખીને કામ કરવામાં અને ખર્ચાઓને જેમ બને એમ મર્યાદિત રાખવામાં જલાભ છે.

આ તમારા બે જણની અંગત બાબત છે. આ વિશે મિત્રો કે પરિવારના અન્ય સભ્યો સાથે વાતચીત ન કરો. એ વાતની પણ શક્યતા છે કે નોકરી છૂટી જવાથી પાર્ટનરને બહાર નીકળવાનું પણ ન ગમે. તેને દુ:ખ કે ગ્લાનિનો પણ અનુભવ થાય. જો તમે આ સમસ્યાને તમારા બે પૂરતી જ મર્યાદિત રાખો તો તેમાંથી બહાર નીકળવાનો રસ્તો મળી આવશે.

**લાંબો સમય બેરોજગાર રહેવાથી નિરાશા અને હતાશા વધે છે, પછી એવો પણ સમય આવે કે બેઉ લોકો એકબીજા પર આક્ષેપબાજી કરતા જાય છે. જો તમારા સંબંધોમાં આવું કંઇ ન થાય એવું ઇચ્છતા હો તો નીચે દર્શાવેલી બાબતો પર જરૂરથી ધ્યાન આપશો.**

## તંત્રી લેખ...

બુધવાર, તા.૨૦ નવેમ્બર ૨૦૨૪

# હાઇપરસોનિક મિસાઇલની સફળતા ભારત માટે ગૌરવ

વિશ્વમાં આર્થિક વિકાસની સાથે તાલ મિલાવે તેવી લશ્કરી તાકાતની આવશ્યકતા સતત વર્તાઇ રહી છે.ચીને તેના વાયુદળમાં સ્ટીલ્થ યુદ્ધ વિમાનોનો સામવેશ કરીને આખી દુનિયાને પોતાની શક્તિનું પ્રદર્શન કરી આપ્યું છે. ચીનની લશ્કરી તાકાતની સામે સતત સજ્જ રહેવાની વ્યૂહાત્મક અનિવાર્યતા ધરાવતું ભારત સ્ટીલ્થ બોમ્બર વિમાનોની ચીની તાકાતનો જવાબ આપતું હોય તેમ લાંબી રેન્જની હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરીને લશ્કરી ક્ષેત્રે પોતે પણ કમ ન હેવાનો દુનિયાને સંદેશ આપ્યો છે. આમે પણ ભારતે તેના લશ્કર સરંજામના ભાથાને સતત આધુનિક બનાવવા પર છેલ્લા થોડા સમયથી વિશેષ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. આ માટે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે સંરક્ષણ સરંજામના મામલામાં ઘણા નીતિવિષયક ફેરફાર કર્યા છે. આ ફેરફારોમાં સ્વદેશીકરણ અને આત્મનિર્ભરતા પર ખાસ ધ્યાન અપાઇ રહ્યંઅ છે. આ અનુસંધાનમાં લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ મોટી ઉપલબ્ધિ બન્યું છે. ભારતે હવે એવા ગણ્યાગાંઠયા ખાસ દેશોની યાદીમાં સ્થાન મેળવ્યું છે જેમની પાસે ભારે તેજ ગતિ સાથે દુશ્મનની હવાઇ સલામતી વ્યવસ્થાને થાપ આપીને હુમલો કરી શકે એવી ક્ષમતા છે. ભારતના ડિફેન્સ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) દ્વારા તૈયાર કરાયેલી આધુનિક હાઈપરસોનિક મિસાઈલ ભારતના સંરક્ષણ ક્ષેત્ર માટે ઐતિહાસિક ઘટના બની રહી છે. હાલના સમયમાં આ મિસાઈલ ટેક્નોલોજી અમેરિકા ઉપરાંત રશિયા અને ચીન પાસે છે. આ તમામ દેશોએ હાઈપરસોનિક મિસાઈલો તૈનાત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અત્યાર સુધી ભારત પાસેની મિસાઈલોના ભાથામાં વિવિધ રેન્જની બેલાસ્ટિક અને ક્રૂઝ મિસાઈલો છે. પૃથ્વી, આકાશ, અગ્નિ, બ્રહ્મોસ જેવી મિસાઈલ આજે ભારતીય લશ્કરની અલગ -અલગ પાંખોને સજ્જ કરી રહી છે. વ્યૂહાત્મક રીતે મહત્ત્વ ધરાવતાં આ શત્રો કોઇપણ દેશને સલામતીની પ્રતીતિ કરાવી શકે એવી તાકાત ધરાવતા હોય છે. આજે રણમેદાનનાં યુદ્ધથી વિશેષ આધુનિક શત્ર પ્રણાલીઓ અને તેમાં પણ ખાસ તો મિસાઈલો વાટે થતા હુમલા કોઇપણ જંગમાં ચાવીરૂપ બની રહેતા હોય છે. ભારતના શત્રો સ્વેદેશી ટેક્નોલોજી, સચોટ અને અસરકારક મારક ક્ષમતા અને ઉચ્ચકક્ષાની ઝડપ સાથેની વળતી કાર્યવાહી માટે સક્ષમતા માટે દુશ્મનોમાં ભય જગાવતા રહે છે. હવે મોદી સરકારે સંરક્ષણ ક્ષેત્રે સ્વેદશીકરણ અને આધુનિકીકરણ પર ધ્યાન આપવા માટે ડીઆરડીઓ સહિતની ચાવીરૂપ સંરક્ષણ એજન્સીઓને મજબૂત કરવાનાં સફળ પગલાં લીધાં છે. આ માટે ૧૦૧ સામાન્ય લશ્કરી વસ્તુઓની આયાત બંધ કરાઇ છે તેની સાથોસાથ આત્મનિર્ભરતા અને મેક ઇન ઇન્ડિયાને ઉત્તેજન અપાઇ રહ્યંઅ છે. સરંક્ષણ ઉત્પાદન ક્ષેત્રે ૭૪ ટકા વિદેશી રોકાણની છૂટ અપાઇ છે. આ માટેના સ્ટાર્ટઅપને પ્રોત્સાહન અપાઇ રહ્યંઅ છે. સરહદી વિસ્તારોમાં માળખાંકીય વ્યવસ્થાને સુધારાઇ રહી છે અને મહિલાઓની સામેલગીરીને પ્રાધાન્ય અપાઇ રહ્યંઅ છે. આવનારા સમયમાં હાઇપરસોનિક મિસાઇલ ભારતના લશ્કરી શત્રોના ભાથામાં શિરમોર બનીને દુશ્મનોમાં ભયની લાગણીને વધારશે એ વાત નક્કી છે.

# બેહિસાબ પ્રદૂષણ

ઉત્તર ભારતમાં પ્રદૂષણ વધી જવું દુઃખદ અને શરમજનક બાબત છે. ફરી એક વાર સુપ્રીમ કોર્ટે કડક નિર્દેશો સાથે સામે આવવું પડ્યું છે. ન્યાયાલયે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાનીની તમામ સરકારોએ ગ્રેપ-૪ સંબંધી પ્રતિબંધોના નિરીક્ષણ માટે તત્કાળ ટીમો બનાવવી પડશે. એ પણ પ્રશંસનીય છે કે આ વ્યવસ્થા એક્યુઆઇ ૪૫૦ની નીચે જવા છતાં લાગુ રહેશે. બે જજોની પીઠે દોહરાવ્યું કે એ સુનિશ્ચિત કરવું બધા રાજ્યોનું બંધારણીય કર્તવ્ય છે કે તમામ નાગરિકો પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહે. ગ્રેપ-૪ સંબંધી પ્રતિબંધોને લાગુ કરવામાં થયેલ વિલંબ પર પણ ન્યાયાલયે નારાજગી વ્યક્ત કરી છે. સંબંધિત રાજ્ય સરકારોએ ૨૨ નવેમ્બર સુધી ન્યાયાલયને રિપોર્ટ કરવાનું કહ્યું છે. એ જાણવું જરૂરી છે કે સરકારોએ પ્રદૂષણ રોકવા માટે શું પગલાં ભર્યાં છે? જ્યાં સુધી સરકારોનો પ્રશ્ન છે, દરેક પાર્ટી પોતાની વિરોધી પાર્ટીને નિશાનો બનાવી રહી છે અને પ્રદૂષણ માટે જવાબદાર ઠેરવી રહી છે. એવામાં ન્યાયાલયની સક્રિયતાનો કોઈ વિકલ્પ નથી.

દિલ્હીમાં દશ્યતા એકદમ ઘટી ગઈ છે. બસો મીટર બાદ ચીજો દેખાવી મુશ્કેલ થઈ ગઈ છે. આ બધાની સૌથી વધુ અસર પરિવહન પર પડી છે. સોમવારે સાંજ થતાં સુધી ૧૧થી વધુ વિમાનો દિલ્હીમાં ઉતરવામાં નિષ્ફળ રહ્યા, તેમને પડોશી રાજ્યોમાં ઉતારવા પડ્યા. તેનાથી સ્થિતિની ભયાવહતાની ખબર પડે છે. લોકો અને તેમના સ્વાસ્થ્ય પર શું વીતી રહી છે, તેનો અંદાજો માત્ર લગાવી શકાયછે. દિલ્હીના કેટલાક વિસ્તારોમાં એક્યુઆઇ ૯૭૮ સુધી નોંધાયો છે, તેનો મતલબ છે કે આ વિસ્તારોમાં ૨૪ કલાકમાં એક માણસ ૪૯.૨ સિગારેટ જેટલો ધુમાડો શરીરમાં લઈ રહ્યો છે. હરિયાણામાં લોકો લગભગ ૩૩.૨૫ સિગારેટ બરાબર ધૂમાડો પી રહ્યા છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં લગભગ ૧૦ સિગારેટ પીવા મજબૂર છે. આવા ભયાનક પ્રદૂષણના કેવાં દૂરગામી પરિણામો હશે, તે વિચારીને જ કંપારી છૂટી જાય છે. પરાળ, ઘરનો ધૂમાડો, ઔદ્યોગિક

પ્રદૂષણ, વાહનોથી નીકળતું ઉત્સર્જન, નિર્માણ સ્થળેથી ઉડતી રજ - આપણે કોઈપણ પ્રાકૃતિક સંસાધનોને શુદ્ધ નથી છોડ્યા. દિલ્હીમાં પાણી અને હવા બંનેના હાલ ખરાબ છે અને બંને એકબીજાની સમસ્યા વધારી રહ્યા છે. આવા ઘાતક પરિવેશથી બચવું જરૂરીછે, તો યોગ્ય રીતે જ દિલ્હીમાં સમા-બારમા ધોરણને જ સ્કૂલમાં ચલાવવાનું ફરમાન છે, બાકી વર્ગો ઓનલાન કરી દેવાયા છે. પ્રદૂષણના ભયાનક સ્તરને જોતાં બાળકો સાથે બુજુર્ગોની ચિંતા પણ વધી ગઈ છે.

હવે પ્રદૂષણના મોરચે લીકથી હટીને કંઇક વિચારવું પડશે. જોકે આ વિચારવાનો નહી, પરંતુ કરવાનો સમય છે. શું દિલ્હી કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં સીમિત કૃત્રિમ વરસાદનો પ્રયોગ કરી શકાય? શું વૈજ્ઞાનિકોની આપાત બેઠક બોલાવીને તાત્કાલિક ઉપાયો કરી શકાય? શું રાષ્ટ્રીય રાજધાનીમાં મોટાં વાહનોના ચાલવાના સમયને સીમિત કરી શકાય? શું પ્રદૂષણ ફેલાવનારા ઉદ્યોગોના સંચાલનને થોડા દિવસો માટે સીમિત કરી શકાય? હાલત એવી છે કે યુદ્ધ સ્તરે મોટા પગલાં ભરવાં પડશે. પ્રદૂષણ ફેલાવનારા વર્ગો કે સમૂહોને નારાજ કરવા જ પડશે. ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને સામાન્ય લોકો, બધાને ખુશ રાખવાની કવાયતે મુશ્કેલીમાં મૂકી દીધા છે. મતલબ કે હવે પ્રદૂષણ વિરુદ્ધ સાહસિક પગલાંની જરૂર છે અને ન્યાયાલય પર આશાઓ ટકી છે.

## સગર્ભાવસ્થામાં લો પોટેશિયમ લેવલથી માતા-બાળકને નુકસાન

# લો પોટેશિયમ લેવલથી ભારે નુકસાન

લોહીમાં પોટેશિયમના નબળા સ્તરને હાઇપોકેલેમિયા કહેવામાં આવે છે. માંસપેશિઓ અને નસોની કામગીરી માટે તેમજ ભોજનમાંથી એનર્જી રિલિઝ કરવામાં પોટેશિયમ મદદરૂપ સાબિત થાય છે. આ હાર્ટ માટે પણ જરૂરી હોય છે. તે બ્લડપ્રેશરને નિયંત્રિત કરવામાં મદદરૂપ બને છે. જો ગર્ભાવસ્થામાં પોટેશિયમની કમી થઇ જાય છે તો તેના કારણે માતા અને શિશુને આરોગ્યને લઇને કેટલીક તકલીફ પડે છે. સગર્ભાવસ્થામાં પોટેશિયમની કમી કેમ થાય છે તેની વાત આજે અમે કરવા જઇ રહ્યા છીએ. જાકાર નિષ્ણાંતો અને તબીબો કહે છે કે રક્તવાહિનીઓમાં પોટેશિયમનુ સામાન્ય સ્તર ૩.૫થી પાંચ મિલી મોલ્સ હોય છે. બીજી બાજુ ગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં પોટેશિયમનુ સ્તર ૩.૬થી પાંચ, સગર્ભાવસ્થાના બીજા તબક્કામાં ૩.૩ અને ૫ તેમજ ગર્ભાવસ્થાના ત્રીજા તબક્કામાં ૩.૩તી ૫.૧ હોય તે જરૂરી છે. જ્યારે પોટેશિયમ લેવલ આના કરતા ઘટી જાય છે ત્યારે હાઇપોકેલેમિયાની સ્થિતી સર્જાઇ જાય છે. સગર્ભાવસ્થા દરમિયાન મહિલામાં લો પોટેશિયમ લેવલના કારણે કેટલીક સ્થિતી સર્જાઇ જાય છે. હાઇપોકેલેમિક પિરિઓડિક પેરાલિસીસની સ્થિતી ઘાતક હોય છે. આના કારણે પગ, હાથ અને આંખની માંસપેશિઓમાં ક્યારેય ક્યારેય નબળાઇ આવી જાય છે.કાર્ડિએક ડિસ્રિથમિયા હેઠળ હાર્ટના ધબકારા




વધી જાય છે. જેના કારણે કાર્ડિએક અરેસ્ટ આવી શકે છે. સગર્ભાવસ્થા દરમિયાન લો પોટેશિયમ લેવલના કારણે હાઇ બ્લડપ્રેશરની સ્થિતી સર્જાઇ શકે છે. લો પોટેશિયમના કારણે સગર્ભા મહિલાઓમાં શરીરમાં પોટેશિયમનુ સ્તર ઘટી શકે છે. દરમિયાન એક સંબંધિત નવા અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સગર્ભા અવસ્થામાં મહિલાઓના પગના કદમાં હમેશ માટે વધારો થાય છે. યુનિવર્સિટી ઓફ લોવાના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવાયું છે કે સગર્ભા અવસ્થા વેળા મહિલાઓના પગની લંબાઇ અને પહોંળાઈમાં આંશિક રીતે વધારો થાય છે. મોટી સંખ્યામાં મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે સગર્ભા અવસ્થા વેળા મહિલાઓના પગના કદમાં વધારો થાય છે. જો કે આ તારણોથી કેટલીક મહિલાઓ સંતુષ્ટ નથી. કારણ કે આમા કોઈ કારણ આના માટે આપવામાં આવ્યા નથી. બાળકને જન્મ આપવામાં આવ્યા બાદ આ ફેરફારો સ્પષ્ટપણે જોવા મળે છે. અભ્યાસના ભાગરૂપે ૨૯ મહિલાઓને આવરી લેવામાં આવી હતી અને તેમના ફેરફાર ઉપર નજર રાખવામાં આવી રહી હતી. આ પૈકી મોટાભાગની મહિલાઓ પ્રથમ વખત માતા બનનાર હતી. જ્યારે ૧૭ ટકા બીજી વખત અને ત્રણ ટકા ત્રીજી વખત માતા બનનાર મહિલાઓ હતી. સરેરાશ મહિલાઓની લંબાઈ અને પહોંળાઈમાં વધારો જોવા મળ્યો છે અને આ વધારો

૦.૧થી ૦.૪ ઇંચ સુધીનો થયો છે. એકંદરે ૬૦થી ૭૦ ટકા મહિલાઓ બાળકના જન્મ બાદ તેમના પગના કદમાં વધારો થયો છે તેવો અનુભવ કર્યો છે. ૧૧ ટકા મહિલાઓએ તેમના સુઝના કદમાં ફેરફાર થયો હોવાની કબૂલાત કરી છે. આવનાર દિવસોમાં અભ્યાસના તારણોને લઈને વધુ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે મહિલાઓએ બેથી ત્રણ બાળકોને જન્મ આપ્યા છે તે મહિલાઓમાં આવા કોઈ ફેરફાર જોવા મળ્યા નથી તેમ પણ જાણવા મળ્યું છે. અભ્યાસના તારણો અમેરિકન જર્નલ ઓફ ફિઝિકલ મેડીસીનમાં પ્રકાશિત કરવામાં આવનાર છે. લો પોટેશિયમ લેવલને ટાળવા માટે તમામ પ્રયાસ સગર્ભા અવસ્થા દરમિયાન કરવામાં આવે તે જરૂરી છે. આના માટે તબીબોની પણ સલાહ લેવી જોઇએ. કેટલીક સમસ્યાને આના કારણે પહેલાથી જ ટાળી શકાય છે.

## વિચિત્ર સ્થતિ છે કે બંને મોટા પક્ષો આ જૂથો પર વધુ નિર્ભર દેખાઈ રહ્યા છે

# સત્તા માટે વાયદાઓની માયાજાળ

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીઓમાં તડજોડથી માંડીને લોકરંજક વાયદા સુદ્ધાં પર જોર દર્શાવે છે કે સત્તાના દાવેદારોને પોતાના દમ પર ભરોસો નથી. આ દાવેદારો ક્યારેકને ક્યારેક સત્તામાં રહી ચૂક્યા છે. પછી એવું કેમ છે કે તેમણે પોતાના કામ પર જનાદેશનો વિશ્વાસ નથી? આ સવાલનો જવાબ આપ્યા વગર પણ સમજી શકાય છે. તેથી બંને રાજ્યોમાં યેનકેન પ્રકારે સત્તા હાંસલ કરવા માટે તડજોડ-ગઠબંધનથી માંડીને મફતની રેવડીઓ સુધી હરસંભવ બિછાત બિછાવવી પડી છે. સત્તાના આ ખેલમાં એ વાતની પરવા કોઈએ ન કરી કે આ રાજ્યોની પહેલેથી ખરાબ અર્થવ્યવસ્થા માટે તેમની ચૂંટણી ચાલો કેટલી ઘાતક સાબિત થશે. અસલમાં સત્તાની જંગમાં બધું જ જાયજ માની લેવામાં આવે છે અને આ કામમાં કોઈ કોઈથી પાછળ નથી. છેલ્લા પાંચ વર્ષ મહારાષ્ટ્ર સતત રાષ્ટ્રીય રાજનીતિના પણ કેન્દ્રમાં રહ્યું. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ-શિવસેનાને મળેલ સ્પષ્ટ બહુમતથી લઈને મુખ્યમંત્રી પદ પર ટકરાવ અને અલગાવ તથા ફરીથી કજોડા ગઠબંધનો વચ્ચે સત્તાના ખેલ સુધી મહારાષ્ટ્રે રાજકીય પતનના નવા આયામ સ્થાપિત કર્યા.

ભાજપે શરદ પવારની એનસીપીથી ભત્રીજા અજિત પવારના થોડા દિવસોના બળવા દ્વારા ૮૦ કલાકની સરકાર બનાવીને પોતાની સાખ દાવ પર લગાવી તો મુખ્યમંત્રી બનવા માટે ઉદ્ધવ ઠાકરેએ એ જ કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા જેના વિરુદ્ધ તેમના પિતા બાલા સાહેબ ઠાકરેએ શિવસેના બનાવી હતી! રાજકારણની નાટકીયતા અહીં જ સમાપ્ત નથી થઈ. હિંદુત્વના મુદ્દા પર પોતાના સૌથી જૂના અને આક્રમક સાથી રહેલા બાલા સાહેબના ઉત્તરાધકારી ઉદ્ધવને મુખ્યમંત્રી નહિ બનાવનારી ભાજપે તેમની શિવસેના તોડનારા એકનાથ શિંદેને મુખ્યમંત્રી અને પોતાના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ઉપ-મુખ્યમંત્રી બનાવીને પોતાની શાખ પર ફરીથઈ સવાલિયા નિશાન પોતે જ લગાવ્યું. ૮૦ કલાકની ફડણવીસ સરકારમાં ઉપ-મુખ્યમંત્રી રહીને એનસીપીમાં પાછા ફરેલા અજિતમાં ફરી બળવો જાગ્યો અને તેઓ ધારાસભ્યોના બહુમત સાથે પાર્ટી તોડીને ભાજપ-શિંદે શિવસેનાની મહાયુતિ સરકાર સાથે જઈને પાંચમી વખત રાજ્યના ઉપ-મુખ્યમંત્રી બની ગયા. સત્તાના આ ખેલમાં નીતિ-સિદ્ધાંત-વિચારધારા ના આ તરફ હતી, ના પેલી તરફ. બસ સત્તાની ધારા જ બધાના માથે ચડીને નાચી રહી હતી. જ્યારે જેને જેવો મોકો મળતો હતો, તે સત્તાના વહેણમાં ડૂબકી મારી રહ્યો હતો.

મહારાષ્ટ્રમાં પરિવાર પણ તૂટ્યા. હવે અજિત પવારે કહ્યું કે ૨૦૧૯ના નાટકના રચયિતા તો શરદ પવાર જ હતા. મહારાષ્ટ્રના ચૂંટણી પરિદશ્યમાં ભાજપ અને કોંગ્રેસ જ બે મોટા પક્ષો છે. ભાજપની મહાયુતિ અને કોંગ્રેસની મહાવિકાસ આઘાડી, બંનેમાં ગણતરીના ત્રણ-ત્રણ પક્ષ છે, પરંતુ અસલમાં બાકી બે પક્ષો વિભાજિત જૂથ છે, જેમની રાજકીય સ્વીકાર્યતાની પરીક્ષા છે આ ચૂંટણીઓ. શિંદેના નેતૃત્વવાળી શિવસેના અને અજિત પવારના નેતૃત્વવાળી એનસીપી, મહાયુતિમાં છે તો ઉદ્ધવના નેતૃત્વવાળી શિવસેના અને શરદ પવારના નેતૃત્વવાળી એનસીપી, મહાવિકાસ આઘાડીમાં છે.

વિચિત્ર સ્થતિ છે કે બંને મોટા પક્ષો આ જૂથો પર વધુ નિર્ભર દેખાઈ રહ્યા છે, જ્યારે તેમની વિશ્વસનિયતા શંકાસ્પદ છે. શરદ પવાર પોતાના ધારાસભ્યોની સંખ્યાથી પણ કેટલાય ગણી સીટો પોતાની એનસીપી માટે હાંસલ કરવામાં સફળ રહ્યા. અજિત પવાર મહાયુતિમાં હોવા છતાં ભાજપની ચૂંટણી રણનીતિની ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે. ભાજપ જે નવાબ મલિક પર અંડરવર્લ્ડ સાથે સંબંધોના આરોપ લગાવતી રહી, તેમને અને તેમની પુત્રીને પણ અજિતે વિધાનસભા ટિકિટ આપી. આ કેવો ગઠબંધન ધર્મ છે? શિંદે સાથે ભાજપના સંબંધો સહજ જણાય છે, પરંતુ તેમને આપવામાં આવેલી વધારે સીટોમાં રાજકીય જોખમ પણ છે. ખુદ સત્તાના દાવેદારોમાં એવા ભ્રમ વચ્ચે મતદારો માટે કોઈ પક્ષ-ઉમેદવારની પસંદગી આસાન નહીં હોય.

ઝારખંડનું ચૂંટણી પરિદશ્ય પણ તડજોડ અને વાયદાની માયાજાળથી મુક્ત નથી. તમામ આશંકાઓ વચ્ચે ઝારખંડ મુક્તિ મોરચા-કોંગ્રેસ-રાજદ ગઠબંધન સરકાર કાર્યકાળ પૂરો કરવામાં સફળ રહી, પરંતુ આ દરમ્યાન એક મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી પદ છોડીને હેમંત સોરેને થોડા મહિના જેલમાં રહેવું પડ્યું. એ દરમ્યાન મુખ્યમંત્રી બનાવવામાં આવેલા ચંપઇ સોરેન જ આ ચૂંટણીમાં ભાજપ માટે આદિવાસી ક્ષેત્રોમાં ‘ટ્રમ્પ કાર્ડ’ બનતા દેખાઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં જો પવાર પરિવાર વિભાજિત થયો તો ઝારખંડમાં પણ મુખ્યમંત્રી હેમંત સોરેનનો પરિવાર તૂટી ચૂક્યો છે. તેમની ભાભી સીતા સોરેન ભાજપમાં છે. ચૂંટણી પહેલાં પક્ષપલટા તો હવે ભારતીય રાજકારણનું સ્થાયી ચરિત્ર બની ગયા છે, પરંતુ આદિવાસી ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની લાંબા સમયથી સક્રિયતા તથા બાબુલાલ મરાંડી અને અર્જુન મુંડા જેવા મુખ્યમંત્રીર હી ચૂકેલા આદિવાસી નેતા હોવા છતાં પણ ભાજપ માટે ચંપઇ સોરેનનું આટલું મહત્ત્વપૂર્ણ થઈ જવું દર્શાવે છે કે સરસાઈના સંકેતો છતાં તે જીત પ્રત્યે આશ્વસ્ત નથી. કદાચ મહારાષ્ટ્રની જેમ ઝારખંડમાં પણ લોકસભા ચૂંટણીમાં લાગેલ ઝાટકો તેનું કારણ હોય. કોંગ્રેસ અને રાજદની ઉદારતાથી વિપક્ષી ગઠબંધન ઈન્ડી ડાબેરીઓને પણ સાથે લેવામાં સફળ રહ્યું છે. બિનઆદિવાસી ક્ષેત્રોમાં ભાજપની બહેતર સ્થિતિ છતાં માનવામાં આવે છે કે સત્તાની જંગમાં આદિવાસી બહુલ વિધાનસભા સીટો નિર્ણાયક સાબિત થઈ શકે છે. ધ્યાન રહે કે લોકસભા ચૂંટણીમાં આદિવાસી બહુલ તમામ પાંચ સીટો પર ઈન્ડી ગઠબંધન જીત મેળવવામાં સફળ રહ્યું હતું. કદાચ આ વખતે ઘૂસણખોરીનો મુદ્દો સમીકરણ બદલી નાખે.

## શુ કરવામાં આવે : ૫-૨-૧-૦ની ફોર્મ્યુલા પર કામ કરવાની જરૂર


# બાળક સ્થુળ છે તો ખાસ ફોર્મ્યુલા

### ૬-૧૫ વર્ષ સુધી સામાન્ય રીતે એકથી દોઢ કિલો વજન વધે તે જરૂરી છે : ૩૦ ટકા બાળકો સ્થુળતાથી ગ્રસ્ત હોય છે જે જંક ફુડ ખાય છે

બાળકોમાં વજન વધવા માટેની સમસ્યા સામાન્ય રીતે ૧૦ વર્ષથી લઇને ૧૫ વર્ષની વય સુધી શરૂ થાય છે. આવા બાળકોમાં મોટા થતા કેટલીક ખાસ પ્રકારની બિમારી થવાનો ખતરો રહે છે. જેમાં હાર્ટ સંબંધિત બિમારીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ડાયાબિટીસ, પીસીઓડી અને બાર્મોનલ સંબંધી પરેશાની આવવા લાગી જાય છે. આ તમામ તકલીફને કેટલીક કાળઝી રાખીને રોકી શકાય છે. બાળકોમાં સ્થુળતા વધવા માટે જે કારણ મુખ્ય રીતે રહેલા છે તેમાં ખેલકુદને લઇને રસ ઓછો હોવાની બાબત પણ સામેલ છે. સાથે સાથે જે બાળકો મોટા ભાગે જંક ફુડનો ઉપયોગ વધારે કરે છે તેમનામાં પણ આ સમસ્યા સામાન્ય રીતે જોવા મળે છે. આવા બાળકોમાં ૧૦ વર્ષથી લઇને ૧૫ વર્ષની વય સુધી બોડી ફેટ વધવા લાગી જાય છે. મોટા ભાગના બાળકો મોબાઇલ, ટીવી અને વિડિયો ગેમની સાથે તેમનો સમય ગાળે છે. જેના કારણે શારરિક ગતિવિધી તઇ શકતી નથી. આના કારણે બાળકોની લંબાઇ વધવાની પ્રક્રિયા સમય કરતા પહેલા રોકાઇ જાય છે. ફેટી બાળકોના શારરિક અને માનસિક વિકાસની પ્રક્રિયા યોગ્ય રીતે થઇ શકતી નથી. આવા બાળકો સીઢી ચઢતા પણ થાકી જાય છે. ખુબ વહેલી તકે થાકી જાય છે. યુવતિઓમાં સમય કરતા પહેલા પિરિયડનો ગાળો શરૂ થઇ જાય છે. ઓવરીમાં તકલીફ થાય છે. જેના કારણે પીસીઓડીની સમસ્યા ઉભી થાય છે. આવા બાળકો વધારે ભાવુક અને બિમારીથી ગ્રસ્ત બની જાય છે. સ્થુળતાથી ગ્રસ્ત રહેલા બાળકોને ફિટ કરવા માટે કેટલીક ફોર્મ્યુલા રહેલી છે. જેના પર કામ કરવામાં આવે તે ફાયદો થાય છે. આના માટે માતાપિતાને બાળકો માટે ફાઇવ ટુ જીરો ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. પાંચમાં સિઝનની શાકભાજી અને ફળ નિયમિત રીતે ખાવામાં આવે તો ફાયદો થાય છે. બે કલાકથી વધારે ટીવી અને મોબાઇલ ચલાવવા માટેની મંજુરી આપવી જોઈએ નહીં. એક કલાકથી વધારે સમય સુધી દરરોજ કસરત કરવામાં આવે તે જરૂરી છે. કોઇ પણ પ્રકારના સોફ્ટ ડ્રિન્ક બાળકોને પીવા માટે ન આપવામા આવે તે જરૂરી છે. માત્ર બાળકો માટે જ નહીં બલ્કે તમામ વયના લોકો માટે સ્થુળતા ખતરનાક છે અને અનેક બિમારીને આમંત્રણ આપે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્તનપાન વધુ કરનાર નવજાત શિશુમાં બાળપણમાં સ્થૂળતાનો ખતરો ઘટી જાય છે. જ્યારે બીજી બાજુ ડાયાબિટીશનો શિકાર થયેલી માતાઓના બાળકોને બાળપણમાં સ્થૂળતાનો ખતરો વધારે રહે છે. અભ્યાસ મુજબ ઓછામાં ઓછા છ મહિના સુધી સ્તનપાન કરનાર શિશુમાં આ ખતરો ઘટી જાય છે.




ઇપીડેમિયોલોજીસ્ટ ટેસાક્રૂમે કહ્યું છે કે વ્યાપક અભ્યાસ બાદ આ મુજબના તારણ સપાટી પર આવ્યા છે. અભ્યાસવેળા સંશોધકોએ ડાયાબિટીશનો શિકાર થયેલી માતાઓના ૯૪ બાળકો અને ડાયાબિટીશનો શિકાર નહીં થયેલી ૩૯૯ મહિલાઓના બાળકો ઉપર નજર રાખ્યા બાદ આ તારણ ઉપર પહોંચ્યા છે. સંશોધકોનું કહેવું છે કે બાળકોમાં સ્થૂળતાનો ખતરો વધી જાય છે પરંતુ શિશુના ગાળામાં સ્તનપાન કરવામાં આ ખતરો ઓછો રહે છે. ડાયાબિટીક સગર્ભા અવસ્થાના કારણે પોષણ વધી જતાં સ્થૂળતાનો ખતરો બાળકમાં રહે છે. અહેવાલ મુજબ સગર્ભા અવસ્થા દરમિયાન ડાયાબિટીશનો શિકાર થયેલી મહિલાઓને ખૂબ જ સંભાળ લેવાની જરૂર પડે છે. સ્તનપાન નવજાત શિશુને માત્ર ઘણી બિમારીથી રક્ષણ આપે તેમ નથી બલ્કે અન્ય ખતરા પણ ટાળી દે છે. બાળપણમાં સ્થૂળતાનું જોખમ અનેકગણું ઘટી જાય છે. આ મહિલા સંશોધકનું કહેવું છે કે નવી શોધથી નવજાત શિશુને વધુ પ્રમાણમાં મહિલાઓ સ્તનપાન કરાવવા આગળ આવશે અને ગેરમાન્યતા ધરાવતી મહિલાઓને પ્રત્સાહન મળશે. સગર્ભા અવસ્થા દરમિયાન ડાયાબિટીકનો શિકાર બનેલી મહિલાઓ માટે પણ આ તારણો ઉપયોગી સાબિત થશે. ઇન્ટરનેશનલ જનરલ ઓફ ઓબેસિટીના નવા અભ્યાસમાં આ સંશોધનના તારણો પ્રકાશિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે, જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઇન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બોડી માસ ઇન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઇંચની લંબાઇ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઇએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઇંચની લંબાઇ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઇએ.




# આખરે કંગનાની 'ઇમરજન્સી'નું આગમન નક્કી થયું : ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થશે

કંગના રણૌતની 'ઈમરજન્સી' અંતે રિલીઝ થવાની છે અને તેની હવે નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. સૌથી પહેલાં આ ફિલ્મ ૧૪ જૂને રિલીઝ થવાની હતી. પરંતુ કેટલાક વિવાદોને કારણે ફિલ્મની રિલીઝ પાછી ઠેલાઈ હતી. ભારતીય લોકશાહીના ઈતિહાસની સૌથી વિવાદીત ઘટના દર્શાવતી એક મોટા બજેટની ફિલ્મ હોવાનો દાવો ફિલ્મ મેકર્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ ફિલ્મ દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના જીવન પર આધારીત છે. કંગનાએ પોતાના એક્સ અકાઉન્ટ દ્વારા આ ફિલ્મની નવી રિલીઝ ડેટ અંગે જાહેરાત કરી હતી. પોસ્ટર જાહેર કરવાની સાથે તેણે ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ તારીખ પણ જાહેર કરી હતી.આ સાથેની કેપ્શનમાં તેણે લખ્યું હતું, ''૧૭ જાન્યુઆરી ૨૦૨૫, આ દેશની સૌથી શક્તિશાળી મહિલાની મહાગાથા અને એ ક્ષણ જેણે ભારતનું ભાગ્ય બદલી નાંખ્યું. ઈમરજન્સી આપની સમક્ષ માત્ર સિનેમામાં ખુલશે.''આ ફિલ્મમાં કંગના ઈન્દિરા ગાંધીની મુખ્ય ભુમિકા તો ભજવે જ છે સાથે તેણે આ ફિલ્મ ડિરેક્ટ પણ કરી છે, તે જ આ ફિલ્મની રાઈટર અને પ્રોડ્યુસર પણ છે. કંગના સાથે આ ફિલ્મમાં અનુપમ ખેર, મિલિંદ સોમણ, મહિમા ચૌધરી, અને શ્રેયસ તળપદે જેવા જાણીતા કલાકારો પણ મહત્વના રોલમાં છે.

શ્રેયસ તળપદે આ ફિલ્મમાં અટલ બિહારી બાજપાઈનો રોલ કરે છે. જ્યારે અનુપમ ખેર જયપ્રકાશ નારાયણનું પાત્ર ભજવતા જોવા મળશે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મમાં સ્વર્ગવાસી કલાકાર સતીષ કૌશિક પૂર્વ ઉપપ્રધાનમંત્રી જગજીવન રામનું પાત્ર ભજવતા દેખાશે. વિવિધ પ્રકારના વિવાદો બાદ સેન્સર બોર્ડે પણ કેટલાક દશ્યો-સંવાદ સામે વાંધો ઊઠાવ્યો હતો. વિવાદોના ઉકેલ બાદ અંતે કંગનાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જાહેર કર્યું હતું કે આખરે તેની ફિલ્મને સેન્સર બોર્ડની મંજૂરી મળી ગઈ છે. ત્યારે હવે આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે.



# સંગીતકાર રહેમાન અને પત્ની સાયરા બાનુએ તલાક લીધાં

સમગ્ર વિશ્વમાં દિગ્ગજ સંગીતકાર તરીકે આગવી ઓળખ ઊભી કરનારા એ.આર. રહેમાનના દરેક ગીતમાં તાલ અને સૂરનું ગજબ સાયુજ્ય હોય છે. જો કે રહેમાનનું પોતાનું દામ્પત્ય જીવન બેસુરુ થઈ ગયું છે. રહેમાનના પત્ની સાયરા બાનુએ ભારે હૈયે રહેમાન સાથે તલાક લેવાની જાહેરાત કરી છે. બંને વચ્ચે ઊંડી ખાઈ ઊભી થઈ હોવાથી તલાક બાબતે ફેરવિચારણાની શક્યતા નહીવત છે.

રહેમાનના પત્ની સાયરા બાનુએ પતિ સાથે સેપરેશનની જાહેરાત કરી છે. સાયરાના વકીલે પોતાના અસીલ તરફથી ઓફિશિયલ સ્ટેટમેન્ટ જાહેર કર્યું છે, જેમાં આ કપલ

સંમતિથી સેપરેશન માટે તૈયાર હોવાનું કહેવાયું છે. આ સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબ, વર્ષોના દામ્પત્ય જીવન બાદ શ્રીમતી સાયરાએ ભારે હૈયે પતિ એ.આર. રહેમાનથી છૂટા પડવાનો નિર્ણય લીધો છે. તેમના સંબંધોમાં અતિશય તણાવ આવી ગયા બાદ આ નિર્ણય લેવાયો છે. બંને એકબીજા માટે ઊંડો પ્રેમ ધરાવે છે, પરંતુ તેમની વચ્ચે મતભેદો એટલા વધી ગયા છે કે હવે આ ખાઈ પૂરવાનું અઘરું બન્યું છે. અંતર ઘટાડવા માટે બેમાંથી કોઈ સક્ષમ હોય તેમ હાલના તબક્કે જણાતું નથી. સાયરાએ અતિશય દુઃખ અને વ્યથા સાથે આ નિર્ણય લીધો છે. આવા કપરા સમયે પ્રાઈવસી જળવાય તેવી અપેક્ષા છે.

રહેમાન અને સાયરાના ત્રણ સંતાનો છે. જેમાં ખતિજા, રહીમા અને અમીનનો સમાવેશ થાય છે. રહેમાન અને તેમનો પરિવાર ખૂબ ઝૂઝ પ્રસંગે જાહેરમાં સાથે જોવા મળ્યા છે. બોલિવૂડની ફિલ્મોમાં દર્શાવાતા પરિવારોની જેમ રહેમાન પરિવારને આદર્શ ગણવામાં આવતું હતું.

## ટાઈગર રુકેગા નહીં 'બાગી ૪'માં વધારે ખૂંખાર બનશે

# ટાઈગરની ડૂબતી નાવને બચાવવાની જવાબાદારી સાઉથના ડાયરેક્ટરે લીધી

બોલિવૂડનો ફેવરિટ એક્શન હીરો ટાઈગર શ્રોફ ઘણાં સમયથી ફ્લોપ ફિલ્મો આપી રહ્યો છે. પણ, પોતાના નામને યથાર્થ ઠેરવતાં ટાઈગરે થાકીને હારી જવાના બદલે બમણા ઝનૂન સાથે પાછા ફરવાની તૈયારી કરી લીધી છે. ટાઈગરની કરિયરમાં માઈલસ્ટોન સાબિત થયેલી 'બાગી' ફ્રેન્ચાઈઝની ચોથી ફિલ્મ બની રહી છે, જેમાં ટાઈગરને વધારે ખૂંખાર બતાવવામાં આવ્યો છે. 'બાગી ૪'ની ઓફિશિયલ એનાઉન્સમેન્ટ સાથે ફિલ્મનું પોસ્ટર પણ શેર કરવામાં આવ્યું છે.


પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાએ શેર કરેલા ફર્સ્ટ લૂક પોસ્ટરમાં ટાઈગર શ્રોફ ટોઈલેટ ચેર પર બેઠેલો છે. તે સ્મોકિંગ કરી રહ્યો છે, હાથમાં દારૂની બોટલ છે અને

આસપાસ લોહીના ડાઘા છે. ટાઈગરના પગ પાસે કેટલાક માણસો પડ્યા છે, જેમને ટાઈગરે જ માર્યા હોય તેમ લાગે છે. અગાઉની ત્રણ 'બાગી' કરતાં આ ફિલ્મ અલગ હોવાનું એલાન કરતાં નડિયાદવાલાએ પોસ્ટમાં જણાવ્યું છે કે, આ વખતે વધારે ખૂંખાર, વધુ લોહિયાળ મિશન. આ વખતે પહેલા જેવો નથી.

'બાગી ૪'નું ડાયરેક્શન સાઉથના ડાયરેક્ટર એ હર્ષાને સોંપવામાં આવ્યું છે. હર્ષાએ કન્નડમાં 'ભજરંગી', 'વેધા' જેવી યાદગાર ફિલ્મો આપેલી છે. દિલધડક સ્ટોરીની સાથે ચોંકાવનારા એક્શન સીક્વન્સ માટે જાણીતા હર્ષ 'બાગી ૪'થી બોલિવૂડમાં ડેબ્યુ કરવાના છે. ટાઈગરની એક્શન ફિલ્મો ઓડિયન્સને ખાસ પસંદ આવી નથી ત્યારે તેના નવા અવતારમાં રજૂ કરવાની જવાબદારી સાઉથના ડાયરેક્ટરે લીધી છે. ટાઈગરની ડૂબતી કરિયરની સાથે નડિયાદવાલાની બિગ બજેટ ફિલ્મને પણ સાઉથનો આ સ્પર્શ સફળ બનાવી શકશે કે નહીં તે જોવું રહ્યું. ટાઈગરની આ ફિલ્મ આગામી વર્ષે ૫ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. આ દિવસે બોલિવૂડની કોઈ મોટી રિલીઝ હજુ જાહેર થઈ નથી. નવી કોઈ જાહેરાત ન થાય તો 'બાગી ૪'ની સીધી ટક્કર માત્ર હોલિવડ હોરર મૂવી 'ધ કોન્જરિંગઃ લાસ્ટ રાઈટ્સ' સાથે થશે.

સલમાન ખાને ઈદ પર પોતાની ફિલ્મ રિલીઝ કરવાની પરંપરાને ફરી શરૂ કરી છે. ૨૦૨૫ની ઈદ પર સલમાન-રશ્મિકા મંદાનાની 'સિકંદર' રિલીઝ થવાની છે. આ ફિલ્મનું ૫૦ ટકા શૂટિંગ હૈદરાબાદમાં પૂરું થયું છે અને જાન્યુઆરી સુધીમાં ફિલ્મનું શૂટિંગ સંપન્ન કરી દેવાનું આયોજન છે. આ ફિલ્મમાં સલમાન અને રશ્મિકાએ ઈદને અનુરૂપ કવ્વાલી અને હોળી ગીતો પર મન મૂકીને ડાન્સ કર્યો છે.

'સિકંદર'માં સત્યરાજ ઉર્ફે કટપ્પા અને શરમન જોષી પણ મહત્ત્વના રોલમાં છે. હિન્દી ફિલ્મોમાં એક્શન અને ગીતોનું ખૂબ મહત્ત્વ હોય છે. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા અને ગીતકાર પ્રીતમે 'સિકંદર' માટે બે ગીત ફાઈનલ કરી દીધા હોવાનું કહેવાય છે. ઈદના માહોલને અનુરૂપ ગીતની સાથે હોળીના ઉલ્લાસને રજૂ કરતી ધૂનો પર સલમાન અને રશ્મિકાને ઝૂમતા જોઈ શકાશે. સિકંદરમાં કવ્વાલી અને યાદગાર હોળી ગીત જોવા મળશે. આ બંને ગીતો હિટ થવાની ફિલ્મની ટીમને આશા છે. આ બે ગીત ઉપરાંત એક રોમેન્ટિક ગીત પણ રાખવાનું છે. ફિલ્મના ગીતો માટે ભવ્ય સેટ ઊભા કરવામાં આવશે. નડિયાદવાલાને બોલિવૂડમાં હિટ ફિલ્મોની ફોર્મ્યુલા સારી રીતે ખબર છે. તેઓ એક્શન સીક્વન્સ જેટલો જ ખર્ચ ગીતોને ભવ્ય અને યાદગાર બનાવવા માટે કરી રહ્યા છે. એકાદ ગીત પણ લોકજીભે ચડી જાય તો ફિલ્મના હિટ જવાના ચાન્સ વધી જાય છે.






# તમન્નાએ કર્યું આજ કી રાત...નું સેલિબ્રેશન

## નાઈટ વિથ લેડીઝમાં કાજલ અગ્રવાલ, ડાયના પેન્ટી, રાશા થાડાનીએ રંગ જમાવ્યો

તમન્ના ભાટિયાએ નજીકની ખાસ સખીઓ સાથે વીકેન્ડની યાદગાર ઉજવણી કરી હતી. તમન્નાએ 'ગર્લ ગેંગ' સાથે રાખેલી પાર્ટીમાં ડાન્સ, ડિનર અને મસ્તી સાથે સેલિબ્રેશન થયું હતું. કાજલ અગ્રવાલ, ડાયના પેન્ટી અને રવિનાની દીકરી રાશા થાડાનીએ તમન્ના ભાટિયાની મહેમાનગતિ માણી હતી. પાર્ટીમાં નાચતા-ગાતા સેલ્ફી અને ફોટોગ્રાફ્સ તેમણે ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. સોશિયલ મીડિયા પર શેર કરેલા ફોટોગ્રાફ્સમાં તમન્નાએ પોપ્યુલર ગીત 'આજ કી રાત...'ને કનેક્ટ કર્યુ હતું. કેપ્શનમાં તમન્નાએ લખ્યુ હતું કે, જ્યારે રવિવારે આજ કી રાત આવી જાય.

'સ્ત્રી ૨'માં તમન્નાએ પરફોર્મ કરેલું 'આજ કી રાત' ખૂબ પોપ્યુલર થયું છે. તમન્નાએ પોતાની ગર્લ ગેંગ સાથે આ ગીતની સફળતાને માણી હતી. કાજલે કોમેન્ટ સેક્શનમાં રવિવારની સાંજને સુપર ફન ઈવનિંગ ગણાવી હતી. ડાયનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આ પોસ્ટ શેર કરી હતી અને નાઈટ વિથ ગર્લ્સ તરીકે ઉલ્લેખ કર્યો હતો. તમન્નાની સાથે બોલિવૂડ સેલિબ્રિટીઝે યાદગાર સાંજ માણી હતી અને સોશિયલ મીડિયા પર પોતાના રીએક્શન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, 'સ્ત્રી ૨'માં આજ કી રાત રજૂ કરવાની સાથે તમન્નાએ શમાના કેરેક્ટરમાં એક્સટેન્ટેડ કેમિયો પણ આપ્યો હતો. આ હોરર કોમેડીમાં શ્રદ્ધા કપૂરનો લીડ રોલ હોવા છતાં સૌથી વધુ વખાણ તમન્નાના થયા હતા. આગામી સમયમાં તમન્નાની ફિલ્મ સિકંદર કા મુકદ્દર આવી રહી છે. ૨૯ નવેમ્બરે નેટફ્લિક્સ પર તેનું સ્ટ્રીમિંગ થવાનું છે.


# 'પોતાને બાથરૂમમાં બંધ કરીને ખૂબ રડતો હતો', શાહરૂખ ખાને યાદ કર્યા સંઘર્ષના દિવસો

સુપરસ્ટાર શાહરૂખ ખાન ઘણા લોકો માટે પ્રેરણા છે. તેનાથી પ્રેરિત થઈને ઘણા લોકો બોલિવૂડ તરફ વળ્યા છે, જેઓ આજે ઈન્ડસ્ટ્રીમાં જાણીતું નામ બની ગયા છે.સુપરસ્ટાર શાહરૂખ ખાન દેશમાં જેટલો લોકપ્રિય છે તેટલા જ વિદેશમાં તેના ચાહકો પણ છે. વિદેશમાં પણ શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ ઘણી મોટી છે. તેની ફિલ્મો, રમૂજ અને શૈલીના લાખો ચાહકો છે. શાહરૂખની સ્ટાઈલના દરેક લોકો દિવાના છે. હવે ફરી એકવાર કિંગ ખાને તેની આ જ સ્ટાઈલથી આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની ઓળખ બનાવી છે. શાહરૂખે દુબઈ એક્ઝિબિશન સેન્ટર એક્સ્પો સિટી ખાતે ગ્લોબલ ફ્રેઈટ સમિટમાં ભાગ લીધો હતો, જ્યાં તે તેના સ્ટારડમથી લઈને બિઝનેસ સુધીના મુદ્દાઓ પર ચર્ચા કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન, તેણે તેની તે ફિલ્મોની પણ ચર્ચા કરી જે બોક્સ ઓફિસ પર સારી ન ચાલી.

આ ઈવેન્ટમાં શાહરૂખ ખાને ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. કિંગ ખાને પોતાના કરિયરમાં ૧૦૦થી વધુ ફિલ્મો કરી છે. મોડરેટર સાથે વાત કરતી વખતે, શાહરૂખે માત્ર તેના સ્ટારડમ વિશે જ નહીં પરંતુ તેની નિષ્ફળતા વિશે પણ વાત કરી અને જણાવ્યું કે તેણે તેનો સામનો કેવી રીતે કર્યો.

નિષ્ફળતા પર શાહરૂખે શું કહ્યું?

લોકોને તેમની નિષ્ફળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આત્મમંથન કરવાની વિનંતી કરતા શાહરૂખ ખાને કહ્યું- 'જ્યારે



તમે નિષ્ફળ થાઓ છો, ત્યારે તમારે એવું ન માનવું જોઈએ કે તમારી પ્રોડક્ટ અથવા સેવા અથવા કાર્ય ખોટું થયું છે. કદાચ તમે જે ઈકોસિસ્ટમમાં કામ કરી રહ્યા હતા તેને તમે ગેરસમજ કરી હતી. તમારે સમજવું પડશે કે લોકો કેવી પ્રતિક્રિયા આપી રહ્યા છે. જો હું જે લોકોને સેવા આપું છું તેમનામાં હું લાગણીઓ પેદા કરી શકતો નથી, તો મારું પ્રોડક્ટ ગમે તેટલું અદ્ભુત હોય તે કામ કરશે નહીં.'

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તે ક્યારેક તેના કામની ટીકા કરે છે, તો શાહરૂખ ખાને જવાબ આપ્યો- 'હા, હું છું. મને આ રીતે અનુભવવું નફરત છે, પરંતુ હું મારા બાથરૂમમાં ખૂબ રડતો હતો. મેં તે કોઈને બતાવ્યું નથી. તમારે માનવું જોઈએ કે દુનિયા તમારી વિરુદ્ધ નથી. જો તમારી ફિલ્મ તમે વિચાર્યું હોય તેમ પરફોર્મ નથી કરતી, તો તે તમારા કારણે નથી અથવા કોઈ કાવતરાને કારણે નથી. તમારે સ્વીકારવું પડશે કે તમે તેને ખરાબ રીતે બનાવ્યું છે, અને પછી તમારે આગળ વધવું પડશે.'

તેણે નિષ્ફળતાઓમાંથી આગળ વધવા પર કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેના પર પણ ભાર મૂક્યો. શાહરૂખ કહે છે- 'નિરાશાની ક્ષણો હોય છે, પરંતુ એવી ક્ષણો પણ હોય છે જે કહે છે- ચૂપ રહો, ઉઠો અને આગળ વધો. તમારે આ કરવું પડશે કારણ કે દુનિયા તમારી વિરુદ્ધ નથી. તમારે એવું ન માનવું જોઈએ કે વસ્તુઓ ફક્ત તમારા માટે જ ખોટી થઈ રહી છે. જીવન ચાલતું રહે છે. જે થઈ રહ્યું છે તેના માટે તમે જીવનને દોષ આપી શકતા નથી.

# ભારત સામેની સિરીઝ અગાઉથી જ કાંગારું કેમ્પ બુમરાહથી ભયભીત

## બ્રેટ લી અને ટ્રેવિસ હેડ જેવા ખેલાડીઓએ જસપ્રિત બુમરાહને ખતરનાક ગણાવ્યો, આ સિરીઝમાં તે મહત્વનું પાસું બની રહેશે

**પર્થ, તા ૨૦**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ ટેસ્ટની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટેની સિરીઝનો ૨૨મી નવેમ્બરથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સામાન્ય રીતે ભારતીય ટીમને દબાણમાં લાવવા માટે ઓસ્ટ્રેલિયાના વર્તમાન અને ભૂતપૂર્વ ક્રિકેટર્સ વાકયુદ્ધની મદદ લેતા હોય છે પરંતુ છેલ્લા થોડા દિવસથી પરિસ્થિતિ બદલાઈ છે. તેમાંય ખાસ કરીને ભારતના સ્ટાર બોલર અને પર્થ ટેસ્ટમાં રોહિત શર્માને સ્થાને ટીમની આગેવાની લેનારા જસપ્રિત બુમરાહથી હરીફ ટીમ અને તેના નિષ્ણાતો ભયભીત છે.



જસપ્રિત બુમરાહની પ્રતિષ્ઠા જ એવી છે કે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઝડપી બોલર બ્રેટ લીએ તેને ચબરાક અને ચાલાક કહ્યો છે તો ટ્રેવિસ હેડ તો બુમરાહને આ સિરીઝનું સૌથી મહત્વનું પરિબળ માની રહ્યો છે. બરાબર એક વર્ષ અગાઉ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની ફાઇનલમાં સદી ફટકારીને ભારતે ટાઇટલથી વંચિત રાખનારા બેટ્સમેન ટ્રેવિસ હેડે જણાવ્યું હતું કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સૌથી અગત્યનું પાસું કોઈ હોય તો તે જસપ્રિત બુમરાહ છે. બુમરાહનું ફોર્મ અને તેનું પ્રદર્શન સિરીઝના પરિણામ પર અસર કરી શકે છે.

જસપ્રિત બુમરાહને તેની સ્કીલ અને જોખમી બોલિંગથી ભૂતકાળ અને વર્તમાન ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સને ચિંતિત કરી દીધા છે. એટલે સુધી કે ૧૯૭૦ના દાયકાના ખુંખાર કેરેબિયન ઝડપી બોલરના યુગ બાદ પહેલી વાર ઓસ્ટ્રેલિયા કોઈ બોલરથી ભયભીત છે અને તે જસપ્રિત બુમરાહ છે તેમ ઓસ્ટ્રેલિયાના સ્થાનિક મીડિયાએ કબૂલ્યું છે.

૩૦ વર્ષીય બુમરાહે આ અગાઉ બે વાર ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કર્યો છે અને ઘણી સફળતા હાંસલ કરી છે. પર્થ ખાતે શુક્રવારથી શરૂ થઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં રોહિત શર્માને સ્થાને કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળનારા બુમરાહે તેના બે કાંગારું પ્રવાસમાં ૨૧.૨૫ની સરેરાશથી ૩૨ વિકેટ ઝડપી છે. તેમાંય ૨૦૧૮માં મેલબોર્ન ખાતેની ટેસ્ટમાં તેણે ૩૩ રનમાં છ વિકેટ ઝડપીને ભારતને વિજય અપાવ્યો હતો.

ઓસ્ટ્રેલિયામાં બુમરાહની ૨૧.૨૫ની સરેરાશ ૨૦મી સદીના પ્રારંભ બાદ શ્રેષ્ઠ છે. અગાઉ ન્યૂઝીલેન્ડના રિચર્ડ હેડલી અને વેસ્ટ ઈન્ડિઝના કર્ટલી એમ્બ્રોસે જ આ પ્રકારની સરેરાશથી ઓસ્ટ્રેલિયન ધરતી પર બોલિંગ કરી છે. એમ્બ્રોસે ૧૯.૭૯ની સરેરાશથી ૧૪ મેચમાં ૭૮ અને હેડલીએ ૧૭.૮૩ની સરેરાશથી ૧૨ મેચમાં ૭૭ વિકેટ ઝડપી છે જ્યારે બુમરાહે સાત મેચમાં ૨૧.૨૫ની સરેરાશથી ૩૨ વિકેટ ઝડપી છે.

ટ્રેવિસ હેડ, ઉસ્માન ખ્વાજા અને સ્ટિવ સ્મિથ આ સિરીઝમાં બુમરાહ સામે રમવાના છે અને તે તમામે સર્વાનુમતે બુમરાહના મહત્વને સ્વીકાર્યું છે. ટ્રેવિસ હેડે જણાવ્યું હતું કે તેને રમવો લગભગ અશક્ય છે. તમે એમ માનવાનો પ્રયાસ કરતો રહો છો કે તમે એક ડગલું આગળ છો પરંતુ સાથે સાથે તમને એવી પણ લાગણી થતી રહે છે કે બુમરાહ આગામી પગલાં વિશે વિચારતો રહે છે.

તેણે ઉમેર્યું હતું કે રમતના કોઈ પણ ફોર્મેટમાં તે શાનદાર બોલિંગ કરી રહ્યો છે. તે અગત્યનું પાસંવ છે, ભારત માટે અને સિરીઝ માટે મહત્વનું પરિબળ છે અને તે દર વખતે આક્રમણ કરતો રહે છે. મહત્વની મેચમાં તમારી પાસે સારો ખેલાડી હોવો જરૂરી છે અને મને લાગે છે કે બુમરાહ તે તમામમાં પણ સર્વશ્રેષ્ઠ છે. અમને લાગે છે કે આ સિરીઝમાં તે સૌથી કપરો બની રહેશે. ઓસ્ટ્રેલિયાના મહાન ઝડપી બોલર બ્રેટ લીનું કહેવું છે કે તે ખરેખર ચબરાક અને ચાલાક (તેણે બિલ્લી ચોર શબ્દનો ઉપયોગ કર્યો હતો) છે.

બુમરાહની અલગ પ્રકારની બોલિંગ એક્શનથી ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજા દિગ્મુઢ છે. તેણે કહ્યું હતું કે પહેલી વાર મેં તેનો સામનો કર્યો ત્યારે મને સમજણ પડી ન હતી કે બોલ ક્યાંથી આવે છે. તમે અપેક્ષા રાખો તેના કરતાં થોડી વધારે ઝડપથી બોલ તમારી તરફ આવતો હોય છે કેમ કે તેની બોલિંગ એક્શન વિચિત્ર છે અને કેવી રીતે બોલ રિલીઝ થાય છે તે પકડી શકાતું નથી.

### કોત્ઝીને દંડ થયો, ડિમેરિટ પોઈન્ટ્સ પણ મળ્યા


## ભારતે ચોથી ટી ૨૦માં અમ્પાયરના નિર્ણય સાથે અસંમતિ વ્યક્ત કરી હતી; એડવર્ડ્સ-મહમૂદને પણ દંડ ફટકાર્યો

**નવીદિલ્હી તા. ૨૦**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર ગેરાલ્ડ કોત્ઝી વિરુદ્ધ અનુશાસનાત્મક કાર્યવાહી કરી છે. તેની મેચ ફીમાં ૫૦%નો ઘટાડો કર્યો છે, જ્યારે એક ડીમેરિટ પોઈન્ટ પણ આપ્યો છે.

૨૪ વર્ષીય કોત્ઝીએ શુક્રવાર, ૧૫ નવેમ્બરે જોહાનિસબર્ગમાં ભારત સામેની ચોથી્ ૨૦ દરમિયાન અમ્પાયરના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી. કારણ કે, ભારતીય ઈનિંગ્સની ૧૫મી ઓવરમાં ફિલ્ડ અમ્પાયરે તેનો બોલ વાઈડ જાહેર કર્યો હતો.

કોત્ઝી ઉપરાંત ICCએ નેધરલેન્ડ્સના કેપ્ટન સ્કોટ એડવર્ડ્સ અને ઓમાનના ફાસ્ટ બોલર સુફયાન મહમૂદને પણ દંડ ફટકાર્યો છે.રેફરીએ ઠપકો પણ આપ્યો આ ઘટના બાદ કોત્ઝીએ મેચ રેફરીની સામે પોતાની ભૂલ સ્વીકારી અને સજા પણ સ્વીકારી. આમાં તેને સત્તાવાર ઠપકો પણ મળ્યો છે. ભારતીય ટીમે આ મેચ ૧૩૫ રને જીતીને



૪ મેચની T-૩૦ સિરીઝમાં ૩-૧થી જીત મેળવી હતી.

છેલ્લી મેચમાં કોત્ઝી માટે મોંઘી સાબિત થઈ હતી. તેણે ૪ ઓવરના ક્વોટામાં ૪૨ રન આપ્યા અને એક પણ વિકેટ લીધી ન હતી.નેધરલેન્ડ્સ-ઓમાન મેચઃ ૨ ખેલાડીઓને દંડ નેધરલેન્ડ્સ-ઓમાન ત્રીજી T૨૦ અલ અમીરાતમાં રમાઈ હતી. આ મેચમાં ભાગ લઈ રહેલા બે ખેલાડીઓને બે અલગ-અલગ કેસમાં દંડ ફટકાર્યો હતો. બંને ઘટના નેધરલેન્ડ્સની ઈનિંગ દરમિયાન બની હતી.એડવર્ડ્સે અમ્પાયરને બેટ બતાવ્યું નેધરલેન્ડ્સના કેપ્ટન સ્કોટ એડવર્ડ્સને કલમ ૨.૮ અને ૨.૨ માટે દોષિત ઠેરવ્યો હતો. LBW આઉટ થયા બાદ એડવર્ડ્સ અમ્પાયરને બેટ બતાવતો જોવા મળ્યો હતો. જ્યારે તે ડગઆઉટમાં પરત ફરી રહ્યો હતો, ત્યારે તેણે તેનું બેટ અને ગ્લોવ્ઝ ડગઆઉટમાં ફેંકી દીધા, જ્યાં તેને બે ડિમેરિટ પોઈન્ટ મળ્યા. તેના પર મેચ ફીના ૧૦% દંડ પણ ફટકાર્યો હતો.મહેમૂદે બેટર્સને બહાર જવાનો સંકેત આપ્યો ઓમાનના ફાસ્ટ બોલર સુફયાન મહમૂદે ડચ બેટર તેજા ન્દામાનુરુને આઉટ કર્યો અને તેને મેદાન છોડવાનો સંકેત આપતો જોવા મળ્યો. બંને ખેલાડીઓએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને મેચ રેફરી નિયામુર રશીદને કોઈ સત્તાવાર સુનાવણીની જરૂર નહોતી. નેધરલેન્ડ્સે આ શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી.



## બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલાં ઓસ્ટ્રેલિયામાં ભારતીય પ્રદર્શન પર પોલ

### એડિલેડમાં દ્રવિડની ૨૩૩ રનની ઈનિંગ નંબર વન, પંતની ગાબા ઈનિંગને પછાડી

૨૦૦૩માં રમાયેલી રાહુલ દ્રવિડની ઈનિંગ્સને ઓસ્ટ્રેલિયામાં સર્વશ્રેષ્ઠ ભારતીય પ્રદર્શનનો ખિતાબ મળ્યો છે. ઈજીદ્ર, સ્ટાર સ્પોર્ટ્સ અને ડિઝની હોટ સ્ટારે ક્રિકેટ ચાહકો વચ્ચે પોલ કર્યો હતો. જેમાં ઓસ્ટ્રેલિયામાં ભારતીયોના શ્રેષ્ઠ પ્રદર્શન પર મતદાન થવાનું હતું.ઓસમ ઈન ઓસ્ટ્રેલિયા નામના આ પોલમાં ૧૬ પરફોર્મન્સને શોર્ટલિસ્ટ કર્યા હતા અને ૧૩ લાખ લોકોએ વોટિંગ કર્યું હતું. એડિલેડ ટેસ્ટમાં રાહુલ દ્રવિડની ૨૩૩ અને ૭૨ રનની ઈનિંગ્સને સૌથી વધુ ૬૧.૫% વોટ મળ્યા હતા. દ્રવિડે પંતની ૮૯ રનની ઈનિંગ્સને વટાવી દીધી, જે ૨૦૨૧માં ગાબા ખાતે વિકેટ-કીપર બેટરનો સર્વોચ્ચ સ્કોર હતો.

આ પોલ ઓસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલાં કર્યો છે. ૫ ટેસ્ટ મેચની આ સિરીઝ ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થશે. છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં રમાશે.એડિલેડમાં પોન્ટિંગની બેવડી સદી, દ્રવિડે આપ્યો જવાબ એડિલેડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન રિકી પોન્ટિંગે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. તેણે ૨૪૨ રન બનાવ્યા હતા. આ ઈનિંગની મદદથી ઓસ્ટ્રેલિયાએ ૫૫૬ રન બનાવ્યા હતા. ભારતે પ્રથમ દાવમાં ૫૨૩ રન બનાવ્યા હતા. દ્રવિડે ૨૩૩ રનની ઈનિંગ રમી હતી અને વીવીએસ લક્ષ્મણે ૧૪૮ રનની ઈનિંગ રમી હતી. બંને વચ્ચે ૩૦૩ રનની ભાગીદારી થઈ હતી.

ઓસ્ટ્રેલિયા બીજા દાવમાં ૧૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દ્રવિડે બીજા દાવમાં અણનમ ૭૨ રન બનાવ્યા અને ભારતે ૨૩૦ રનના ટાર્ગેટને ચેઝ કર્યો.

૧. એડિલેડમાં લક્ષ્મણ સાથે મોટી ભાગીદારી કરી પોલ બાદ ઈજીદ્રએ રાહુલ દ્રવિડ સાથે વાત કરી હતી. રાહુલ દ્રવિડે કહ્યું, "જ્યારે ભારતીય ટીમ પ્રથમ ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાના ૫૫૬ રનના જવાબમાં બેટિંગ કરવા આવી, જ્યારે ૮૫ રનમાં ૪ વિકેટ પડી ગઈ હતી, ત્યારે મેં કેપ્ટન (સૌરવ ગાંગુલી) રન આઉટ કરાવ્યો હતો. હું માનું છું કે જ્યારે તમે બેટિંગ કરો છો. તમે ભાગીદારી બનાવવાનું વિચારો છો.

મારી અને લક્ષ્મણ વચ્ચે ખાસ વાત એ હતી કે આ પહેલા અમે ઘણી મોટી ભાગીદારી કરી હતી. અમે ૨૦૦૧માં કોલકાતામાં આવું કર્યું હતું. વિકેટ બેટિંગ માટે સારી હતી. જ્યારે બોલ થોડો જુનો થયો, ત્યારે રન ઝડપથી બનવા લાગ્યા. લક્ષ્મણ એક મહાન ખેલાડી છે. તે મને કમ્પ્લિમેન્ટ આપતો હતો. જેના કારણે હું મોટી ઈનિંગ્સ રમી શક્યો.'

## ઓસ્ટ્રેલિયાએ કોહલીને છંછેડવાથી દૂર રહેવું જોઈએઃ શેન વોટ્સન

### ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓલ-રાઉન્ડરની કોહલી સાથે ઘર્ષણ ટાળવાની કાંગારૂ ટીમને સલાહ

**પર્થ**

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓલ-રાઉન્ડર શેન વોટ્સને ઓસ્ટ્રેલિયન ટીમને સલાહ આપતા જણાવ્યું કે, બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને છંછેડવાથી દૂર રહેવું જોઈએ. વોટ્સનના મતે ઓસ્ટ્રેલિયાએ કોહલી સાથે ઘર્ષણ ટાળવું જોઈએ કારણ કે, કોહલીની ઉશ્કેરણી કરવાથી તે બેટિંગમાં ઘાતક પુરવાર થઈ શકે છે. વિરાટ કોહલીની ઉશ્કેરણીથી ઓસ્ટ્રેલિયાને તેનું પરિણામ ભોગવવું પડી શકે છે અને



ભૂતકાળમાં વોટ્સને આ અનુભવ્યું છે. વોટ્સને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે, વિરાટ વિશે હું એક વાત જાણું છું કે, તેની અંદર ઊંડે એક આગ રહેલી છે, તે દરેક બોલ રમતી વખતે જે પ્રકારનો જુસ્સો દર્શાવે છે તે કાબિલેદાદ હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેની અંદરની આગ ઓલવાતી હોવાનું જોવા મળે છે.

ઓસ્ટ્રેલિયાના દિગજ્જ ક્રિકેટર ઈયાન હીલીએ આગામી ટેસ્ટ સિરીઝમાં ઓસ્ટ્રેલિયન પેસર્સને ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી સામે બોડી બેશ રણનીતિ અપનાવવા જણાવ્યું છે. હીલીના મતે કાંગારૂ ઝડપી બોલરો પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને મિચેલ સ્ટાર્કે કોહલીના કંગાળ ફોર્મનો ફાયદો ઉઠાવતા તેના શરીરને ટારગેટ બનાવીને તેના આગળના પગ પર પ્રહાર કરતા રહેવું જોઈએ.

## 'ધ ન્યુ કિંગ' : ઓસ્ટ્રેલિયામાં યશસ્વી જયસવાલ છવાયો

**પર્થ,તા.૨૦**

ભારતનાં યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને ઓસ્ટ્રેલિયન મીડિયામાં 'ધ ન્યૂ કિંગ' કહેવામાં આવી રહ્યો છે. વિરાટ કોહલી બાદ સૌથી વધુ ફોકસ તેનાં પર છે. તેને ભારતીય બેટિંગનું ભવિષ્ય ગણાવવામાં આવી રહ્યો છે. લગભગ ૧૨ વર્ષ પહેલાં, ૨૪ વર્ષીય વિરાટ, પર્થની ઝડપી અને જ્વલંત પીચ પર પ્રથમ વખત રમી રહ્યો હતો, તે બંને ઈનિંગ્સમાં ભારતનો ટોપ સ્કોરર હતો. મહાન સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણ, વીરેન્દ્ર સેહવાગ પણ ભારતીય પ્રતિક્ષા લાઈનઅપમાં હાજર હતાં અને તે બધાંએ તે મેચમાં રન બનાવવા માટે સંઘર્ષ કર્યો હતો. વિરાટની તે ઈનિંગ્સથી ભારત તે મેચ જીતી શક્યું ન હતું, પરંતુ પર્થ ટેસ્ટ પછી તેની વ્યક્તિગત કારકિર્દીનો ગ્રાફ ઘણો ઊંચો આવ્યો હતો. લગભગ ૩૨ વર્ષ પહેલાં, જ્યારે તેંડુલકરે પણ પર્થમાં રમતાં પ્રથમ વખત સદી ફટકારી હતી, ત્યારે વિશ્વએ એક નવાં સુપરસ્ટારનો ઉદભવ જોયો હતો. હવે યશસ્વીનો વારો છે. સચિન અને વિરાટની જેમ પોતાની પ્રતિભાથી પર્થમાં નવી પ્રતિષ્ઠા મેળવીને તે પણ કાયમ માટે 'ધ ન્યૂ કિંગ'નું બિરુદ હાંસલ કરી શકે છે. ભારતનાં ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીને ખાતરી છે કે યશસ્વી ઓસ્ટ્રેલિયા પ્રવાસમાંથી વધુ સારો બેટ્સમેન બનીને પરત ફરશે. શાસ્ત્રીએ કહ્યું કે જો યશસ્વી પર્થની પડકારજનક પીચ પર રન બનાવશે તો તે શ્રેણીની બાકીની મેચોમાં આરામથી રમી શકશે.તેણે કહ્યું, 'સંજોગોને અનુરૂપ એડજસ્ટ થવાની વાત છે. તેણે ઘણાં પડકારોનો સામનો કરીને આવ્યો છે રન બનાવવાની ભુખ અને જુસ્સો તેની આંખોમાં અને મેદાન પર પણ દેખાય છે.

## 'પૈસા માટે દિલ્હી કેપિટલ્સ નથી છોડ્યું' - ગાવસ્કરના નિવેદન પર ઋષભ પંતનો જવાબ

વીડિયોમાં ગાવસ્કર કહે છે કે દિલ્હી કેપિટલ્સ અને ઋષભ પંત વચ્ચે રિટેન્શન મની પર કોઈ સમજૂતી થઈ નથી. તેણે એવું અનુમાન પણ કર્યું હતું કે કેપિટલ્સ ૨૪ અને ૨૫ નવેમ્બરે યોજાનારી મેગા હરાજીમાં પંતને પાછા ખરીદવાનું વિચારશે.

દિગ્ગજ બેટ્સમેન ઋષભ પંતે દિલ્હી કેપિટલ્સથી અલગ થવા પર પોતાનું મૌન તોડ્યું અને કહ્યું કે બંને પક્ષો વચ્ચે પૈસાને લઈને કોઈ વાત થઈ નથી. પંતે આઈપીએલ પ્રસારણકર્તાઓમાંથી એકની પોસ્ટનો જવાબ આપ્યો, જેમાં સુનીલ ગાવસ્કર સમજાવી રહ્યા હતા કે શા માટે દિલ્હીએ આઈપીએલ ૨૦૨૫ મેગા હરાજી પહેલા તેમના કેપ્ટનને જાળવી રાખ્યો નથી. વીડિયોમાં ગાવસ્કર કહે છે કે દિલ્હી કેપિટલ્સ અને ઋષભ પંત વચ્ચે રિટેન્શન મની પર કોઈ સમજૂતી થઈ નથી. તેણે એવું અનુમાન પણ કર્યું હતું કે કેપિટલ્સ ૨૪ અને ૨૫ નવેમ્બરે યોજાનારી મેગા હરાજીમાં પંતને પાછા ખરીદવાનું વિચારશે.

ઋષભ પંતે ઠ પરની પોસ્ટના જવાબમાં કહ્યું, 'મારું રિટેન ન થવું એ પૈસા માટે નથી. હું નિશ્ચિતપણે આ કહી શકું છું. દિલ્હી કેપિટલ્સે હરાજી પહેલા ચાર ખેલાડીઓને રિટેન કર્યા હતા. અક્ષર પટેલને રૂ. ૧૬.૫ કરોડમાં, કુલદીપ યાદવને રૂ. ૧૩.૫ કરોડમાં, જ્યારે દક્ષિણ આફ્રિકાના સ્ટાર ટ્રીસ્ટન સ્ટબ્સને રૂ. ૧૦ કરોડમાં રિટેન કરવામાં આવ્યો હતો. અનકેપ્ડ વિકેટકીપર અભિષેક પોરેલને દિલ્હીએ ૪ કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો હતો.



ગાવસ્કરે રેવસ્પોર્ટ્ઝને કહ્યું હતું કે, 'મને લાગે છે કે દિલ્હી કેપિટલ્સ રિષભ પંતને તેમની ટીમમાં પાછા જોવા માંગશે. કેટલીકવાર, જ્યારે ખેલાડીને જાળવી રાખવાનો હોય છે, ત્યારે અપેક્ષા મુજબ, ફ્રેન્ચાઈઝી અને ખેલાડીઓ વચ્ચે ફીની વાટાઘાટો કરવામાં આવે છે. તેથી સ્પષ્ટપણે, મને લાગે છે કે ત્યાં કેટલાક મતભેદ હોઈ શકે છે. પરંતુ, મને લાગે છે કે દિલ્હી ઋષભ પંતને પરત ઈચ્છે છે.

રિકી પોન્ટિંગના મુખ્ય કોચ પદેથી રાજીનામું આપ્યા બાદ રિષભ પંતે તેના ચાહકોને એક પ્રશ્ન પૂછ્યો હતો. પંતે તેના ચાહકો અને અનુયાયીઓને પૂછ્યું કે શું તે હરાજીમાં જશે તો તેને ખરીદદાર મળશે કે નહીં? જો ખરીદનાર મળી જાય, તો તે કેટલામાં વેચશે.

### અને....હવે.....ચેતેશ્વર પુજારાની નવી ઈનીંગ્સ કોમેન્ટેટર તરીકે !

**સીડની,તા.૨૦**

બાવીસમી નવેમ્બરથી શરૂ થતી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (મ્ટ્)માટેની ટેસ્ટ-સિરીઝમાં ટેસ્ટ-સ્પેશ્યલિસ્ટ બેટર ચેતેશ્વર પુજારાની એન્ટ્રી થઈ ગઈ છે. રાજકોટનો ૩૬ વર્ષનો ચેતેશ્વર પુજારા આ પાંચ મેચની સિરીઝમાં બેટથી નહીં પણ માઈક સાથે ફેન્સનું મનોરંજન કરતો જોવા મળશે.

તેને સ્ટાર સ્પોર્ટ્સની કોમેન્ટરી પેનલમાં સામેલ કરવામાં આવ્યો છે.તે ભારતીય ટીમ માટે છેલ્લે જુન ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમ્યો હતો.

મ્ટ્ની ભારતીય સ્કવોડમાં તેને સ્થાન ન મળતાં ભારતીય ફેન્સ નાખુશ જોવા મળ્યા હતા. ભુતપૂર્વ ભારતીય વિકેટકીપર-બેટર દિનેશ કાર્તિકની જેમ તે પણ ક્રિકેટ-કરીઅરનાં અંત પહેલાં કોમેન્ટેટર તરીકે નવી શરૂઆત કરતો જોવા મળશે.



## શું કોહલીની આ છેલ્લી ઓસ્ટ્રેલિયાની ટુર હશે ? : ગાંગુલીનાં મંતવ્યથી આશ્ચર્ય !

**કોલકતા,તા.૨૦**

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે વિરાટ કોહલીનું સમર્થન કરીને એક ચોંકાવનારી વાત કહી હતી.બાવન વર્ષના ગાંગુલીને લાગે છે કે ૩૬ વર્ષના કોહલીની આ ટેસ્ટ-ક્રિકેટમાં છેલ્લી ઓસ્ટ્રેલીયા-ટુર હોઈ શકે છે.તેણે રિષભ પંતને આ જનરેશનની બેસ્ટ ટેલન્ટ ગણાવીને તેને વિરાટ કોહલી બાદનો બેસ્ટ રેડ બોલ ક્રિકેટર પણ કહ્યો હતો. સૌરવ ગાંગુલીએ ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, વિરાટ ચેમ્પિયન બેટર છે. ઓસ્ટ્રેલિયામાં તેનો રેકોર્ડ મજબૂત રહ્યો છે ઓસ્ટ્રેલિયામા તેની લગભગ ૬ ટેસ્ટ-સેન્ચુરી છે.

આપણે સ્વીકારવું પડશે.કે તે સમય સાથે જુવાન નથી થઈ રહ્યો. ૨૮-૨૯-૩૦ વર્ષની ઉંમરે રમત અલગ હોય છે અને ૩૬ - ૩૭ વર્ષની ઉંમરે અલગ હોય છે. તે પણ જાણે છે કે ટેસ્ટ-ક્રિકેટ રમવા માટે આ તેની કદાચ છેલ્લી ઓસ્ટ્રેલિયા-ટુર હોઈ શકે છે.

# ફિલાટેલી પ્રદર્શનનો પ્રારંભ કરાવતા ગૃહમંત્રી અમિત શાહ

## ‘ગાંધીનગરમાં સ્થાપત્ય કલા’ થીમ આધારિત પોસ્ટલ કવરનું અનાવરણ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન દ્વારા આયોજિત જિલ્લા સ્તરના ફિલાટેલી પ્રદર્શન – ‘‘ફિલાવિસ્ટા-૨૦૨૪’’નો કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે શુભારંભ કરાવ્યો હતો. દાંડી કુટીર, ગાંધીનગર ખાતે આયોજિત આ બે દિવસીય પ્રદર્શનના શુભારંભ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહ મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી તથા આમંત્રીતોએ આ વિશિષ્ટ અને દુર્લભ પોસ્ટલ સ્ટેમ્પ્સના રસપ્રદ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

પ્રદર્શનની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી તેમજ મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર પોસ્ટલ ડિવિઝનના ‘‘ફિલાવિસ્ટા-૨૦૨૪’’ અંતર્ગત ‘‘ગાંધીનગરમાં સ્થાપત્ય કલા’’ થીમ આધારિત વિશેષ પોસ્ટલ ‘‘સ્પેશિયલ’’ કવરનું અનાવરણ પણ અનાવરણ કર્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, ગુજરાતના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ શ્રી ગણેશ સાવલેશ્વરકર અને ઉત્તર ગુજરાત ઝોનના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી ક્રિષ્ના કુમાર યાદવ સહિત પોસ્ટલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રદર્શનના ઉદ્ઘાટન પહેલા દાંડી કુટીર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓનું અભિવાદન પણ ઝીલ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પ્રદર્શન નાગરીકો માટે તા. ૧૯ અને ૨૦ નવેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ થી ૬.૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે. ફિલેટેલી પ્રેમીઓ માટે આ પ્રદર્શન દુર્લભ અને આકર્ષક સ્ટેમ્પ્સના એક વિશેષ કલેક્શન નિહાળવાની અનોખી તક પુરી પાડશે.

### મહારાષ્ટ્રમાં
પહેલા પાનાનું ચાલુ

મહાવિકાસ અઘાડી સત્તા મેળવવા સક્રિય છે. બન્ને રાજ્યોમાં મતગણતરી ૨૩મીએ થશે. મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠક માટે સવારે સાત વાગ્યે મતદાન શરૂ થયું, જે સાંજે છ વાગ્યા સુધી ચાલશે. ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર ૨૩ નવેમ્બરે મતગણતરી પછી ચૂંટણીનું પરિણામ જાહેર કરાશે. તમામ પક્ષોએ મતદારોને રીઝવવા જોરદાર ચૂંટણી પ્રચાર કર્યો હતો. જેમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, યોગી આદિત્યનાથ તેમજ ઘણા કેન્દ્રીય મંત્રીઓએ સંખ્યાબંધ ચૂંટણી સભાઓ સંબોધી હતી.

ઝારખંડમાં જેએમએમ-કોંગ્રેસ-આરજેડી ગઠબંધન ઝારખંડમાં સત્તા જાળવી રાખવાનો તો ભાજપની આગેવાનીવાળી એનડીએ તેને જીતવાનો પ્રયાસ કરશે. આ તબક્કો ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, તેમની પત્ની કલ્પના સોરેન (બંને જેએમએમ) અને વિપક્ષના નેતા અમર કુમાર બૌરી (ભાજપ) ઉપરાંત કુલ ૮૧ વિધાનસભા બેઠકોમાંથી ૩૮ બેઠકો પર ચૂંટણી લડી રહેલા ૫૦૦થી વધુ અન્ય ઉમેદવારોનું ચૂંટણી ભાવિ નક્કી કરશે.

### ઝારખંડમાં
પહેલા પાનાનું ચાલુ

૧૧૧ પર મતદાન ફરજ પર તૈનાત એક પોલિંગ ઓફિસરને લોકોને ચોક્કસ પક્ષની તરફેણમાં મત આપવાના આરોપમાં હટાવી દેવામાં આવ્યા છે. ગોડ્ડાથી બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ દાવો કર્યો કે જેએમએમની તરફેણમાં મતદાન કરવા બદલ પોલિંગ ઓફિસરની ધરપકડ કરવામાં આવી છે.આ તબક્કામાં ૧૨ જિલ્લાની ૩૮ બેઠકો પર કુલ ૧૪ હજાર ૨૧૯ મતદાન મથકો પર મતદાન થઈ રહ્યું છે. ૩૧ અતિસંવેદનશીલ મતદાન મથકો છે જ્યાં માત્ર ૪ વાગ્યા સુધી જ મતદાન થશે. અન્ય બેઠકો પર સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે. મતદાન કેન્દ્રો અને મતદાન પક્ષોની સુરક્ષા માટે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ૫૮૫ કંપનીઓ, JAP (ઝારખંડ સશસ્ત્ર દળ)ની ૬૦ કંપનીઓ ઉપરાંત જિલ્લા દળો અને હોમગાર્ડના ૩૦ હજાર જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

આ તબક્કામાં કુલ ૫૨૮ ઉમેદવારો મેદાનમાં છે, કોનું ભાવિ નક્કી કરવાની જવાબદારી કુલ ૧ કરોડ ૨૩ લાખ ૫૮ હજાર ૧૯૫ મતદારો પર છે. જે બેઠકો પર મતદાન થઈ રહ્યું છે તેમાં સંથાલ પરગણા વિભાગ અને ઉત્તર છોટાનાગપુર વિભાગની ૧૮-૧૮ બેઠકો અને દક્ષિણ છોટાનાગપુર વિભાગની બે બેઠકોનો સમાવેશ થાય છે. આઠ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને ત્રણ અનુસૂચિત જાતિ માટે અનામત છે, જ્યારે સામાન્ય બેઠકોની સંખ્યા ૨૭ છે. આ તબક્કામાં, હજારીબાગ જિલ્લાનો માંડુ વિધાનસભા ક્ષેત્ર વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો છે અને ધનબાદ જિલ્લાનો ઝરિયા વિધાનસભા ક્ષેત્ર સૌથી નાનો છે. સૌથી વધુ ૫ લાખ ૮૨ હજાર ૧૦૧ મતદારો બોકારો વિધાનસભા સીટ પર છે, જ્યારે સૌથી ઓછા ૨ લાખ ૧૭ હજાર ૩૮૮ મતદારો સંથાલ પરગણાની લિટ્ટીપારા સીટ પર છે.

આ તબક્કાના મુખ્ય ઉમેદવારોમાં બરહેટ સીટ પરથી ત્રસ્સ્ના ઉમેદવાર તરીકે CM હેમંત સોરેન, BJPના પ્રદેશ અધ્યક્ષ અને રાજ્યના પ્રથમ ઝસ બાબુલાલ મરાંડી, ગાંડે સીટ પરથી JMMના સ્ટાર પ્રચારક કલ્પના સોરેન, નાલા સીટ પરથી JMMના ઉમેદવારનો સમાવેશ થાય છે રવીન્દ્રનાથ મહતો, ચંદનકિયારી સીટ પર વિધાનસભામાં વિપક્ષના નેતા અમર બૌરી, મહાગામા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર મંત્રી દીપિકા પાંડે સિંહ, જામતારામાં કોંગ્રેસના કોટા મંત્રી ઈરફાન અંસારી, માધુપુરમાં જેએમએમના કોટા મંત્રી હફીઝુલ હસન, ડુમરી સીટ પર જેએમએમના ઉમેદવારો સામેલ છે બેબી દેવી, સિલ્લી સીટ પર એજેએસયુ પાર્ટીના વડા સુદેશ મહતો અને દુમકા સીટ પર સીએમ હેમંત સોરેનના ભાઈ બસંત સોરેન છે.

### શરત પવાર
પહેલા પાનાનું ચાલુ

પર પણ પેટા ચૂંટણીનું મતદાન છે.ચૂંટણીમાં લોકોનો જોરદાર ઉત્સાહ રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મતદારોને મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીની ગરીમા વધારવાનું આહવાન કર્યું હતું. મહિલાઓ તથા યુવા મતદારોને મતદાન કરવા માટે ખાસ આગ્રહ કર્યો હતો. મતદાનનો રેકોર્ડ સર્જવા અપીલ કરી હતી.

શરદ પવારે લોકસભા ચૂંટણીમાં અજિત પવારને મોટો ઝટકો આપ્યો હતો. હવે જોવાનું એ રહેશે કે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં શરદ પવાર અને અજિત પવાર વચ્ચે કોની પાર્ટીને વધુ ધારાસભ્યો મળશે. અજિત પવારના જૂથને ચૂંટણી પંચે વાસ્તવિક રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) તરીકે માન્યતા આપી છે. શરદ પવારને વિધાનસભા ચૂંટણીમાં પણ હરીફ જૂથને હરાવવાનો વિશ્વાસ છે, જ્યારે અજિત પવાર સારા પ્રદર્શન સાથે પુનરાગમન કરવાની આશા રાખી રહ્યા છે.

બીજી બાજુ, જો આપણે શિવસેનાના શિંદે અને ઉધ્ધવ જૂથોની વાત કરીએ તો, બંનેએ લોકસભા ચૂંટણીમાં સારું પ્રદર્શન કર્યું હતું. આવી સ્થિતિમાં હવે જનતા કોને પક્ષના વારસાના વાસ્તવિક હકદાર માને છે તે વિધાનસભાની ચૂંટણીના પરિણામો પરથી નક્કી થવાની અપેક્ષા છે. ચૂંટણી પંચે શિંદે જૂથને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી છે.

### યુપીમાં
પહેલા પાનાનું ચાલુ

તહેનાત છે.સિસમાઉના સપા ઉમેદવાર નસીમ સોલંકીએ કહ્યું- પ્રશાસન મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં લોકોને ડરાવી રહ્યું છે જેથી તેઓ મતદાન કરવા ન જાય. ખોટી રીતે આઈડી ચેક કરવામાં આવી રહ્યા છે.

### જી-૨૦
પહેલા પાનાનું ચાલુ

આ સમયે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો થોડે દૂર હતા પણ મોદીએ તેની સામે પણ જોયુ નહી. બાઈડન અને મોદી હસતા હસતા વાત કરતા હતા. ટ્રુડો દૂરથી તે જોતા હતા પણ મોદીએ તેમને મળવાની કોઈ ઈચ્છા ન દર્શાવીને અને બાજુમાંથી નીકળી ગયા હતા.

### તા. ૧ જાન્યુઆરીથી
પહેલા પાનાનું ચાલુ

સુત્રોના કહેવા પ્રમાણે સૂચિત નિયમોથી બેવડો ફાયદો થઈ શકશે. સોનાની શુધ્ધતા થવાની સાથોસાથ સરકાર સમગ્ર કારોબાર પર વોચ રાખી શકશે. ભારતમાં આવતા સોનામાં પણ ભારતીય નિયમો માપદંડો લાગુ થશે. સોનામાં કોઈ ભેળસેળ નહિં થઈ શકે.દાણચોરી પર લગામ આવશે. વેપારી-જવેલર્સનાં સોનાના કારોબાર પર સરકારની નજર રહેશે. વેપારીના સ્ટોક સહીતનો રેકોર્ડ ઉપલબ્ધ બનશે.

### ફુકેતમાં
પહેલા પાનાનું ચાલુ

મુશ્કેલીઓ શેર કરી હતી. આ મુસાફરોના કહેવા પ્રમાણે ફ્લાઈટ ૧૬મી નવેમ્બરની રાત્રે દિલ્હી જવા માટે રવાના થવાની હતી, પરંતુ ટેકનિકલ ખામીને લીધે વિમાનની ઉડાણ છ કલાક માટે ટળી ગઈ હતી. કલાકો સુધી રાહ જોયા પછી મુસાફરોને બોર્ડિંગ માટે કહેવામાં આવ્યું, પરંતુ એક કલાક પછી જ ફ્લાઈટને રદ કરી દેવામાં આવી હતી.

બીજા દિવસે મુસાફરોને જણાવાયું કે ફ્લાઈટમાં સર્જાયેલી ટેકનિકલ ખામીને ઠીક કરી દેવામાં આવી છે. આ વિમાને ઉડાણ ભરી, પરંતુ લગભગ અઢી કલાક પછી ફુકેત પરત આવી ગઈ હતી. ફરીથી ટેકનિકલ ખામીનો હવાલો આપીને મુસાફરોને ઉતારી દેવામાં આવ્યા હતા. એમાં વૃદ્ધો અને બાળકો પણ સામેલ છે. મુસાફરોનો આક્ષેપ છે કે એરલાઈનના ક્રૂ મેમ્બરો સાચી જાણકારી આપી રહ્યા નથી. જોકે, એરલાઈન્સનું કહેવું છે કે મુસાફરોને રોકાવાની સુવિધા આપવામાં આવી છે અને તેમને વળતર પણ આપવામાં આવશે. હજુ લગભગ ૩૦ મુસાફરો ફુકેતમાં છે.

### વાહનોથી
પહેલા પાનાનું ચાલુ

ભારતના શહેરમાં દિલ્હી તો સ્વાભાવિક રીતે નંબર વન છે. બાદમાં ગાઝીયાબાદ, ભુવનેશ્વર, હુબલી, કર્ણાટકનું ગુલબર્ગા અને બુંદેલ શહેર છે. ભારતમાં પ્રદુષણ માટે વાહનોની વધતી સંખ્યા અને ટ્રાફિકની સ્થિતિને મુખ્ય જવાબદાર ગણાવાયા હતા.

મુંબઈ તેમાં પ્રથમ સ્થાને છે. જયાં પ્રતિ કિલોમીટર ૪૩% વાહનો છે. કોલકતામાં ૩૦૮ પુનેમાં ૨૪૮ દિલ્હી જે સૌથી વધુ પ્રદુષિત છે ત્યાં પ્રતિ કિલોમીટર ૯૩ જ વાહનો છે. આ ઉપરાંત બેંગલુરુ જે ભારે ટ્રાફિકની સમસ્યાનો સામનો કરે છે તે વાહનોની ગતિ ઘટાડે છે અને પ્રતિકલાક લગભગ ૧૦ કીમી જ આગળ વધી શકે છે.

એક કવોલીટી ઈન્ડેકસમાં તો ટોચના ૧૦૦માંથી ભારતના ૬૦ શહેરો આવી શકે છે. સૌથી વધુ પ્રદુષિત દેશ બાંગ્લાદેશ છે જે ૭૯.૯ પીએમ ૨.૫ યુજી/એમ ૩ ધરાવે છે. બીજા ક્રમે પાકિસ્તાન (૭૩.૭) અને ત્રીજા ક્રમે ભારત (૫૪.૪) પીએમ ૨.૫ પ્રકારનું પ્રદુષણ ધરાવે છે.

### નવા મંત્રીઓની
પહેલા પાનાનું ચાલુ

પ્રશાસનના નવા મંત્રીઓની પસંદગીમાં એપ્સટેનની દરમિયાનગીરી વધુ છે. બંને વચ્ચે ટકરાવ ખાસ કરીને ન્યાય વિભાગમાં ટોચના પદ પરની પસંદગી અને વ્હાઈટ હાઉસના વકીલની પસંદગીને લઈને થઈ. રિપોર્ટમાં કહેવાયું કે ડિનર ટેબલ પર જ બંને વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ, મસ્કે પોતાની પસંદગીના લોકોને કેબિનેટમાં લાવવા પર ભાર આપ્યો.જો કે આ મુદ્દે કોઈ વાત ન બની તો બંને વચ્ચે ઉગ્ર ચર્ચા થવા લાગી. જેના કારણે મસ્ક નારાજ થઈ ગયો. અહીં જણાવી દઈએ કે ગુનાકીય મામલામાં ડોનાલ્ડ ટ્રમ્પને બચાવવામાં એપ્સટેને મહત્વની ભૂમિકા ભજવી છે. ચૂંટણી જીત્યા બાદ કેબિનેટની પસંદગીમાં પણ એપ્સટેન મહત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.

### રૂ. ત્રણ લાખ
પહેલા પાનાનું ચાલુ

ખાસ કરીને સ્મોલ બેન્કોએ ઓછી આવક ધરાવતા લોકોને કોઈ સિકયોરિટી વગર જ રૂા.૩ લાખ કે તેથી ઓછું આ પ્રકારનું ધિરાણ કર્યુ છે. જેમાં મહિલા લોનીની સંખ્યા વધુ છે. હવે તમો વધેલી બેડ લોનથી રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ચિંતામાં છે.મોટી ખાનગી ક્ષેત્રની બેન્કોએ ઈન્ડસીન્ડ બેન્ક પણ આ પ્રકારના ફાયનાન્સ જે રીતે આગળ વધીને પણ બેન્કીગ વર્તુળોમાં આશ્ચ્ર્ચર્ય છે અને બેન્કે તેના કવાટરલી અર્નિંગમાં ૨૦% આ પ્રકારે બેડલોનની જોગવાઈ કરવી પડી છે.

### મોટરસાયકલના
બીજા પાનાનું ચાલુ

ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે.

આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે.

અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI E-PAY દ્વારા પરત કરવામાં આવશે એમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી,-પાલ,સુરતની યાદીમાં જણાવાયું છે.

### બ્રાઝિલમાં ચુ-૨૦
બીજા પાનાનું ચાલુ

અંદાજે ઈ ૧૭ મિલિયનની આવક મેળવવામાં આવે છે, જે તાજા પાણીના સંસાધનોનું સંરક્ષણ કરે છે - પર્યાવરણીય સ્થિરતા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.

નાગરિકોને આવાસ અને ગૌરવ પ્રદાન કરવા માટે, અમે પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓ હેઠળ ૮૨,૦૦૦ થી વધુ નજીવી કિંમતના ઘરોની ફાળવણી કરી છે. સુરતના લોકો માટે એફોર્ડેબલ હાઉસિંગને વાસ્તવિકતા બનાવવાના તેમના માર્ગદર્શન બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આભારી છીએ. આ પહેલા ૨૦૦૧માં ઝૂંપડપટ્ટી જેવી સ્થિતિમાં રહેતા વ્યક્તિઓની સંખ્યા ૨૦% થી ઘટાડીને આજે ૬% કરતા ઓછી કરી છે. આ એક નોંધપાત્ર સિદ્ધિ છે, હાલમાં, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપયોગમાં લેવાતી કુલ ઉર્જામાંથી ૨૮% ઊર્જા સૌર અને પવન ઊર્જાના સ્ત્રોતોમાંથી આવે છે.અમારી સોલાર રૂફટોપ પહેલ, ૪૩૧ મેગાવોટની કુલ ક્ષમતા ઉત્પન્ન કરતી ૮૭,૦૦૦ થી વધુ સ્થાપનો સાથે, સુરત સૌર ઊર્જામાં અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૨૦૩૦ સુધીમાં અમારી ઉર્જાની જરૂરિયાતોમાંથી ૫૦% રિન્યુએબલ સ્ત્રોતોમાંથી પેદા કરવાનું અમારું લક્ષ્ય છે. આ ૨૦ સમિટના ભાગરૂપે, સુરત ટકાઉ શહેરી પ્રેકટીસને પ્રોત્સાહન આપવા, આબોહવા પરિવર્તનને સંબોધિત કરવા અને વિશ્વભરના શહેરો સાથે શ્રેષ્ઠ પ્રેકટીસનું આદાન-પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે, શહેરના ભવિષ્યને ઉજવળ બનાવી શકીએ. વધુમાં તેમણે આ સમિટમાં ઉપસ્થિત અન્ય સિટીના પ્રતિનિધિઓની મુલાકાત લીધી હતી.

### વિશ્વ શૌચાલય
બીજા પાનાનું ચાલુ

કાર્યક્રમો યોજવામાં આવશે.

જલ જીવન મિશન અંતર્ગત ગ્રામીણ પાણી પુરવઠા યોજનાનું સંચાલન માટેની કામગીરી એસ.એચ.જી.ગ્રુપને સોપવા અંગે કરીને અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત નલ જલ મિત્રની મજુરી આપવા અને ડિપોઝીટ વર્ક તરીકે ગ્રામ્યકક્ષાએ મંજુર થયેલી પાણીની યોજનાઓને સૈધ્ધાંતિક મજુરી આપવા ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વાસ્મો, આઈ.સી.ડી.એસ, પાણી પુરવઠા, આરોગ્ય, માહિતી, શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત શહેરમાં
બીજા પાનાનું ચાલુ

વિસ્તારમાં (૧) જન સેવા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, ઉધના, સુરત માં પહેલો અને બીજો માળ સીલ કરેલ છે અને સેન્ટ્રલ ઝોનમાં (૧) માય ફિટનેસ જીમ, રેશમવાદ, સલાબતપુરા, સુરત ને સીલ કરેલ છે. ઉરાંત રાંદેર ઝોનમાં (૧) હોટલ ગ્રીન ઓયો, ૧૫ પવેલિયન , ઉગત - કેનાલ રોડ, જહાંગીરાબાદ સુરત ને સીલ કરેલ. (૨) રોયલ હોટલ, ૧૫ પવેલિયન , ઉગત - કેનાલ રોડ, જહાંગીરાબાદ સુરત ને સીલ કરેલ. (૩) પાવર જીમ, ૧૫ પવેલિયન , ઉગત - કેનાલ રોડ, જહાંગીરાબાદ સુરત ને સીલ કરેલ. તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારોમાં કરવામાં આવેલ ઈન્સ્પેકશન અને નોટીસ ની વિગત.

### લિંબાયત ઝોન
બીજા પાનાનું ચાલુ

અમલીકરણ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોનના ડે. કમિશનરશ્રીના સીધા માર્ગ દર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ શહેર વિકાસ વિભાગના સંલગ્ન સ્ટાફ તથા દબાણ વિભાગનો સ્ટાફ અને પોલીસ તથા સિક્યુરીટી સ્ટાફ સાથે મળી સંયુક્ત રીતે કરવામાં આવેલ છે.

### સુરત આરટીઓમાં
બીજા પાનાનું ચાલુ

આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે.

આ ૬૦ દિવસની મર્યાદા અરજદારને માત્ર વધુ ઓક્શનમાં ભાગ લેવાની તક આપવાના હેતુથી આપવામાં આવી છે. ૬૦ દિવસની મર્યાદાના કારણે કામચલાઉ નોંધણી પ્રમાણપત્રની ૩૦ દિવસની મર્યાદામાં વધારો કરવાની કોઈ જોગવાઈ નથી. કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર પૂરું થયા બાદ તેમનું વાહન અનરજિસ્ટર્ડ ગણાશે, જેનો જાહેર જગ્યામાં ઉપયોગ કરી શકાશે નહિ.

અરજદાર હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI E-PAY દ્વારા પરત કરવામાં આવશે એમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત, પાલની યાદીમાં જણાવાયું છે.

### સુરત જિલ્લા
બીજા પાનાનું ચાલુ

કલેકટરશ્રીએ ગ્રામ પંચાયતના દફતરની ચકાસણી કરી હતી. આ પ્રસંગે માંડવીના પ્રાંત અધિકારી, મામલતદાર તથા ગામના સરપંચ શ્રી ધર્મેશભાઈ, તલાટી સતિષભાઈ તથા ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

### રેશન કાર્ડના
બીજા પાનાનું ચાલુ

કચેરીએ પડતી મુશકેલીઓ અંગેની મળેલ ફરિયાદો અંગે સ્થળ મુલાકાત હાથ ધરતા ખુબ જ શરમજનક હકીકત સામે આવેલ છે, જેમાં યુદ્ધના ધોરણે જરૂરી સુધારાઓ હાથ ધરી જવાબદારો સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું.

વધુમાં પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, પુણા પુરવઠા વિભાગની કચેરીએ સવારે ૫ વાગ્યાથી લાઈનમાં ઉભેલા લોકોના વિવિધ અરજીઓ/રજુઆતો સવારે ૧૧:૦૦ થી પણ વધુ સમય થયેલ હોવા છતાં ધ્યાને લેવામાં આવેલ નહી તેમજ સવારે ૧૦.૩૦ થી પણ વધુ સમય થયેલ હોવા છતાં ઓફિસ પર તાળું લાગેલ હોય છે. જે કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓની ફરજમાં અનિયમિતતા અંગે ખુલાસો મેળવીને સમયસર ઓફિસ શરૂ થાય અને લોકોની રજુઆતો ધ્યાને લેવાય તે મુજબના આદેશ કરવા જણાવવામાં આવ્યું હતું.

પુણા પુરવઠા વિભાગની કચેરીએ સવારે ૫ વાગ્યાથી લાઈનમાં ઉભેલા લોકોના વિવિધ અરજીઓ/રજુઆતો પર સમયસર કાર્યવાહી થતી ન હોવાથી તેમજ વિવિધ વાંધાઓ ઉભા કરીને લોકોને વારંવાર ધકકા ખવડાવવામાં આવતા હોવાની ફરિયાદો ધ્યાને આવેલ છે જયારે આ જ પુરવઠા કચેરીની બહાર વિવિધ અરજીઓ/રજુઆતો અંગે વારંવારના ધકકાથી બચવા ટાઉટો કચેરીને બહાર બેઠા છે જેમને નિયત રકમની ચુકવણી કરતા તાકીદે કામ કરવામાં આવી રહેલ છે જે સમગ્ર હકીકત જોતા સદર પુરવઠા વિભાગની કચેરીના કર્મચારીઓ અને ટાઉટોની મીલીભગત સ્પષ્ટ જણાય આવે છે. તેમજ ભાજપના કેનોપી ઉભા કરીને ત્યાં ટાઉટો દ્વારા વિવિધ અરજીઓની કામગીરી ઝડપથી પુર્ણ કરાવવા ગેરકાયદેસરના નાણાંની ઉઘરાણી બેરોકટોક અધિકારીઓની રહેમનજર હેઠળ થઈ રહેલ છે જે બાબતે જવાબદાર અધિકારીઓ પાસે ખુલાસાઓ મેળવી થઈ રહેલ ગેરરીતીઓને યુદ્ધના ધોરણે રોકવા જાણ કરી હતી.

પુણા વિસ્તાર સહિત સમગ્ર શહેર અને જીલ્લના લોકોને પડી રહેલ વિવિધ સમસ્યાઓ અને ચાલી રહેલ ગેરરીતીઓને ઉજાગર કરવા સુરત શહેરમાં આવેલ વિવિધ પુરવઠા કચેરીઓની આકસ્મિક મુલાકાતો હાથ ધરીને થઈ રહેલ લાલીયાવાડી બદલ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પારદર્શક અને પ્રજાલક્ષી વહીવટી પ્રક્રિયા અપનાવવા કલેક્ટરને આહવાન કર્યું હતું.

કલેક્ટર દ્વારા તાબા હેઠળની વિવિધ પુરવઠા કચેરીઓમાં સ્ટાફ સમયસર કામગીરી શરૂ કરે છે કે નહી? તેમજ પ્રજાની અરજીઓ ટાઉટો મારફત સ્વીકારનારાઓની મિલકતોની તપાસ કરી તેમને નોકરીમાંથી સસ્પેન્ડ કરવાની તેમજ ટાઉટોને જાહેર રોડ પરથી દુર કરવા અને તેમનો કચેરી પ્રવેશ બંધ કરવા કલેક્ટરને જાણ કરી હતી.

# હાઈટેક યુગમાં દાદા-દાદીઓની વાર્તાઓ વિસરાઈ ગઈ!

સુમારે અર્ધી સદી પૂર્વે દાદા-દાદીઓ ખાસ કરીને અકબર બીરબલની ખાસ વાર્તાઓ રાત્રિએ બાળકોને વેળાસર ઊંઘ આવી જાય એ વાસ્તે નિયમિત રીતે સંભળાવતા હતા! ખેર એ પૈકીની એક વાર્તા “ બુંદ સે ગઈ વો હોજ સે નહીં આતી “ખૂબ રસપ્રદ અને હૃદયસ્પર્શી હોય જે અત્રે વાચકો અને ચાહકો સહિત હાઈટેક યુગ સારું પેશ કરેલ છે! મૂળે અને મુદ્દે...! અકબર રાજા ખૂબ શોખીન રાજા હતા, તેમને અત્તરનો બહુ શોખ હતો, તો એક વખત તેમને કોઈએ અત્તર ભેટમાં આપ્યું, તે અત્તરની શીશી લઈને પોતાના રૂમમાં બાદશાહ સલામત ગયા અને ત્યાં એમણે શીશી ખોલવાનો પ્રયત્ન કર્યો શીશી તો ખુલી પણ શીશીમાંથી અત્તરના બે ત્રણ ટીપાં નીચે પડી ગયા!તો અકબર રાજા નીચે વળી આંગળી વડે તેં ટીપાં લેવાનો પ્રયત્ન કરતા હતા તેજ દરમિયાન ત્યાં બીરબલ આવ્યો રાજાનું નીચે ટીપાં માટે વળવું અને બીરબલનું આવવું! બીરબલ જોઈ રાજા તરત જ ઊભા થઈ ગયા!તે બંનેની નજર એકબીજા સામે મળી બીરબલ જોઈ અને અચરજ પામ્યો! ભારતના શહેનશાહ રાજા અકબર જે મહાન રાજાઓમાં ગણતરી થાય છે એ એક નાનકડા ટીપા માટે નીચા નમીને આંગળીથી લઈ રહ્યા છે, તેમાં અડધું તો જમીનમાં શોષાઈ ગયું હશે!બીરબલને લાગ્યું કે આ આટલા બધા કંજૂસ રાજા હશે!? આમ તો દાનને ઘણું બધું કરતા હતા! બીરબલ કશું બોલ્યો નહીં, અકબર રાજાને શરમ આવી પણ હવે શું થાય!? બિરબલ તો જે કામથી આવ્યો તો તે કામ પતાવીને જતો રહ્યો અને રાજાએ પોતાના રૂમમાં બેઠા બેઠા વિચારે ચડી - ગોટાડે ચઢી ગયા કે આ બીરબલ મારા માટે શું વિચારતો હશે!? કે આ રાજા આટલા બધા કંજૂસ છે!?આવું વિચાર તો હશે ? આખી રાત અકબર રાજાને ઊંઘ નહિ આવી!અકબર રાજાએ બીજા દિવસે સવારે વહેલા ઊઠીને પોતાનો હોજ હતો નાહવાનો એમાં અત્તર ભરી દીધું!ગામમાં એલાન કર્યુ અને જાહેરાત કરી કે જેને જેટલું અત્તર જોઈએ એટલું લઈ જાય! લોકો ડોલ ભરી ભરીને લઈ જતા હતા! અકબર રાજાએ આ દ્રશ્ય જોવા બીરબલને ત્યાં બોલાવ્યો! જો બીરબલ મારા રાજ્યમાં લોકો કેટલા સુખી છે,!

ડોલ ભરીભરીને અત્તર લઈ જાય છે!તારે શું કહેવું છે!? આ બાબતમાં તો બિરબલ એ રાજાને કહ્યું, કે રાજાજી, “છોટા મુહ બડી બાત” મેરી કોઈ ગલતી હો તો માફ કરના જીહુઝૂર...! લેકિન આજ આપકો બતાતા હું કે, “ બુંદ સે ગઈ વો હોજ સે નહીં આતી”! અકબર રાજા તો શરમના મારે કાંઈ બોલી પણ શક્યા અને ત્યાંથી ચાલ્યા ગયા! “બુંદ સે ગઈ વો...!હોજ સે નહીં આતી”! અલબત, હાઈટેક યુગમાં દાદા દાદીઓની વાર્તાઓ ખોવાઈ ગઈ!

**સુનીલ રાજેન્દ્ર બર્મન**
**(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

### સરકારી કચેરીમાં
બીજા પાનાનું ચાલુ

તેની વીજીલન્સ તપાસ હાથ ધરવા કલેક્ટરને જાણ કરી હતી. તેમજ લોકોના રાશનકાર્ડમાં KYCની પ્રક્રિયા હાથ ધરવા વસ્તીના પ્રમાણમાં જરૂરી સ્ટાફની અછત દુર કરાવા અને વારંવાર સર્વર ડાઉનની સમસ્યાનું કાયમી નિરાકરણ કરીને લોકોની કામગીરી ઝડપથી ટાઉટ વગર પુર્ણ થાય તે મુજબની સુદ્રઢ વ્યવવસ્થા ગોઠવવા માંગ કરી હતી.

### કામલ નર્સિંગ
બીજા પાનાનું ચાલુ

છેલ્લા દસ દિવસથી અમે આ મુદ્દા પર ફરિયાદ દાખલ કરવા અને આ વિદ્યાર્થીઓને ન્યાય આપવા માટે માંગ કરી રહ્યા છીએ. પરંતુ ગુજરાત સરકાર કે નર્મદા વહીવટી જિલ્લા તંત્રનું પેટનું પાણી પણ નથી હલી રહ્યું. એટલા માટે એક દિવસ બાદ એટલે કે આ ગુરુવારે કલેકટર કચેરી ખાતે હું પોતે ધરણા પર બેસીશ. હું પોતે ધારાસભ્ય તરીકે આટલા પુરાવાઓ સાથે આટલી રજૂઆતો કરતા હોઈએ અને બીજી બાજુ કેટલાક નેતાઓ આ બોગસ કોલેજને બચાવવા માટે ષડયંત્ર રચી રહ્યા છે. અમે કલેકટર અને ડીડીઓને મળવા જઈશું અને સવાલ પૂછીશું કે શા માટે આટલા દિવસો સુધી આ કોલેજ પર કાર્યવાહી કરવામાં આવી નથી. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નથી થતી અને વિદ્યાર્થીઓને તેમના ઓરીજનલ ડોક્યુમેન્ટ અને લાખોને ફીસ પાછી નથી મળતી તો અમે ધરણા પર બેસીશું.

### ફાર્મર રજીસ્ટ્રી થકી
બીજા પાનાનું ચાલુ

યોજના (૪) નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (૫) પ્રધાનમંત્રી ફસલ બીમા ઉપરાંત તમામ ખેડૂતલક્ષી યોજનોમાં લાભ મેળવવા માટે ખેડૂત આઈડી ફરજીયાત કરવામાં આવશે, જેથી સરળ સત્યાપન થકી પારદર્શી પદ્ધતિથી દરેક ખેડૂતોને સરકારની વિવિધ યોજનોમાં લાભ મળી રહેશે.

### સ્ટ્રોંગ મોનિટરિંગ
છેલ્લા પાનાનું ચાલુ

ઋષિકેશ પટેલને લેખિતમાં પત્ર પાઠવી રજૂઆત કરાશે અને એક સ્ટ્રોંગ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત કરવાની જરુર છે. આવા બોગસ તબીબોના કારણે પ્રતિષ્ઠિત તબીબો પર છાંટા ઉડે છે અને તેઓના કારણે તબીબી આલમને બદનામ થવું પડે છે.

### ફૂલપાડા ક્રિષ્ના
છેલ્લા પાનાનું ચાલુ

કારણોસર લીકેજ થયો હતો અને ધડાકા સાથે આગ લાગી હતી. આગને કારણે સાત સાત વ્યક્તિઓ દાજી ગયા હતા. જયાં ફાયર બ્રિગેડના અધિકારીઓ ઘટના સ્થળે ધસી ગઈ ૧૦૮ મારફત સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા કાપોદ્રા કતારગામ અને ઘાંચી શેરી ના ફાયર બ્રિગેડ ઓફિસર અને ફાયર જવાનો ઘટના સ્થળે ફાઈટર અને ટેન્કર સાથે ધસી જઈ ઘરમાં લાગેલી આગને બુજાવી નાખી હતી.

### માંગરોળના કઠવાડા
છેલ્લા પાનાનું ચાલુ

ચોડવાડીયા જમીન માલિક ન હોવા છથાં તેની જાણ બહાર તેમના નામે જમીન માપણીની જમીન રેકર્ડ કચેરીમાં અરજી કરી હતી. ત્યારબાદ સર્વેયર દ્વારા જમીનની સને ૨૦૧૧માં માપણી કરવામાં આવી હતી. આ તમામ સરકારી પ્રોસીજર બાદ રાજેશ ધોળીયા અને ધીરજ ખેનીએ જમીન ક્ષેત્રફળના હિસ્સાનું ફોર્મ બનાવ્યું હતું. મનસુખ ચોડવાડીયાની ખોટી સહી કરી ખોટા દસ્તાવેજ ઉભા કર્યા હતા અને ખેડૂત લાલજી ખાંભડીયા પાસેથી જમીન વેચાણ પેટેના રૂ.૭૫.૭૪ લાખ મેળવી લીધા હતા.

### અડાજણનાં કૃણાલ
છેલ્લા પાનાનું ચાલુ

દર્શનભાઈ દ્વારા તેમના એડવોકેટ નિમેષ પી. દલાલ મારફતે ચેક રીટર્નની ફરિયાદ થઈ હતી. કોર્ટે કૃણાલ વિષ્ણુભાઈ પુરોહિતને નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ૧૩૮ હેઠળ તકસીરવાર ઠરાવી ૬ માસની કેદની સજા, તેમજ ચેકની રકમ રૂ. ૪ લાખ વળતર પેટે ચૂકવવા પણ આદેશ કર્યો હતો.

### વકીલ મંડળની
છેલ્લા પાનાનું ચાલુ

ચુંટણીમાં મહિલા પ્રતિનિધિના હોદ્દા ઉપર મહિલા ચુંટણી લડશે.

સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલે પણ જણાવ્યું હતુ કે, મહિલા પ્રતિનિધિના હોદ્દા સંબંધિત બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તરફથી પત્ર આવ્યો છે.

### ગેરકાયદે સીરપનું
છેલ્લા પાનાનું ચાલુ

પણ સ્લમ વિસ્તારો માં આવેલી કેટલીક મેડિકલ ના સંચાલકો નિયમો વિરુદ્ધ દવાનું વેચાણ કરી રહ્યા છે.

### મોટાવરાછામાં
છેલ્લા પાનાનું ચાલુ

સચોટ મહિત મોબાઈલ નંબર સાથે આપી દેવા માં આવી છે અને ત્યાં ના આજુબાજુ ના CCTV કેમેરા માં પણ એ ઈસમો આવી ગયા છે તો પણ હમણાં સુધી એ ઈસમો ને કાઈ પણ કરવામાં આવ્યું નથી અને એ ઈસમો ની હજી સુધી ધરપકડ કે અટકાયત પણ કરવામાં નથી આવી.. પોલીસ દ્વારા આ ઈસમોને બચાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સાંધ્ય દૈનિક
**प्रताप दर्पण**
**પ્રેસનોટ તથા જાહેરખબરો**
**માટે સંપર્ક કરો**
**-:: અડાજણ મેઈન કાર્યાલય ::-**
**એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.**
**મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫**
**-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-**
**નાઝુભાઈ ફડવાલા**
**મો.૯૮૨૫૧-૫૮૩૯૩**
**-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-**
**ધનંજય ઝવેરી**
**મો.૯૯૭૮૪-૦૬૯૨૩**
**-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-**
**સોહેલભાઈ**
**મો.૯૯૭૮૪-૨૪૬૮૮**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૨૦ નવેમ્બર ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## સ્ટ્રોંગ મોનિટરિંગ સિસ્ટમની માંગ કરવા IMAએ આરોગ્ય મંત્રીને રજુઆત કરશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરત સહિત રાજ્યમાં વધી રહેલા બોગસ તબીબોને લઈને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, સુરતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને પત્ર લખીને એક સ્ટ્રોંગ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત કરવાની માંગ કરવાના છે. અત્યાર સુધી ખૂણેખાંચરે બોગસ તબીબો પોતાની હાટડીઓ ચલાવતા હતા પરંતુ હવે તો સરાજાહેર શહેરના નામાંકિત પ્રતિષ્ઠિત અધિકારી-રાજકારણીઓના આશિર્વાદથી હોસ્પિટલો શરૂ કરી દે છે જે ખૂબ જ ગંભીર બાબત છે. આ અંગે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગની ઊંઘ ઉડાડવા માટે સુરત આઈએમએએ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને એક પત્ર પાઠવશે.

આ અંગે સુરત ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ સી બી પટેલ, ઉપપ્રમુખ ડો. વિનેશ શાહે જણાવ્યું હતું કે સુરત સહિત રાજ્યભરમાં ડિગ્રી વિના બોગસ તબીબો મેડિકલ પ્રેક્ટિસ કરી રહ્યા છે. જેના કારણે લોકોના જીવ સામે જોખમ ઊભું કરવામાં આવી રહ્યું છે. એટલું નહીં પરંતુ ડિગ્રી ન હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરી લોકોના આરોગ્ય સાથે પણ ચેડાં કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક લેવલ પર સંબંધિત વિભાગ દ્વારા કાર્યવાહી તો કરવામાં આવે છે પરંતુ કાયદાની છટકબારીનો લાભ ઉઠાવી આવા બોગસ તબીબો ફરી છૂટી જાય છે અને પોતાની હાટડીઓ શરૂ કરી દે છે. સુરત સહિત ગુજરાતમાં બિલાડીના ટોપની જેમ ફાટી નીકળેલા ઝોલાછાપ તબીબો સામે કડક કાર્યવાહી કરવાની જરુર છે. આ સાથે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સુરત દ્વારા રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી

અનુસંધાન પાના ૭ પર

### બોગસ જનસેવા હોસ્પિટલનાં પ્રકરણ બાદ આઈએમએ સુરત સક્રીય



કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા આજે અડાજણ ગામ નજીક આવેલી વન ભવન કચેરી સામે આવેલા સુરત મહાનગર પાલિકાના ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જીંગ સેન્ટર પાસે વૉટર હાર્વિસ્ટીંગ સીસ્ટમનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સાથે મેયર દક્ષેશભાઈ માવાણી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. (તસ્વીરઃ હનીફ મલેક)



ફૂલપાડા ક્રિષ્ના કોમ્પલેક્સમાં ગેસનો બાટલો ફાટતાં ઘરવખરી આગમાં સ્વાહા થઈ ગઈ હતી. જેમાં સાત જણાં પણ દાઝી ગયા હતાં. (તસ્વીરઃ હનીફ મલેક)

## ફૂલપાડા ક્રિષ્ના કોમ્પ્લેક્સમાં ગેસનો બાટલો ફાટતા પરિવારના ૭ જણાં દાઝ્યાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

અશ્વનિક કુમાર, ફુલપાડા રોડ પર આવેલ ક્રિષ્ના કોમ્પ્લેક્સ માં રહેતા પાસવાન પરિવારના સાત સભ્યો આજે સવારે રાંધણ ગેસનો બાટલો લીકેજ થતા ધડાકો થયો હતો અને ઘરમાં આગ લાગવાને કારણે દાઝી ગયા હતા. સાત દાઝી ગયેલા વ્યક્તિઓને ફાયર બ્રિગેડે ૧૦૮ મારફત સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યા હોવાનો બનાવ ાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો. જોકે હોસ્પિટલ કમિટી ની મહિલા ચેરમેન મનીષા આહીર ને આ વાતની જાણ થતા તેઓ એ હોસ્પિટલના તબીબો સાથે ટેલિફોનિક વાતચીત કરી તાત્કાલિક સારવાર આપવા માટેની વ્યવસ્થા કરી હતી.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ફુલપાડા, અશ્વની કુમાર રોડ ક્રિષ્ના કોમ્પ્લેક્સ ના બીજા માલ પર પાસવાન પરિવાર ભાડેથી રહે છે. આજે સવારે ૦૬:૧૫ વાગ્યાના અરસામાં રસોડામાં મુકેલ રાધણ ગેસનો બાટલો કોઈક

અનુસંધાન પાના ૭ પર

### ફાયર બ્રિગ્રેડે ઘટના સ્થળ પરથી ત્રણ ગેસનાં બાટલા કબજે કર્યા

ફુલપાડા અશ્વિનીકુમાર રોડ ક્રિષ્ના કોમ્પ્લેક્સ માં રહેતા પાસવર્ડ પરિવારના ઘરમાં આજે સવારે રાંધણગેસ નો રીફીલ લીકેજ થયો હતો અને બ્લાસ્ટ થતાં આગ લાગી હતી. આ બનાવના પગલે ફાયર બ્રિગેડ ના ઓફિસરો અને વરાછા પોલીસ ઘટના સ્થળે ઘસી ગયા હતા. ફાયર બ્રિગેડ ના અધિકારીઓએ ત્રણ રાધણ?? ગેસના રિફિલ કબ્જે કરી વરાછા પોલીસને સુપ્રત કર્યા હતા.

### ગેરકાયદે ગેસ રિફિલિંગની શક્યતા

### દાઝેલા વ્યક્તિની નામાવલી

ફુલપાડા ક્રિષ્ના કોમ્પ્લેક્સ માં આજે સવારે રાંધણ ગેસનો સિલેન્ડર બ્લાસ્ટ થતા આગ લાગી હતી. આગને કારણે ઘરવખરી આગમાં સ્વાહા થઈ ગઈ હતી તેમજ આગને કારણે દાઝી ગયેલા પાસવાન પરિવારના સાત વ્યક્તિઓના નામ અને ઉંમર આ પ્રમાણે છે.

અનંતકુમાર પાસવાન (ઉ.૨૭ ), બલરામ કુમાર પાસવાન (ઉ.૨૬), મિથુન કુમાર પાસવાન (ઉ.૨૭), સાગર પાસવાન, (ઉ.૧૮), બાદલ પાસવાન, (ઉ.૨૦), છગોરા પાસવાન, (ઉ.૧૯), મધુવન પાસવાન (ઉ.૨૬)

## અડાજણનાં કૃણાલ પુરોહિતને ચેક રિર્ટન કેસમાં છ માસની સજા

### ફર્નિચરનાં વેપારીએ ફરિયાદ નોંધાવી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

અડાજણના કૃણાલ પુરોહિતને ચેક રિટર્ન કેસમાં કોર્ટે ૬ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. ફરિયાદ પક્ષે વકીલ નિમેષ દલાલે દલીલો કરી હતી.

આ કેસની હકીકત એ રીતની છે કે, રાંદેર રોડ નવયુગ કોલેજની પાછળ શાંતિ પેલેસ સોસાયટીમાં રહેતા દશર્ન દેવેન્દ્રભાઈ દોશી અડાજણ પાટીયા મુકામે જ કલ્પતરૂ ફનિચરના નામે રેડીમેઈડ ફનિર્ચર વેચાવનો ધંધો કરે છે. તેઓની કૃણાલ વિષ્ણુભાઈ પુરોહિત (રહે. સી/૨૦૩, સહનીપ પાર્ક, મહાલક્ષ્મી મંદિર પાસે, અડાજણ, સુરત) સાથે ઘણા વર્ષોથી મિત્રતા ચાલી આવી હતી. દર્શન દોશી પાસેથી કૃણાલ પુરોહિતે. રૂ.૪ લાખના હાથઉછીની રકમની માંગણી કરી હતી. જેથી મિત્રતાના સંબંધમાં ૪ લાખ કૃણાલ પુરોહિતને આપ્યા હતા. ચુકવણી પેટે કૃણાલ પુરોહિતે રૂ. ૪ લાખના ચેકો દર્શનભાઈને આપ્યા હતા. જે ચેકો રિટર્ન થયા હતાં. જેથી

અનુસંધાન પાના ૭ પર

## માંગરોળના કઠવાડા ગામમાં જમીન પ્રકરણમાં જમીન દફતર કચેરીના સર્વેયર સાથે મળી ૭૫ લાખ પડાવ્યાં

### કતારગામનાં લાલજી ખાંભડીયા સાથે બોગસ દસ્તાવેજ બનાવી છેતરપિંડી કરાઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

કતારગામ વિસ્તારમાં રહેતા એક ખેડૂતને માંગરોળ તાલુકાના કઠવાડા ગામમાં જમીન ધરાવતા બે ખેડૂતોએ જમીન વેચાણ અંગેના ડોક્યુમેન્ટ બોગસ પુરાવાને આધારે ઉભા કરી જમીન દફતર કચેરીના સર્વેયરના મેળાપીપણામાં રૂ.૭૫ લાખમાં વેચાણ કરી જમીનનું ક્ષેત્રફળ ઓછું હોવા છતાં તેને વધુ બતાવી રૂપીયા પડાવી લીધાની ફરીયાદ કોસંબા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. અત્રે ઉલેખનીય છે કે, જે સર્વેયર સામે પણ ગુનો નોંધાયો છે તે હયાત નથી.

કોસંબા પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર કતારગામ કંતારેશ્વર મંદીર પાસે રઘુનંદન સોસાયટીમાં રહેતા લાલજી રવજીભાઈ ખાંભડીયા ઉ.વ.૬૭ ખેડૂત છે. દરમિયાન સને ૨૦૧૧માં તે વરાછા રોડ ચીકુવાડી પાસે નિર્મળનગરમાં રહેતા ખેડૂત રાજેશ કરમશી ધોળીયા (ઉ.વ.૬૭) અને ધીરજ હરજીભાઈ ખેની (ઉ.વ.૫૮, રહે. આદિત્ય બંગ્લોઝ, ઉતરાણ)ના સંપર્કમાં આવ્યા હતા. આ બંને ખેડૂતોએ જમીન માપણી કરાવી તેને વેચાણ કરવાનો ખેડૂત લાલજી ખાંભડીયા સાથે સોદો નક્કી કર્યો હતો. જમીનનું ક્ષેત્રફળ ઓછુ હોવાનું જાણવા છતા રાજેશ ધોળીયા અને ધીરજ ખેનીએ ડીએલઆર કચેરીના સર્વેયર હીતેન્દ્રલાલ ઉર્ફે હિતેશભાઈ પટેલ સાથેના મેળાપીપણામાં સને ૨૦૧૧માં મનસુખ મોહન

અનુસંધાન પાના ૭ પર





શિયાળાની ઋતુનાં પ્રારંભ સાથે સુરત શહેરમાં પૌંક અને પૌંકના વડાનું વેચાણ શરૂ થઈ ગયું છે.

## વકીલ મંડળની ચૂંટણીમાં પ્રથમ વખત મહિલા પ્રતિનિધિ ચૂંટણી લડશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરત જિલ્લા વકીલ મંડળની આગામી દિવસોમાં થનારી વકીલોની ચુંટણીમાં લેડી રિપ્રેઝેન્ટેટીવના હોદ્દા ઉપર મહિલા વકીલ ચુંટણી લડતી નજરે પડશે.

ધ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના લેટરપેડ ઉપર ચેરમેન જે.જે પટેલે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા વકીલ મંડળને સંબોધી એક પત્ર લખી જણાવ્યું હતુ કકે, ગુજરાત રાજયની અદાલતોમાં સ્ત્રી વર્ગના સંખ્યાબંધ ધારાશાસ્ત્રીઓ પ્રેક્ટીસ કરી રહ્યા છે. તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે દરેક જિલ્લા વકીલ મંડળમાં એક લેડી રિપ્રેઝેન્ટેટીવનો હોદ્દો ફરજીયાતરીતે અનામત રાખવા માટે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરી નિર્ણય લેવામાં આવ્યો હતો. જેથી તમામ જિલ્લા બાર એસો.ને જાણ કરવાની કે દરેક જિલ્લા વકીલ મંડળમાં નિયમિત હોદ્દેદારો ઉપરાંત એક લેડી રિપ્રેઝેન્ટેટીવનો હોદ્દો ફરજિયાતરીતે અનામત રાખી અને અન્ય હોદ્દા માટે જેમ ચુંટણી પ્રક્રિયા અનુસરતા હોય તે મુજબ જ લેડી રિપ્રેઝેન્ટેટીવના હોદ્દા માટે ચુંટણી પ્રકિર્યા હાથ ધરવી. જેથી સુરત જિલ્લા વકીલ મંડળની

અનુસંધાન પાના ૭ પર

### ગુજરાત બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની સામાન્ય સભામાં એલ.આર. પોસ્ટ ઉભી કરવા નિર્ણય

## ગેરકાયદે સીરપનું વેચાણ કરતાં મેડીકલ સ્ટોરો પર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં દરોડા

### ભેસ્તાનમાંથી ફોસફેટ શીરપ અને નશાકારક ટેબલેટનો જથ્થો જપ્ત કરાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

ભેસ્તાન વિસ્તારમાં ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર નશાકારક સીરપનું વેચાણ કરતાં મેડીકલ સ્ટોર ઉપર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને સાથે રાખી સ્પેશ્યલ ઓફરેશન ગ્રુપ દ્વારા દરોડો પાડીને ભેસ્તાન જીયાવ બુડીયા રોડ ઉપર આવેલા મેડીકલ સ્ટોર સંચાલક સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર એસઓજીના હેડ કોન્સ્ટેબલ જગશીભાઈ શાંતીભાઈ અને હેડ કોન્સ્ટેબલ રામજી મોહનભાઈને મળેલી બાતમીને આધારે ડોક્ટરના લખાણ વગર નશાકારક દવાઓનું વેચાણ કરતા મેડીકલ સ્ટોર સંચાલક સામે કાયદાકીય પગલા ભરવામાં આવ્યા હતા. ડ્રગ ઈન્સ્પેક્ટર સૌમીન પટેલને સાથે રાખી જીયાવ બુડીયા રોડ ઉપર આવેલી સોમેશ્વરનગર સોસાયટીમાં દુકાન નં.૪ના સંચાલક રાકેશ ભંવરલાલ પ્રજાપતિ ઉ.વ.૨૬ (રહે. રેશ્મા ચોકડી પાસે, ભેસ્તાન, પાંડેસરા)ને ઝડપી પાડ્યો હતો. ભંવરલાલ કોડીન ફોસફેટ શીરપ તેમજ નશાકારક ટેબલેટ મળી કુલ રૂ.૧૫૦૦ની મત્તા કબ્જે કરી હતી. આ મામલે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સ્ટોરના લાયસન્સ ધારક તેમજ સંચાલક સામે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ભેસ્તાન માં થી ગેરકાયદેસર ડોક્ટરના લખાણ વગર દવાનું વેચાણ થતું હોવા ઉપરાંત અગાઉ પણ શહેરના અલગ અલગ વિસ્તારમાં એસઓજી દ્વારા ફૂડ વિભાગને સાથે રાખી ને રેડ કરવામાં આવી હતી. હજી

અનુસંધાન પાના ૭ પર

## મોટાવરાછામાં ટપોરી તત્ત્વોની આમલેટની લારીમાં તોડફોડ

### આર્યન આમલેટના માલિક અને માણસો પર હુમલો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

મોટાવરાછામાં આવેલ આર્યન આમલેટ સેન્ટર આનંદ ધારા ગેટ નંબર ૦૨ ની સામે સુમેરુ સ્કાય રોડ પર આવેલા આર્યન આમલેટ સેન્ટર માં અસામાજિક તત્વોએ આમલેટ સેન્ટર ના માલિક અને તેમના ભાઈઓ પર જીવલેણ હુમલો કરી દિધો હતો. જાહેરમાં મારામારીનો આ વીડિયો પણ સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો. જોકે ફરિયાદ કરવા છતાં પણ પોલીસે અસામાજિક તત્વો ને પકડ્યા નથી. તેવો ભોગબનનારે આક્ષેપ કર્યો છે.

આર્યન આમલેટ ના માલિક સંજયભાઈ ને ૩ ઈસમો દ્વારા મારમારી પહેલા લોહીલુહાણ કરી દેતા એમના દ્વારા પોલીસ ને બોલાવવા માં આવી હતી. દરમિયાન હુમલો કરનારા ફરાર થઈ ગયા હતા. લોહી લુહાણ હાલત માં સંજયભાઈ ને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેવા ત્યાં થી પોલીસ વાન નીકળી જાય કે તરત જ ફરી એ અસામાજિક તત્વો ફરી વખત હુમલો કાર્યો હતો. આ તોફાન મચાવનારા ઈસમો ની

અનુસંધાન પાના ૭ પર



સુરત શહેર પોલીસ દ્વારા ડીજીપી કપ વોલીબોલ સ્પર્ધા-૨૦૨૪ આજથી પ્રારંભ થયો હતો. (તસ્વીરઃ હનીફ મલેક)

## ન્યુ બમરોલી રોડ જરીના કારખાનામાં આગ લાગી

### મશીનરીને વ્યાપકનું નુકસાન

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

ન્યુ બમરોલી રોડ તિરુપતિ સર્કલ પાસે આવેલ એક ઝરીના કારખાનામાં ગત રાત્રે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત રાત્રે ૨:૦૦ વાગ્યાના અરસામાં ન્યુ બમરોલી રોડ તિરુપતિ સર્કલ પાસે આવેલ આકાશ ઈન્ડસ્ટ્રીયલ ખાતા નંબર ૧૬૩ ના બિલ્ડીંગ ના બીજા માળ પર બીપીન અગ્રવાલ ના જરીના કારખાનામાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આ કારખાનામાં સાત જરીના મશીનો હતા. આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ભેસ્તાન ભીમરાડ અને મજુરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસરો અને ફાયર જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતાં. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને ઝરીના કારખાનામાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગને કારણે જરીના બોબીન, યાન ,ફર્નિચર અને વાયરીંગને નુકસાન પહોંચ્યું હતું.. સદભાગ્ય આ ઘટનામાં કોઈને જાનહાની કે દાઝ્યું ન હતું.

## રેશન કાર્ડ સાથે આધાર અપડેટમાં પડતી હાલાકી અંગે કલેક્ટરને રજૂઆત

### કામગીરીનું વિસ્તરણ કરવા માંગ કરાઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

રેશનકાર્ડ સાથે આધાર કાર્ડ અપડેટ કરવા તેમજ કેવાયસી કરવામાં ધીમી કામગીરીથી લોકોને પડતી તકલીફ દૂર કરવા અંગે કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. તેમજ પુરવઠા ઝોનલ કચેરી સહિત અનાજની દુકાનો ખાતેથી પણ આ સિસ્ટમ કાર્યરત કરવા માંગ કરાઈ હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય સુરેશ સુહાગીયાએ કલેક્ટર ને રજૂઆત કરી છે કે, છેલ્લા ઘણા દિવસોથી રેશનકાર્ડ સાથે આધારકાર્ડ અપડેટ કરવા તેમજ કેવાયસી કરવા માટે હજારો લોકો પોતાનું રોજિંદુ કામકાજ છોડી તેમજ સમય બગાડીને પુણા પુરવઠા ઝોન કચેરી ખાતે વહેલી સવારથી જ લાઈન લગાવી ઊભા રહી જાય છે પરંતુ આ કહેવાતા ડિજિટલ ઈન્ડિયામાં પુણા પુરવઠા કચેરી ખાતે સરવરના ધાંધિયા ના કારણે કામગીરી મંથરગતિએ ચાલતી હોય છે જેના કારણે લોકોનું કામ આખો દિવસ લાઈનમાં ઊભા રહેવા છતાં થતું નથી અને ધરમના ધક્કા ખાવા પડે છે આ બાબતે આપ ને અમારી નમ્ર વિનંતી છે કે લોકોનો સમય ન બગડે અને રેશનકાર્ડ સાથે આધારકાર્ડ અપડેટ કરવાની તેમજ કેવાયસી કરવાની કામગીરી ઝડપથી થાય તે માટે એકમાત્ર પુરવઠા ઝોન ઓફિસથી કામગીરી કરવાને બદલે સદર કામગીરીનું વિસ્તૃતિકરણ કરી તમામ સસ્તા અનાજની દુકાનો ખાતેથી રેશનકાર્ડ સાથે આધાર કાર્ડ અપડેટ કરવાની તેમજ કેવાયસી કરવાની કામગીરી કરવામાં આવે એવી અમારી લાગણી અને માંગણી છે.